
# કહાન દેશના



# કહાન દેશના

(પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચનોમાંથી વીણેલાં રત્નો)

卐

: સંકલનકાર :
દીપક મનસુખભાઈ દેસાઈ
સોનગઢ

卐

: પ્રકાશક :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર
સોનગઢ

: પ્રકાશન તિથિ :

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૩૪મી જન્મ-જયંતી

વૈશાખ સુદ-૨, તા. ૨૧-૪-૨૦૨૩

આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે તો ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે. –પૂજ્ય બહેનશ્રી

: ટાઈપ સેટીંગ :

નિજેશ જૈન, સોનગઢ

# પ્રસ્તાવના

'કહાન દેશના' — પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃતનાં આ સંકલનમાં આત્માના સર્વસ્વભૂત ત્રિકાળી સ્વભાવની સન્મુખ થવા માટે અને સંસાર-ભોગથી વિમુખ થવા માટે અત્યંત કરુણાપૂર્વક પૂજ્ય ગુરુદેવશ્રી શ્રોતાજનોને સંબોધે છે. એક એક ઉદ્‌ગારમાં તેમની જીવમાત્ર પ્રત્યેની કરુણાનો સાક્ષાત્ અનુભવ થાય છે. યથાર્થ રીતે સમજવામાં આવે તો અનંત સંસારને પરિત કરવા માટે પૂજ્ય ગુરુદેવશ્રીનો એક જ ઉદ્‌ગાર પર્યાપ્ત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા હતા કે 'સંતોની વાણી મરેલાને પણ જીવંત કરી દે એવી જોરદાર હોય છે.' તેઓશ્રીના પ્રત્યેક વચનામૃતમાં આ વાણીનો અનુભવ થાય છે. અનાદિથી સંસારના ભોગોમાં લિપ્ત થઈ મૃતક્વત્ થઈ ગયેલા જીવને તેઓશ્રીના વચનામૃત અમૃતપાન સજીવન કરે છે અને આત્માના અદ્‌ભુત નિધાન તરફ વાળીને અમર બનાવે છે.

'આત્મા સ્વભાવથી રાગાદિ રહિત છે અને જ્ઞાનાદિ અનંત શક્તિનો પિંડ છે' એ વાત પ્રત્યેક પ્રવચનનું હાર્દ હોવા છતાં સાથે સાથે પર્યાયમાં અનાદિથી જીવની કેવી ભયંકર સ્થિતિ છે અને કેવા કેવા ભીષણ દુઃખો જીવ અનાદિથી ભોગવી રહ્યો છે એ વાત આ શાસ્ત્રમાં સ્પષ્ટ સમજાવી છે કે જેથી જીવ દૃષ્ટિના વિષયના બહાને પણ શુષ્ક થવા જાય તો તેઓશ્રીની વાણીના વજ્ર પ્રહારો તેને શુષ્કતામાં જતાં રોકે છે.

જે જીવ પોતાના આત્માને પ્રાપ્ત કરવા માગે છે તેને દૃષ્ટિના વિષયનું જ્ઞાન કરાવવાની સાથે સાથે સંસારથી કેટલો વૈરાગ્ય હોય, કષાયોમાં કેટલી ઉપશમતા થઈ હોય તથા વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુની કેવી ભક્તિ હોય તેનું પણ અનેક ઉદ્‌ગારોમાં જ્ઞાન પૂજ્ય ગુરુદેવશ્રીએ કરાવ્યું છે. આથી મુમુક્ષુ જીવે તત્ત્વના અંતર પરિણમન માટે વ્યવહાર-પાત્રતારૂપ વૈરાગ્ય, ઉપશમ, ભક્તિ આદિ ભાવોની ઉપેક્ષા નહીં કરતાં, તેનું પણ જીવનમાં અનુસંધાન કરવાનું છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાંથી પ્રેરણાદાયી ઉદ્‌ગારો મેસેજરૂપે પરિવારને મોકલવાનું ચાલું કર્યું હતું તે ઉદ્‌ગારો બીજા સાધર્મીઓને પણ હિતના કારણરૂપ બની શકે એવી ભાવનાથી આ પુસ્તક **digital** સ્વરૂપમાં મુકતાં આનંદની લાગણી અનુભવાય છે. આ સંકલન અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે; તેમ છતાં અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા માગું છું. પ્રૂફરીડિંગ સહયોગી પ્રશમ મોદીનો અને તેમજ ટાઈપ સેટીંગ કરી આપવા બદલ નિજેશ જૈનનો આભાર માનું છું.

પુરુષાર્થપ્રેરણામૂર્તિ સ્વાનુભૂતિ-માર્ગપ્રણેતા પૂજ્ય ગુરુદેવશ્રીને તેમજ પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રીને અત્યંત ભક્તિભાવે કોટિ કોટિ વંદન.

— સંકલનકાર

ॐ

।। परमात्मने नमः ।।

# કહાન દેશના

હે જિજ્ઞાસુ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છો. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો. માટે, સંદેહ ન કર, નિઃસંદેહ થા. વિશ્વાસ લાવ. ૧.

*

સિદ્ધનગરમાં અનન્તા સિદ્ધો બિરાજે છે. તેમણે પહેલા બહારથી નજરનો સંકેલો કર્યો હતો અને અંદરનો વિસ્તાર કર્યો હતો. તું પણ બહારથી સંકેલો કરી નાખ. 'હું તો પૂરણ અભેદ પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી.' એમ ફેર કાઢી નાખનારને ફેર છૂટી જશે. ૨.

*

સારા ઘરની કન્યા આવતી હોય, બે-પાંચ લાખ લઈને આવતી હોય, તો કાંઈક વાને મોળી હોય તોપણ તેનું કહેણ સ્વીકારી લે. અહીં તો ત્રણ લોકના નાથ એના કહેણ આવ્યા છે. અરે! નાથ! તારામાં પ્રભુતા પડી છે, તું ત્યાં જા. એની સાથે લગન કર. તારી શક્તિમાં સિદ્ધની પર્યાય અનંતી પડી છે. એ ભગવાનના કહેણ આવ્યા છે આ! ૩.

*

પુરુષાર્થથી જ્યારે થાય ત્યારે કાળલબ્ધિ ભલે ભેગી હો, મૂળ પુરુષાર્થથી થાય છે. કેમકે વીર્યનું વલણ જે અનાદિથી પર તરફ છે એને સ્વ તરફ વાળવાથી સ્વરૂપ પ્રાપ્તિ થાય છે. એ વીર્યનું સ્વરૂપ, સ્વરૂપની રચના કરે તે એનું સ્વરૂપ છે. ૪.

*

હે ભવ્ય! તું શરીરને ન જો! રાગને ન જો! એક સમયની પર્યાયને પણ ન જો! તારી પાસે તારો પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે, તેને જો. અરે ભગવાન! તું પૂર્ણાનંદ-સ્વરૂપ સમીપમાં જ પડ્યો છે, તે દૂર કેમ રહી શકે? ૫.

*

અરે! આવો કાળ મળ્યો, ભાઈ! સંસારમાં તો અનાદિથી રખડે છે, એમાંથી તરવાનો ટાઈમ મળ્યો છે. વાદ-વિવાદ કરવાનો આ ટાઈમ નથી. થોડો કાળ મનુષ્યભવનો મળ્યો છે, અરે! એમાં પોતાનું કામ ન કરે તો પછી ક્યારે કરશે એ? વાદ-વિવાદની ને એવી વાતો મૂકી દે ને ભાઈ! ૬.

*

આનંદસ્વરૂપ ભગવાન આત્મા! એને અહીંયા સરાણે ચડાવવો છે. અંતરના સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની પર્યાય એના અવલંબે પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એ કાંઈ વ્યવહાર રત્નત્રયના વિકલ્પથી પ્રગટ થાય એવી ચીજ નથી. કેમકે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે છે એનો તો સ્વરૂપમાં અભાવ છે. ૭.

*

અહો! ૨૫-૨૫ વર્ષના રાજકુમારો, માતા પાસે સંયમ લેવા રજા માગે છે, હે શરીરની જનેતા! મને આજ્ઞા દે. મારા આનંદ સ્વરૂપને સાધવા હું નિવૃત્તિ લઉં છું. માતા! આ ચાર ગતિના દુઃખોની સંતો વાત કરે છે, હવે સાંભળ્યા જતાં નથી. અરેરે..! એ વખતે કેવી રીતે સહ્યા હશે!! માતા! એક તને રોવરાવું છું હોં, ફરીને મા નહિ કરું. ૮.

*

પોતાનો જ્ઞાન ઉપયોગ જે પર તરફ અનાદિથી ઝુકેલો છે, તે જ્ઞાનને અંતરમાં વાળીને શુદ્ધ ધ્રુવમાં એકત્વ થવું, તે પર્યાય જે પ્રગટ થઈ તેનું નામ આત્માની અનુભૂતિ, આત્માને અનુસરીને થનારી વીતરાગી જ્ઞાન અને વીતરાગ દશા એ ખરેખર સમસ્ત જિનશાશનની અનુભૂતિ છે. દ્રવ્યશ્રુત છે તે વિકલ્પાત્મક રાગાદિ છે. ૯.

*

જેને જ્ઞાયક તરફના આશ્રયની દૃષ્ટિ નથી અને દેવ-ગુરુ-શાસ્ત્ર કે સંમેદશિખર કે શત્રુંજય એના ઉપર લક્ષ કરીને પરજ્ઞેયમાં આસક્ત થઈ એ સંબંધીના જ્ઞાનના ક્ષયોપશમમાં અને એ સંબંધીના રાગમાં અને એ સંબંધીમાં ખંડ ખંડ જ્ઞાન જે જ્ઞેયમાં આસક્ત થયેલું છે, તેને વેદે છે, એને પરજ્ઞેયનું વેદન છે, એને સ્વજ્ઞેયનું વેદન નથી. ૧૦.

*

રાજનો સેવક રાજાના વિરોધીનો સંસર્ગ કરે, પરિચય કરે, આવકાર કરે, તે રાજાનો વિરોધી છે, એ રાજાનો આરાધક નહિ; એમ ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ, એના વિરોધી મિથ્યા અભિપ્રાય અને રાગ-દ્વેષ એનું પરીણમન કરે, સંસર્ગ કરે તે આત્માનો આરાધક નહિ. રાગાદિ વિરોધી ભાવથી ભિન્ન પડીને નિજ શુદ્ધ આનંદમાં અને જ્ઞાયકમાં પરિણમે છે એ આત્માનો આરાધક છે. ૧૧.

*

સંપ્રદાયના ગુરુ બહુ મીઠા હતા. બીજા સાધુ સૂતા સૂતા વાંચે, તો કહે, ભાઈ! આપણને આમ શોભે નહિ. તેમ આચાર્ય કરુણાબુદ્ધિથી કહે છે, ભાઈ! રાગને પોતાનો માનવો, રાગથી લાભ માનવો, ભગવાન! આપણાં ઘરની શોભા નહિ. ૧૨.

*

કંદમૂળ ન ખાવા, લીલોતરી ન ખાવી, બ્રહ્મચર્ય પાળવું, રાત્રે ચોવિહાર છોડવો, જોઈને ચાલવું, દયા પાળવી એ ધર્મ નથી. એ બધી લૌકિક ગધેડા જેવી વાતો છે - ગધામજૂરીની વાત છે, ભગવાનના ઘરની વાત નથી. ભગવાન તો એમ કહે છે કે એવા વિકલ્પથી જુદો પડ. એ રાગ છે, વિકાર છે, મેલ છે, ઝેર છે, દુઃખ છે. આહાહા..! ભગવાન એ તારી ચીજ નહિ, તારું રૂપ નહિ, એનાથી જુદો પડતાં સમ્યક્જ્ઞાન થાય. ૧૩.

*

જેમ સ્વર્ગમાં નરકના દુઃખની હયાતી નથી, નરકમાં સ્વર્ગના સુખની ગંધ નથી, એક પરમાણુમાં પીડા નથી, સૂર્યના પ્રકાશમાં અંધારાની ગંધ નથી, તેમ ભગવાન આત્મામાં વિકારની ગંધ નથી. ૧૪.

*

અરેરે! આ દેહ છૂટી જશે, ભાઈ! ઉતારા ક્યાં કરીશ? તારી જ્ઞાયકચીજની દૃષ્ટિ ન કરી ને રાગના પ્રેમમાં રોકાઈ ગયો તો ચોર્યાશીના અવતારમાં રખડીશ. જેને રાગનો રસ છે તે તો મિથ્યાત્વમાં-પરિભ્રમણમાં રહેશે અને જેને આત્માનો રસ છે તે તો સાદિ-અનંતકાળ આત્મામાં-સુખમાં રહેશે. ૧૫.

*

શરીર-ધન-મકાન આદિ અનુકૂળતા દેખીને તને વિસ્મયતા અને કુતૂહલતા આવે છે, તો ભગવાન આત્મા મહિમાવંત પદાર્થ છે, અજાયબઘર છે, તેનું કુતૂહલ તો કર! ભગવાન સર્વજ્ઞદેવે જેનાં આટલાં આટલાં વખાણ ને મહિમા કર્યાં છે એવો આત્મા કેવો છે તેને દેખવા કુતૂહલ તો કર! ૧૬.

*

બીજાની સાથે લડવું, જીતવું ને બીજાને બિચારાને પાછા પાડવા એ તો કાયરનું કામ છે. આત્મામાં ઊતરવું એ શૂરવીરતા છે. ૧૭.

*

શરીર-મન-વાણીની પ્રીતિ તે તેનું સેવન છે. હવે તું તેનું સેવન છોડીને શુદ્ધાત્માનું સેવન કર, પ્રીતિ કર, તેમાં એકાગ્ર થા, તને પરમ સુખ થશે. તું ભગવાન છો! પામરતાનું પડખું ફેરવી નાખ! ૧૮.

*

'શરીર મારું, સ્ત્રી મારી, પુત્ર-પૈસા મારા' એમ તું શરીરના પડખે સૂતો છે, પણ ત્યાં કષાય સળગી રહ્યો છે. તેથી, ત્યાંથી પડખું ફેરવીને શુદ્ધાત્મ-પરમાત્મસ્વરૂપને પડખે આવ, તને પરમ શાંતિ અનુભવાશે. ૧૯.

*

પર્યાયબુદ્ધિવાળો જીવ સંયોગમાં જ સુખ માને છે, અંતરના સ્વભાવની દૃષ્ટિ કરતો નથી, પણ રાગાદિ વર્તમાન પરિણામમાં તથા બહારના વિષયોમાં તે સુખ માને છે. ૨૦.

*

રાજા થાય તો રાજ્યપદમાં સુખ માને છે ને વિષ્ટાનો કીડો થાય તો વિષ્ટામાં સુખ માને છે, પણ 'હું તો સિદ્ધ જેવો ચિદાનંદ સ્વભાવી છું' –એવું ભાન અજ્ઞાની કરતો નથી. ૨૧.

*

જેમ ઘાણીમાં તલ પીલાય તેમ ૮૪ લાખ યોનિના દુઃખોમાં તું અનંતવાર પીલાતો રહ્યો છો. આનંદના નાથને પુણ્ય-પાપની ઘાણીમાં કચરી નાખ્યો છે. જો હવે તું દુઃખથી છૂટવા માગતો હો, સિદ્ધસુખના હિલોળે હિંચકવા માગતો હો, તો આત્મજ્ઞાન કરીને નિજપદને પ્રાપ્ત કર. ૨૨.

*

ભગવાન એમ કહેતા નથી કે તારી કાળલબ્ધિ પાકશે ત્યારે પુરુષાર્થ થશે. અમે કહીએ છીએ તેમ તું પુરુષાર્થ કર તો તારી કાળલબ્ધિ પાકી જ ગઈ છે, એમ ભગવાન કહે છે. ૨૩.

કુંદકુંદ આચાર્ય કહે છે કે, અમારા માલના ઘરાક કોણ હોય કે જેણે હૃદયમાં સિદ્ધ ભગવાનને બિરાજમાન કર્યા છે, તે અમારા ઘરાક હોય. ૨૪.

*

આત્મસ્વભાવનો અનંતો અનાદર અને અનંતા પર દ્રવ્યોની કર્તાબુદ્ધિ, એવા મિથ્યાત્વભાવને છેદવા માટે અનંત અચિંત્ય પુરુષાર્થ માગે છે. મહાન પુરુષાર્થરૂપી ઘણના ઘા વડે એનો છેદ થઈ શકે છે. ૨૫.

*

મારું તત્ત્વ સદાય મને અનુકૂળ જ છે. જેટલી ચૈતન્ય-કલ્પવૃક્ષની એકાગ્રતા કરું એટલું મળે જ છે. મારે બીજાની જરૂર નથી. ૨૬.

*

ઘંટીના બે પડ વચ્ચે જેમ દાણો પીલાઈ જાય છે, તેમ અનાદિથી પુણ્ય અને પાપ બે ભાવના ચક્રમાં એ પીલાઈ રહ્યો છે. ૨૭.

*

ભાઈ! તું સંસારના પ્રસંગોને યાદ કર્યા કરે છે, પણ તું પોતે પૂર્ણાનંદનો નાથ અનંત ગુણરત્નોથી ભરેલો મહાપ્રભુ સદાય એવો ને એવો જ છો, તેને યાદ કર ને! એ એક જ તને સુખ-શાંતિનું કારણ થશે. ૨૮.

*

અરેરે! તત્ત્વની આવી વાત જીવને ક્યાંય સાંભળવા પણ ન મળે! જીવન ચાલ્યું જાય છે, મોતનાં નગારાં માથે વાગે છે. એક સમય એવો આવશે કે તારું આ રૂપાળું શરીર ધૂળ-રાખ થઈ જશે. પહેલાં ચેતવણી આપીને મોત નહિ આવે કે, 'હું આવું છું, તૈયારી કર.' દેહ જડ છે, સંયોગી છે, તે તો તેની મુદત પૂરી થતાં છૂટો પડી જ જશે. ૨૯.

*

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પુદ્ગલથી ઉત્પન્ન થયેલા છે. પુદ્ગલ એટલે અચેતન છે. એમાં ચેતનનો પ્રકાશ નથી. જ્ઞાન..જ્ઞાન..જ્ઞાન..જ્ઞાન વ્યાપ્ત એટલો આત્મા. એ જ્ઞાનમાં રાગ પેસતો નથી ને રાગમાં જ્ઞાન પેસતું નથી. ૩૦.

*

આખી દુનિયા ગમે તેમ હો, પણ મારો ભગવાન તો મારી પાસે જ છે. મારે તો સદાય લાભ જ છે, અલાભની વાત જ મારે નથી. ૩૧.

*

જેણે પોતાની મતિમાં આત્માને વસાવ્યો તેની ગતિમાં તે પરમાત્મા જ થાય છે અને જેણે પોતાની મતિમાં પુણ્ય-પાપ વસાવ્યા તેને ચાર ગતિ જ મળે છે. ૩૨.

*

દિગંબરસાધુના લોચના વાળને ભેગા કરે તો અનંતા ડુંગરા ભરાય એટલી વાર દિગંબર સાધુ પણ થયો છે, પણ એ સમ્યગ્દર્શનને સમજ્યો નથી. એવી ક્રિયાઓ અનંતવાર કરી છે, પણ સમ્યક્ પામ્યો નહિ. ૩૩.

*

જેણે એ પુણ્ય-પાપના ભાવ અને તેના ફળ – આ પૈસા-ધૂળ આદિ, સ્ત્રી, કુટુંબ મારી ચીજ છે એમ માન્યું છે, એ મિથ્યાદૃષ્ટિના માથે અનંત ભવ છે. કીડા, કાગડા, કૂતરાના અનંત ભવનો માથે બોજો પડ્યો છે. ૩૪.

*

મનની બહારનો ઘણો બોજો ઘટાડી નાખે ત્યારે મનથી અંદરના વિચારમાં રોકાય અને ત્યાંથી પણ પછી ખસીને અંદર સ્વભાવના મહિમામાં રોકાય, તેને આનંદનો અનુભવ થાય, તેને સમ્યગ્દર્શન કહે છે. ૩૫.

*

ભગવાન આત્મા ત્રણલોકનો નાથ છે, પણ કોડી-કોડી માટે ભીખારો થઈને ફરે છે. ૩૬.

ભાઈ ! અનંત અનંતકાળ પરિભ્રમણ કરતાં થયા, પણ એને થાક લાગ્યો નથી. એને ભાન પણ ક્યાં છે? એ વિચારે પણ ક્યાં છે? બાળકપણું રમતમાં જાય, યુવાની આવે ત્યાં સ્ત્રીમાં ખોવાય, વૃદ્ધાવસ્થા આવે ત્યારે થઈ રહ્યું, પછી રોવે. ૩૭.

*

આહાહા..! ભાઈ ! તારે જન્મ-મરણ ટાળવા હોય, ચોર્યાસીના ભવનો અંત લાવવો હોય, તો ચૈતન્ય સહજાત્મસ્વરૂપ, સહજાત્મપ્રભુ, એનો નિરંતર અંતર્મુખ થઈને અભ્યાસ કર, અનુભવ કર. ૩૮.

*

અરેરે..! એને મનુષ્યપણું માંડ મળે અનંત કાળે, એમાં વળી પાપના પ્રસંગમાં રોકાય જાય, અને એમાં અહીં પ્રસંગ મળ્યો તો પુણ્યની ક્રિયામાં રોકાઈ ગયો, એ ધર્મ છે એમ માને. થઈ રહ્યું ! મરી ગયા એવી મિથ્યા માન્યતામાં જ ! આહાહા..! ૩૯.

*

માથાનો કાપનાર, કંઠનો છેદનાર, પોતાનું જેટલું અહિત નથી કરતો તેટલું અહિત પોતાનો ઊંધો અભિપ્રાય કરે છે. જગતને પોતાના ઊંધા અભિપ્રાયની ભયાનકતા ભાસતી નથી. ૪૦.

*

એ... ઢોર પણ સાંજે બારણાં બંધ હોય તો અંદર જવા માટે માથા મારે, તો નિજ ઘરમાં જવા માટે રાગથી ભિન્ન પડીને માથા માર અંદરમાં. આહાહા! પહેલાં જ્ઞાન તો કર, શ્રદ્ધા તો કર કે માર્ગ આ છે. સમજાણું કાંઈ ? ૪૧.

*

આહાહા..! સાધારણ માણસ થવું એ જ અનંતે કાળે મુશ્કેલ, એમાં પણ જિનવાણીનો યોગ થાય એવો માણસ થાય, આહાહા! એવું ભાગ્યે જ બને. એવું

થયું છતાં એ સમજ્યો નહિ. સમજાણું કાંઈ? કારણ કે મુખ્ય-ગૌણની કઈ શૈલી છે, કોને મુખ્ય કરીને આદરવાયોગ્ય છે તે દૃષ્ટિમાં લીધું નહિ. ૪૨.

*

જગતની ચિંતા છોડીને જેને આત્માની ચિંતાની પકડ પણ થઈ કે 'અહો! મારા આત્માને અનંતકાળથી ઓળખ્યો નથી, માટે સત્સમાગમે આત્માને જાણીને તેનું જ ધ્યાન કરવાયોગ્ય છે.' —આવી આત્માની ચિંતાનો પરિગ્રહ કરે, પકડ કરે તેનું જીવન પણ પ્રસંશનીય છે. ૪૩.

*

દ્રવ્યને પહોંચવામાં કેટલી ધીરજ હોય ત્યારે પહોંચી શકે છે. બહારથી બહેરો, બહારથી મૂંગો અને બહારથી આંધળો થઈ જાય છે. ૪૪.

*

મનુષ્યપર્યાયની એક એક ક્ષણ મોટા કૌસ્તુભમણિથી પણ કિંમતી છે. આમાં ચોર્યાશીની ખાણમાંથી નીકળવાનું કરવાનું છે. ૪૫.

*

આ અબદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોસ્વરૂપ આત્માની અનુભૂતિ તે જ જ્ઞાનની અને તે જ સમસ્ત જિનશાશનની અનુભૂતિ છે. પ્રભુ! મહાવિદેહમાં ભગવાનના સમવસરણમાં ગણધરો, ઇન્દ્રો જેને સાંભળે છે એવી વાણી સાંભળવા મળે એમાં પણ ભાગ્ય જોઈએ! બહુ પાત્રતા અને સમજવાની લાયકાત જોઈએ! ૪૬.

*

ધર્મ સાંભળવાના જોગે દરકાર કરી નહિ ને બે ઘડી કદાચ ક્યાંય સાંભળવા ગયો હોય પણ પાછી ૨૩ કલાક હોળી સળગતી હોય. આહાહા! એ ૨૩ કલાકના તારા પાપની સામે બે ઘડીના પુણ્ય બળી જવાના. પ્રભુ! વિચાર કર. ૪૭.

*

ભગવાન આત્મા દેહ દેવળમાં બિરાજમાન સત્ ચિદાનંદ પ્રભુ છે, એની સામું જો! અંદરમાં નિધાન ભર્યાં છે! આહાહા...! એ બહારની હોંશ ને હરખ આડે અંદરના નિધાન જોવા નવરો થતો નથી. ૪૮.

*

પરમાત્મા તો એમ કહે છે કે જેને ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાય છે અને ધર્મ નથી, આત્મજ્ઞાન નથી, તેમ કષાયની મંદતા પણ નથી –એવા જીવો મરીને તિર્યંચ એટલે કે ઢોર થાય. ૪૯.

*

જેમાં જેને રુચિ હોય તેનો વાયદો ન હોય. એમ જો આત્માની રુચિ હોય તો એને વાયદો ન હોય કે પછી કરીશ.. પછી કરીશ... પછી કોઈ દિ' પહેલું થાય નહિ ને એમ ને એમ મરીને હાલ્યો જઈશ ચોર્યાશીના અવતારમાં. ૫૦.

*

અહો! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક જ છે, એ એને ભાસમાં આવે, ગમે તેવા પ્રસંગમાં પણ 'હું જ્ઞાયક છું... જ્ઞાયક છું' એમ ભાસમાં આવે, જ્ઞાયકનું લક્ષ રહે, તો તે તરફ ઢળ્યા જ કરે. ૫૧.

*

સ્ત્રી, પુત્ર, પૈસા આદિમાં રચ્યા-પચ્યા રહેવું એ તો ઝેરીલો સ્વાદ છે, સર્પનો મોટો રાફડો છે; પણ શુભભાવમાં આવવું તે પણ સંસાર છે. પરમ-પુરુષાર્થી મહાજ્ઞાનીઓ અંદરમાં ગુમ થયા તે બહાર ન આવ્યા. ૫૨.

*

આયુષ્યની સ્થિતિ પૂરી થાય તે પહેલાં આયુષ્ય વિનાનો ભગવાન, એને જાણી લે, એને જાણ્યા વિના તારા આરા આવવાના નથી. ૫૩.

*

પ્રભુ! તું તો વીતરાગસ્વરૂપે જ છો, રાગરૂપે કદી થયો જ નથી. તેમાં પ્રસન્નચિત્ત ને જ્ઞાનની પરિણતિને નિર્મળ કરીને અંદર સાવધાન થા. 'સમય વર્તે સાવધાન' કહે છે ને? તેમ અહીં ટાઈમ થઈ ગયો! 'અંદરમાં જા'. ૫૪.

*

જેને સર્વજ્ઞ પરમાત્મા કેવળીની સ્તુતિ કરવી હોય તેને આ ભગવાન આત્મા આનંદ અને કેવળજ્ઞાનથી ભરેલો છે એની સ્તુતિ કરવી. સ્તુતિ એટલે રાગ અને નિમિત્તથી ભિન્ન પડી અને સ્વભાવમાં એકતાની ભાવના કરવી. આહાહા..! એ એક નિશ્ચયસ્તુતિ. ૫૫.

*

આકાશના અનંત પ્રદેશ કરતા અનંતગુણા ગુણ તો એક જીવમાં છે. આવું બધું એણે જાણવું જોઈએ, ભાઈ! નહિતર તો એના નિવેડા નહીં આવે. બાપા! નિગોદમાં એક શ્વાસમાં અઢાર ભવ! બાપુ! એ શું છે, ભાઈ! રત્નકરંડ શ્રાવકાચારમાં તો લખ્યું છે કે નરકમાં તેં એટલું દુઃખ સહન કર્યું કે તારી એક ક્ષણનું દુઃખ કરોડ જીભે ને કરોડ ભવે ન કહી શકાય. એવા દુઃખમાં તેત્રીસ-તેત્રીસ સાગર તું ત્યાં રહ્યો. ૫૬.

*

ભાઈ! એને ટાણા મળ્યા મનુષ્યભવમાં, એવા ટાણામાં જો આત્માનું ન કર્યું તો કે દિ' કરીશ? માંડ પાંચ-પચાસ વર્ષનું આયુષ્ય. બાકી અનંતકાળ નિગોદ... નિગોદ... નિગોદ. અનાદિનો આત્મા એના પરિભ્રમણમાં કોઈ ક્યાંય સહાય થયું નથી. એકલો જન્મ્યો ને એકલો મર્યો. સમજાણું કાંઈ? ૫૭.

*

અરે પ્રભુ! તું અમૃતકુંડમાં રહેનારો આત્મા, ચમારકુંડ જેવા મૃતક-કલેવર ને પુણ્યાદિને 'મારા મારા' કરીને તેમાં મુર્છાઈ ગયો! ૫૮.

*

આહાહા! આ તો પોતે સમજીને અંદરમાં સમાઈ જવાની વાત છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન છે ત્યાં જા, તને આનંદની દશા ઉત્પન્ન થશે, વીતરાગતા થશે. ૫૯.

*

ભાઈ! તું શરીર સામું ન જો! તારા વિકલ્પ મફતમાં જાય છે ને આત્માનું કાર્ય પણ થતું નથી. શરીર દગો દેશે. ભાઈ તારા આત્માનું કરવાનું છે તે કરી લે. ૬૦.

*

એ જીવ અનાદિકાળનો બળ્યો, ઝળ્યો, રખડતો દુઃખી થયેલો, હવે માંડ એને વિસામાના ટાણા મનુષ્યમાં મળ્યા. એમાં જો વિસામો આત્માને સમજવાનો આ રીતે ન કર્યો તો ક્યાંય એને સુખના સાધન પ્રગટશે નહિ. ૬૧.

*

ભાઈ! તેં પરમાં બહુ ઝાંવા નાખ્યા, હોં! જ્યાં નથી ત્યાં ધુમાડાના બાચકામાં હાથ નાખ્યા. તારો કાળ મફતમાં ગયો. આહાહા! શરીર, બાયડી, છોકરા, પૈસા, કુટુંબ, હજીરા, આબરૂ ધૂળમાં સુખ છે તેમ માનીને મરી ગયો. જ્યાં આનંદ છે ત્યાં તારો વિશ્વાસ નથી અને જ્યાં આનંદ નથી ત્યાં તારો વિશ્વાસ ગયો. હવે એનું શું કરવું? એમ કહે છે. આહાહા..! ૬૨.

*

અરે! અનંતેકાળે આવો મનુષ્યદેહ મળે. આ મનુષ્યભવ એ તો આત્મ-કલ્યાણ કરવાની મોસમ આવી છે. ભાઈ! તે ચૂકીશ નહિ. ૬૩.

*

ધર્મસ્થાનમાં પંખા રાખો એમ લોકો કહે છે, જેથી હવા આવે. અરે ભગવાન! એટલી થોડી પ્રતિકૂળતા પણ સહન થતી નથી તને? અને તે પણ ધર્મશ્રવણના કાળમાં! ભવિષ્યમાં ક્યાં જઈશ? અનંતકાળ પ્રતિકૂળતા હશે ત્યાં અવતરીશ. આહાહા! અનંતભવમાં અનંતકાળ મનુષ્ય નહીં થાય એવા અવતારમાં

જઈશ. બાપા! એક સહેજ પણ પ્રતિકૂળતા ગોઠતી નથી. આ હવા નથી આવતી એ પ્રતિકૂળતા ઉપર દ્વેષ છે એને અને દ્વેષમાં ઠીક માને છે, એ મહા મિથ્યાત્વનું પાપ છે, જેના ફળમાં એ અનંત ભવભ્રમણ કરશે. પણ જગતને એનો ખ્યાલ નથી! ૬૪.

*

પ્રભુ! અંદર ભગવાનની સામું તેં કોઈ દિ' જોયું નહિ અને ભગવાનના વિરોધી વિકાર ને સંયોગની સામું મોં તાકીને બેઠો કે આમાં મને મજા, આમાં મને સુખ. અનાદિકાળથી પરમાં સુખ માનીને તારો અનંતકાળ ગયો. ભાઈ! એ અંતરમાં ભગવાનને જોવાનો કાળ તારો આવ્યો છે હવે. ૬૫.

*

જે કોઈ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે એ આત્માને જાણે. એટલે? – દ્રવ્ય પણ મારું એના જેવું, ગુણ પણ મારા એના જેવા, પર્યાય મારી એના જેવડી નથી માટે એ પોતે દ્રવ્ય તરફ ઢળે છે. ૬૬.

*

જેને આ રાગના પ્રેમ છે એ વારંવાર ભવ ફેરવ્યા જ કરે છે. નિગોદના જીવ એક શ્વાસમાં અઢાર ભવ કરે. પ્રભુ! એવા નિગોદના ભવ પણ તેં અનંતીવાર કર્યા છે. એ ભવભ્રમણના દુઃખોનો ત્રાસ પણ તને ન આવ્યો. હવે તો ચેત, ભાઈ! ૬૭.

*

જેને શરીરની સુંદરતામાં રુચિ છે, આબરૂમાં રુચિ છે, જેને પાપના પરિણામમાં મીઠાશ છે અને પુણ્યના પરિણામમાં રુચિથી રોળાઈ ગયો છે, એને ભગવાન આત્માની રુચિ કેમ થાય? ૬૮.

*

બહારથી મરી જાય ત્યારે અંદર જીવતો દેખાય તેવું છે. રાગથી મરી જાય ત્યારે ધ્રુવ જણાય એવો છે. ૬૯.

*

શાસ્ત્રનું જ્ઞાન હોવા છતાં પ્રયોજન જેનું બીજું છે તે જ્ઞાન પણ અજ્ઞાન છે. જેનું જ્ઞાન થયું એનું પ્રયોજન તો જ્ઞાતાપણે રહેવું એ છે, એને ઠેકાણે જ્ઞાન થયું તેને બહારની પ્રશંસા ને મહત્તામાં લઈ જવું એ જ્ઞાન જ નથી. સાચું જ્ઞાન બરાબર હોવા છતાં એ વડે અયથાર્થ પ્રયોજન સાધે એટલે કે માન ને મોટપનું પ્રયોજન સાધે, સભા રાજી થાય ને એથી પોતે પણ રાજી થાય કે 'મને કાંઈ આવડે છે, દુનિયામાં મારી વાત બહાર આવી માટે હું કંઈક મોટો છું,' એ મિથ્યાજ્ઞાન છે. ૭૦.

*

આ સાધારણ જીવો બિચારા પૂજા ને ભક્તિ, વ્રત ને તપ કરે, પણ મરી જવાના. સાધારણ શુભભાવ હોય એને, પછી એનો ઉત્સાહ કરે અને બીજા કરતા ભક્તિમાં અને પૂજામાં મારી વિશેષતા છે એ બતાવવા જરી હોંશ કરે, એ મરી જવાના. ૭૧.

*

ભગવાનની ધર્મકથામાં સાંભળતી વખતે લક્ષ બીજે જવું એ અનાદર છે. એકાવતારી ઇન્દ્રો જેને સાંભળતા હતા એવી પ્રભુની દિવ્યધ્વનિ છે આ. ભાઈ! આ કાંઈ કોઈની વાણી નથી. નિયમસારમાં કહ્યું છે કે દિવ્યધ્વનિ સકળ જનને શ્રવણના સૌભાગ્યથી મળે છે. ૭૨.

*

જે રાગને ઉપાદેય માનીને રાગમાં રુચિ કરીને પડ્યા છે, એને આત્મા હેય છે. ભગવાન! આ વાત ઝીણી છે. ૭૩.

*

સોનગઢમાં ઘણા વર્ષો પહેલાં એકવાર જંગલમાં ગયા હતા. ત્યારે કહ્યું, 'પ્રભુ! એક મુનિને અહીંયા ઉતારો તો ખરા! અમે જોઈએ તો ખરા કે મુનિ કેવા હોય!! અરે પ્રભુ! સંત ભાવલિંગી મુનિ એ ક્યાં છે! એકવાર તો નીચે ઉતરે. સિંહ પાસે ઉતર્યા, અમારી પાસે નહિ?' ૭૪.

આ શરીરના ચાળા જુઓ! નિરોગ શરીર ક્ષણમાં રોગરૂપે પરિણમી જાય છે. શરીરના રજકણો જે કાળે જેમ થવાના હોય તેમ થવાના જ, એમાં કોણ ફેરફાર કરી શકે? શરીરના પરમાણુને કેમ રહેવું એનું તારે શું કામ છે? તારે કેમ રહેવું તેનું તું સંભાળને! ૭૫.

*

આજે તો બળેવ (રક્ષાબંધન) છે ને! સાતસો મુનિની ઉપર બલિએ ઉપસર્ગ કર્યો હતો, તે વિષ્ણુકુમાર મુનિએ વાત્સલ્યના ભાવથી વિક્રિયાઋદ્ધિથી વામન બ્રાહ્મણનું રૂપ બનાવીને દૂર કર્યો હતો. મુનિને યોગ્ય કાર્ય નહોતું, પણ મુનિદશામાં શુભભાવમાં વાત્સલ્યમાં કરુણાનો એવો ભાવ આવ્યો હતો, એટલે તેમની પ્રશંસા કરવામાં આવે છે. ૭૬.

*

કેટલાકને એમ થાય કે આ ગજા ઉપરાંતની વાત છે! અરે! ગજા ઉપરાંત શું? એક સમયમાં કેવળજ્ઞાન લ્યે એટલું એનું ગજું છે. આ તો હાથી ઉપર ફૂલ મૂકવા જેવી હળવી વાત છે. ૭૭.

*

આહાહા..! જગતને સત્ય મળ્યું નથી અને સત્ય મળ્યું ત્યારે તેનો અનાદર કરી નાખ્યો છે. એ નહીં, એ નિશ્ચય! ઊંચું એ નિશ્ચય! એ ઊંચું એમ કહીને અનંતકાળ એણે મિથ્યાત્વની સેવામાં ગાળ્યો, પણ આત્મસેવા કેમ થાય તેની ખબરું પણ એણે કરી નહીં. ૭૮.

*

ભાઈ! આ તો આત્માની 'ભાગવત કથા' છે. એ સાંભળવામાં પણ એને ઘણી યોગ્યતા અને એકાગ્રતા જોઈએ. ૭૯.

*

સમયસારની ૧૪૪મી ગાથા ગજબ છે. સરકાર ૧૪૪મી કલમ લગાડે છે ને? બે-ચાર માણસો એકઠા ન થવું નહીંતર દંડ થશે. એમ આ ૧૪૪માં વિકલ્પથી -રાગથી આત્મા એક નથી થતો. એમ ૧૪૪મી કલમ છે ભગવાનની. સરવાળો પણ ૧૪૪નો ૯ છે. ૧+૪+૪=૯. આહાહા..! આ વીતરાગભાવને બતાવે છે. ૮૦.

*

પ્રભુ! ભગવાન આત્મા! ભાઈ! ચોર્યાસીમાં અવતરવાને યોગ્ય જ નથી તું. તું તો પરમાત્મપદની પ્રાપ્તિને યોગ્ય છો. કોઈપણ ભવ કરવો અને ભવનો ભાવ થાય એ તારો સ્વભાવ જ નથી. ભવ અને ભવના ભાવરહિત છો ને, પ્રભુ! એને વિકલ્પ છોડીને પ્રાપ્ત કર. ૮૧.

*

મનુષ્યપણાની એક-એક ઇન્દ્રિય અનંત કરોડ મણિરતન આપે તો મળે નહિ, એવો અમૂલ્ય મનુષ્યભવ છે. એમાં જો સાચી સમજણ, સાચી શ્રધ્ધા ન કરી તો મનુષ્યપણું આવ્યું ન આવ્યું બરાબર છે. કીડી ને કાગડાને મનુષ્યપણું મળ્યું નથી આને મળ્યું છે, તેમાં ફેર શો? સોયમાં જેમ દોરો પરોવ્યો હોય તો હાથ આવે, તેમ સમ્યક્ જ્ઞાનરૂપી દોરો જેની પાસે હશે તે ચાર ગતિમાં નહીં જાય. ૮૨.

*

ભવના ચક્રનો અંત લાવવાનો કાળ છે ને, પ્રભુ! આહાહા..! આ ભવ અનંત ભવના અભાવ માટે છે. આ ભવ ભવમાં રમવા માટે નથી. ૮૩.

*

નિજ આનંદના અનુભવપૂર્વક, દેવ, મનુષ્ય, પશુ અને અચેતન એ ચાર કૃત કોઈ પ્રતિકૂળતા આવી જાય તો ત્યાં જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું અને વિકલ્પ ઉઠાવવો નહિ, એનું નામ ઉત્તમ ક્ષમા છે. ૮૪.

*

જેને અંતરમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અભાવ થયો, સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થયા, તે પણ પોતાની પર્યાયમાં પોતાને કેવળજ્ઞાન અને મહાશ્રુતજ્ઞાનીની અપેક્ષાએ તણખલા સમાન માને છે એ નિર્માની છે. ૮૫.

*

શુદ્ધોપયોગમાં સમ્યક્જ્ઞાન થાય છે. આહાહા...! ત્યાં તો એ શુભાશુભ પરિણામ રહિત નિજ આત્મા પવિત્ર આનંદસ્વરૂપ છે, એવું ભાન થયા પછી સ્વરૂપમાં આનંદની રમણતા થાય છે, એમાં સરળતા થાય એટલે વક્રતાનો અભાવ થાય, તેને ઉત્તમ આર્જવધર્મ કહે છે. ૮૬.

*

તૃષ્ણા એટલે ભવિષ્યની ચાહના અને લોભ એટલે વર્તમાન પદાર્થની પ્રીતિ, એનો જેને ત્યાગ છે અને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત પોતાના આનંદસ્વભાવમાં સંતોષથી રહેવું, સુખના સ્વાદમાં રહેવું, આહાહા...! એનું નામ ઉત્તમ શૌચ-નિર્લોભ ધર્મ છે. ૮૭.

*

રાગથી રહિત પોતાનું જિનસ્વરૂપ, વીતરાગસ્વરૂપ સત્ય છે, એના આશ્રયે વીતરાગતારૂપે પરિણમવું, સત્ય સ્વભાવપણે પરિણમવું, એ સત્યધર્મ છે. વીતરાગનો પંથ કોઈ અલૌકિક છે. ૮૮.

*

યતિ નામ સ્વરૂપની યત્ના કરે છે, એમાં બાહ્યની યત્નાનો વિકલ્પ હોય છે તો કોઈપણ પ્રાણીનું અહિત થાય એવો ભાવ ન કરે અને ગમન, આગમન આદિ કાર્યોમાં પ્રમાદનો ભાવ છોડે તેને સંયમ હોય છે. ૮૯.

*

ઉપ-વાસ. ભગવાન આનંદસ્વરૂપ, તેની ઉપ નામ સમીપ રાગથી રહિત થઈને સ્વભાવની સમીપ વસવું અને એમાં ઉગ્ર પુરુષાર્થથી ઇચ્છાનું ઉત્પન્ન ન થવું અને અતીન્દ્રિય આનંદનું પ્રતપન થવું તે તપ છે. ૯૦.

*

અંતરમાં અતીન્દ્રિય આનંદની દશામાં વિચરનાર સંતો, એને આ ત્રણ પ્રકાર - ભોજન, ઉપકરણ અને વસ્તી એનું મમત્વ છોડી દે, એને ત્યાગી કહેવામાં આવે છે. આહાહા...! એને ત્યાગધર્મ કહેવામાં આવે છે. બહારની વસ્તુ સ્ત્રી, કુટુંબ, પરિવાર છોડ્યા માટે ત્યાગી છે, એમ નથી. કેમકે બાહ્ય વસ્તુના ગ્રહણ-ત્યાગથી તો આત્મા શૂન્ય છે. ૯૧.

*

આહાહા...! અંદરમાં જે ક્રિયાકાંડના વિકલ્પો છે તેનાથી પણ મુનિ તો વિરક્ત છે. 'હું તો જ્ઞાતા-દૃષ્ટા નિર્વિકલ્પ આનંદકંદ આત્મા છું. અન્ય મારું કાંઈ પણ નથી - અકિંચન છું' – એવું નિર્મમત્વ થાય તેને ઉત્તમ આકિંચન્યધર્મ હોય છે. ૯૨.

*

નિશ્ચયથી તો યથાર્થ બ્રહ્મચર્ય, બ્રહ્મ નામ આત્મા આનંદસ્વરૂપ છે, એ આનંદમાં ચરવું-રમવું એનું નામ બ્રહ્મચર્ય છે. પદ્મનંદી આચાર્યે તો બ્રહ્મચર્યની વાત ઘણી કરી પછી કહે કે હે યુવાનો! મારી બ્રહ્મચર્યની વ્યાખ્યા સાંભળીને તમને ન રુચે તો, પ્રભુ! માફ કરજે, અમે તો મુનિ છીએ. અમારી પાસે શું આશા રાખશો? ૯૩.

*

આહાહા..! બધા જીવો જે જ્ઞાન, દર્શન, આનંદના પ્રાણવાળા ભગવાન આત્મા, એને હું ખમાવું છું. મારી સત્તાનો મને સ્વીકાર છે અને તમારી જેટલી સત્તા છે તેનો સ્વીકાર મને છે. તેથી તમારામાં ઓછું, અધિક, વિપરીત છે તેને હું

જોતો નથી. તમારો ભગવાન અંદર આનંદના પ્રાણથી જીવનારો ચૈતન્ય! આહાહા..! એને હું ખમાવું છું. એ મારો સાધર્મી આત્મા છે. ૯૪.

*

તારા મરણ થતાં તારી માતાએ એટલા આંસુ પાડ્યા છે કે એના દરિયા ભરાય. અનંત અનંત ભવમાં ક્યાં તને ભીડું પડી ગઈ અને ક્યાં દુઃખોના ઢગલા વેઠ્યા છે? ભાઈ! તું ભૂલી ગયો. આહાહા! તારા દુઃખ દેખીને બીજાને રોણાં આવ્યા છે, પ્રભુ! એવા દુઃખ તેં વેઠ્યા છે. આહાહા..! એ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ વિના આવી દશા થઈ છે. ૯૫.

*

જેના જન્મ-મરણની ગાંઠ ગળી નથી એણે જીવનમાં કાંઈ જ કર્યું નથી અને જેણે ગ્રહસ્થાશ્રમમાં પણ જન્મ-મરણની ગાંઠ ગાળી નાખી એણે બધું જ કરી લીધું છે. સિદ્ધ ભગવાન એના હાથમાં આવી ગયા છે. ૯૬.

*

આ વાણિયા તો પૈસા ને બાયડી ને છોકરા એની ઘૂંચમાં પડ્યા. એ પાપના પરિણામ એવા કે મરીને એ બધા ઢોરમાં જવાના, જેને નથી ધર્મ, જેને નથી પુણ્ય. બબ્બે – ચાર ચાર કલાક સ્વાધ્યાય, વાંચન, મનન એવું હોય તો પુણ્ય પણ એને હોય. આ તો એ પણ ન મળે એને. બાપા! કુદરતના નિયમમાં જે છે એ થશે. ૯૭.

*

ભાઈ! તું વિશ્વાસ લાવ –કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી અદ્ભૂત વસ્તુ હું છું. ૯૮.

*

આ તો તારા ઘરની વાતો છે. આહાહા! તારું ઘર મોટું છે, પ્રભુ! તું મોટા ઘરનો છો. આહાહા..! એ મોટા ઘરના કહેણ આવ્યા કે તું મોટો છો. એ આનંદ

અને જ્ઞાનનો દરિયો મોટો પ્રભુ તું છો! આહાહા! એનો પ્રભુ! તું સ્વીકાર કર અને અલ્પજ્ઞતા અને રાગનો સ્વીકાર છોડી દે! આહાહા...! ૯૯.

*

પુણ્યના પરિણામનું કાર્ય સર્વજ્ઞને સોંપાય? ચક્રવર્તીને વાશીદાનું કામ ન સોંપાય, તેમ આત્મા સર્વજ્ઞસ્વભાવી છે, એવું ભાન થયું એને પુણ્યના કાર્યમાં કર્તાબુદ્ધિ ન હોય. ૧૦૦.

*

અરે! મેટ્રિકના-લૌકિકના ભણતર માટે પણ કેટલા વર્ષ કાઢે છે! અને તે પણ પાપ માટે, તો આ સમજવા માટે સમય કાઢવો જોઈએ. આ તો ભગવાન પરમાત્માનું તત્ત્વજ્ઞાન છે. આહાહા...! એ સમજવા માટે થોડો સમય કાઢવો જોઈએ. અરે! આવું મનુષ્યપણું ક્યારે મળે અને ક્યારે ભગવાને કહેલાં તત્ત્વનું સાચું જ્ઞાન થાય..! ૧૦૧.

*

ભગવાન આત્મા દેહદેવળમાં બિરાજમાન સત્ ચિદાનંદ પ્રભુ છે. એની સામું જો! અંદરમાં નિધાન ભર્યા છે! આહાહા...! એ બહારની હોંશ ને હરખ આડે અંદરના નિધાન જોવા નવરો થતો નથી. ૧૦૨.

*

આ પૈસા-પૈસા હોળી બહારની, મારી નાખ્યા જગતને. આહાહા! સ્મશાનના ફોસ્ફરસના આકર્ષણ. હાડકામાં ફોસ્ફરસ હોય છે ને, એમ આ બહારની ચીજના આકર્ષણમાં રોકાઈ ગયો. ભાઈ! હવે એ બહારનો રસ છોડને એકવાર ! ૧૦૩.

*

ભાઈ! આ સત્ય સમજ્યા વિના ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય તારા આરા આવવાના નથી. ચાહે મહાવ્રત પાળ, ચાહે ભક્તિ કરીને મરી જા, ચાહે કરોડો

મંદિર બંધાવ, ચાહે ટોકરા વગાડ, પણ તારો આરો આવવાનો નથી. મિથ્યા-શ્રદ્ધામાં અનન્તા નિગોદના અને નરકના ભવ કરવાની તાકાત છે. ૧૦૪.

*

આહા..! જે આ સમયો જાય છે તે બધા મૃત્યુની સમીપ જાય છે. કારણ કે જે મુદત છે દેહ છૂટવાની તે તો નક્કી જ છે, તે જ કાળે છૂટશે, તેમાં આઘો-પાછો નહિ થાય. એને રાગ છોડવાના કાળમાં ન જોડે, અરે..! મૃત્યુ થઈ જશે. ભાઈ! આ કોઈ સાથે નહિ આવે. ૧૦૫.

*

છેલ્લા સ્વયંભૂરમણસમુદ્રના તળિયે એકલા રત્નો જ ભર્યાં છે, રેતી નથી; તેમ ભગવાન આત્માના તળમાં-સત્ત્વમાં એકલી ચૈતન્યશક્તિઓરૂપ રત્નો જ ભર્યાં છે. એના તળમાં રેતી અર્થાત રાગાદિ નથી. ૧૦૬.

*

અરે ભાઈ! તારામાં કઈ ઋદ્ધિની ખામી છે કે પર સામે ઝાંવા નાખે છો? તારી સામે અનંતી ઋદ્ધિવાળો પ્રભુ બિરાજે છે, તેની સામે નજર નાખતો નથી ને પર સામે નજર નાંખીને પુણ્ય-પાપના દુઃખને અનુભવે છે! ૧૦૭.

*

દયા-દાન-ભક્તિ આદિના શુભ વ્યવહારમાં વિસ્મયતા કરે છો, એ વિસ્મયતા છોડીને તારી સામે વિસ્મયકારી ચૈતન્યપ્રભુ બિરાજે છે તેની સામું જો. તારી પ્રભુતાની વિસ્મયતા કરીને તેમાં ઠર. ૧૦૮.

*

અરે બાપુ! તેં દુઃખના પંથે અનંતકાળ ગાળ્યા. ભાઈ! એ શરીરની જુવાની, પાંચ-પચાસ લાખ રૂપિયા, એની હોંશમાં મરી ગયો એ ઝેરના પ્યાલા પીઈને. એ.. અમૃતનો સાગર અંદર ભગવાન આત્મા, એની એને ઓળખાણ, એની મહત્તા અને મહિમા આવી નહિ. ૧૦૯.

નૈતિક સુધારા કરવા એ વાત ભલે હો, પરંતુ એનાથી કાંઈ જન્મ મરણ ટળી જાય એમ નથી. આહાહા! અહીં તો ભવનો અંત કરવા આવે અને સ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ થાય એની આ તો વાત છે. ધર્મને નામે બીજા ક્રિયાકાંડ ચલાવે તે ભલે ચલાવો, રખડશે એ તો બધા! ૧૧૦.

*

એકવાર પરને માટે તો મરી જવું જોઈએ. પરમાં મારો કાંઈ અધિકાર જ નથી. અરે ભાઈ! તું રાગને ને રજકણને કરી શકતો નથી એવો જ્ઞાતાદૃષ્ટા પદાર્થ છો. એવા જ્ઞાતાદૃષ્ટા સ્વભાવની દૃષ્ટિ કર, ચારે બાજુથી ઉપયોગને સંકેલીને એક આત્મામાં જ જા. ૧૧૧.

*

પહેલી તો એ વાત છે કે એને આત્માની મહિમા જ આવતી નથી. બધી આખી દુનિયાથી ચીજ નિરાળી કોઈ જુદી છે, જેની મહિમાનો પાર નથી. આહાહા...! એવો આ ભગવાન આત્મા! અંદર દયા, દાનના, વિકલ્પથી જુદો પડ્યો છે. ૧૧૨.

*

ભાઈ! એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ જ છે, જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે, મારી શક્તિ હણાઈ ગઈ નથી. એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ. સ્વભાવનો મહિમા લાવીને તારી શક્તિને ઉછાળ. ૧૧૩.

*

મને બહારનું કાંઈક જોઈએ તેમ માનનાર ભિખારી છે, મને મારો આત્મા જ જોઈએ તેમ માનનાર બાદશાહ છે. આત્મા અચિંત્ય શક્તિનો ધણી છે. જે ક્ષણે જાગે તે જ ક્ષણે જાગતી જ્યોત આનંદસ્વરૂપ અંતર અનુભવમાં આવી શકે છે. ૧૧૪.

*

ચૈતન્યચમત્કાર પ્રભુ! એટલા પવિત્ર ગુણથી ભરેલો છે કે જેના અનંત ગુણોને કેવળી એક સમયે અનંત ગુણો કહે એવા ત્રણકાળના સમય કહે તોપણ તે ગુણ પૂરા પડે નહિ. આહાહા...! કારણકે ત્રણકાળના સમયથી તો આકાશના પ્રદેશ અનંતગુણા છે અને એનાથી અનંતગુણા ગુણ આત્માના છે. ૧૧૫.

*

આહાહા..! આત્માની સમજણ કરવામાં ક્યાંથી ક્યાં જવાનું! સમજણ કેટલી કરવાની! હજી બહારથી પાપ આડે નવરો થતો નથી, સાંભળવાનો વખત પણ લેતો નથી. એકાદ-બે કલાક એને માટે આપે તો એમાં કાંઈ પકડાય નહિ. કોઈની કાળલબ્ધિ પાકી ગઈ હોય અને સમજાય જાય તરત, પણ પુરુષાર્થથી જ ત્યારે સમજાય છે. ૧૧૬.

*

બાદશાહ ત્રણલોકનો નાથ ઊંઘમાં પડ્યો છે એને જગાડવાની આ વાત છે. જાગ રે જાગ! તને ચોર લૂંટી જાય છે. આ જગાડનારી વાત સાંભળવા મળે ઈ પણ ભાગ્યશાળી છે. ૧૧૭.

*

એકવાર અંદરમાં નજર કર કે 'હું પણ સિદ્ધની જેમ અશરીરી છું, શરીરને સ્પર્શતો જ નથી, અત્યારે જ શરીરથી છૂટો છું' એમ શ્રદ્ધા નહીં કરે તો જ્યારે શરીરથી છૂટો પડશે ત્યારે એની લાળ શરીરમાં જ લંબાશે. ૧૧૮.

*

'અહો! આજ પ્રભુજી મુક્ત થયા' એમ ઘણાને આજના દિવસનો મહિમા આવે છે, પરંતુ તે સર્વેને જાણનાર એવા પોતાના જ્ઞાનસામર્થ્યનું માહાત્મ્ય આવતું નથી. ખ્યાલ કરે છે, પણ પોતે અંતરમાં તેનો વિશ્વાસ કે રુચિ કરતો નથી. પરિણતિને સ્વ તરફ વાળતો નથી, તેથી આત્માનો અનુભવ થતો નથી. ૧૧૯.

*

જેને માથે જનમ-મરણની ડાંગુ તોળાઈ રહી છે અને તે સંયોગોમાં રાજીપો માની રહ્યો છે તે પાગલ છે. ૧૨૦.

*

આહાહા...! અનાદિકાળથી ઈ દુઃખના પંથે છે. કોઈ એમ માને કે અમને આ પૈસા છે, આબરૂ છે, શરીર જુવાન છે, માટે અમે કાંઈક સુખી છીએ, એ તદ્દન ભ્રમણા છે, એ દુઃખના પંથે છે, એની એને ખબર નથી. ૧૨૧.

*

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ! અતીન્દ્રિય અનંત અનંત આનંદ ને અતીન્દ્રિય ગુણોનો પિંડ પ્રભુ આત્મા છે, પણ એ કેમ એને બેસે? એક સારો પાપડ અને સારું અથાણું મળ્યું હોય તો એને એમ થઈ જાય કે આ.. હા.. હા! શું છે, પ્રભુ? તું ક્યાં રોકાઈ ગયો? ૧૨૨.

*

અરે! આવા ચમત્કારી આત્માની વાત સ્વના લક્ષે સાંભળે તો મિથ્યાત્વના ભૂક્કા ઉડી જાય એવી આ વાત છે! ૧૨૩.

*

પરમાં સુખ માનીને આત્મા - આનંદના નાથને તેં મારી નાખ્યો. આહાહા...! એ જીવતી જ્યોત આત્મા છે તેનો અનાદર કરીને, મરી ગયેલા મડદા–પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ એને જીવતા માનીને તું દુઃખી થયો છો. ૧૨૪.

*

હું એક જ્ઞાયકભાવ છું. આહાહા! જુઓ આ ભવના અંતની વાત, પ્રભુ! ચોર્યાશીના અવતાર, ક્યાંય નરક, ક્યાંક નિગોદ, કાંઈ લીલોતરી, કાંઈ લસણ, કાંઈ બાવળ ને થોરમાં. એના અંત લાવવાનો આ એક ઉપાય છે કે જેમાં ભવ ને ભવનો ભાવ નથી. રાગ એ ભવનો ભાવ છે, એ મારા સ્વરૂપમાં નથી. ૧૨૫.

*

પોતાના હિતને માટે વખત લેવો જોઈએ. વેપારના ધંધામાં મશગુલ હોય તો એમ કહે અત્યારે મરવાનોય વખત નથી. બાપુ! દેહ છૂટવાના ટાણા આવશે, ભાઈ! એ ટાણે અકસ્માત આવીને ઉભો રહેશે. ઇ ટાણે દેહ એમ નહિ કહે કે હવે હું છૂટું છું. એને છૂટવાનો સમય છે તે સમયે છૂટ્યે છૂટકો છે. ૧૨૬.

*

અરેરે..! મનુષ્યપણું મુશ્કેલીથી મળ્યું. એમાં જો આવું તત્ત્વ અંદર સમજવામાં ન આવે તો પશુ જેવો અવતાર છે. પશુ પણ પેટ ભરે છે, તે પણ વિષય સેવન કરે છે. તેમ આ પણ પેટ ભરે અને વિષયસેવન કરે તો તેમાં ફેર શું રહ્યો? ૧૨૭.

*

શરીર, વાણી, લક્ષ્મી, આબરુ, કીર્તિ એ બધું અપદ છે, અપદ છે. તારું પદ તો અંદર આનંદઘન અવિનાશી છે ને! અહીં આવો, અહીં આવો. આહાહા..! તમારું પદ આ છે, આ છે. ૧૨૮.

*

જેમ સ્ત્રી એના પિયરમાં મોટી થાય છે ને? તેમ જીવ પહેલાં નિગોદના ઘરમાં જ રહે છે. એમાં અનંતે કાળે માંડ કોઈ બે ઇન્દ્રિય આદિ થાય અને એમાં મનુષ્યપણું અને આર્યક્ષેત્ર અને ઉત્તમ કુળ, આહાહા..! એ તો દુર્લભ છે. એમાં પણ સમ્યગ્દર્શન અનંતે કાળે નથી પામ્યો. એ મહા દુર્લભ છે. ૧૨૯.

*

પ્રભુ! આ તો વીતરાગ ત્રણલોકના નાથનો જગત પાસે પોકાર છે. અચિન્ત્યદેવનો નાથ પ્રભુ તું અંદર, ચિન્માત્ર ચિંતામણિ એ દેવ, હું નહિ, તું! તારો દેવ અંદર અચિન્ત્ય શક્તિનો ભંડાર છે ને પ્રભુ! આહાહા..! એ ચિંતામણિ રતન છે. ૧૩૦.

*

પ્રભુ! તારું રહેઠાણ - રહેવાનું સ્થાન ભગવાન આનંદનો નાથ છે, રાગ તારું રહેવાનું સ્થાન નહિ. બ્રાહ્મણ ચંડાળણીને ઘરે જાય તો એ એનું સ્થાન કહેવાય? –ન કહેવાય! તેમ ભગવાન અલૌકિક આનંદનો નાથ, રાગના સ્થાનમાં જાય એ રાગસ્થાન એના નહિ. ૧૩૧.

*

પૈસાની મમતા ઈ તો અગ્નિની ભઠ્ઠી સળગે છે. અહીં તો કહે છે કે ઇન્દ્રના ઇન્દ્રાસન હોય તોપણ ઈ અમારે ન જોઈએ, ઈ તો સડેલા તરણાં છે. અમારે તો અમારો આત્મા જોઈએ. ૧૩૨.

*

પ્રભુ! તું અનંતા ગુણનો દરિયો છો, જ્ઞાનસ્વરૂપે ભરિયો છો, આનંદનો કંદ છો, શાંતિનો તું સાગર છો, સ્વચ્છતાનું તું ધામ છો, અનંત પુરુષાર્થના વીર્યથી ભરેલો પદાર્થ છો, પ્રભુત્વના પરમેશ્વરના અનંત ગુણમાં, એક એક ગુણમાં પ્રભુતાથી ભરેલો એ પ્રભુ તું છો. ૧૩૩.

*

અરે..! મેસુબ ચાર શેર ઘીનો પાયેલો હોય તેને મરેલા ગધેડાના ચામડામાં રાખવો. કોઈ રાખે? અરર..! એમ ત્રણલોકનો નાથ અતીન્દ્રિય આનંદની મૂર્તિ ભગવાન આત્મા! એને આ માંસ ને હાડકામાં રાખીને શોભા કરવી એ કલંક છે. ૧૩૪.

*

એક ક્ષણમાં પાંચ કરોડ રૂપિયા મળ્યા હોય, પણ એક કરોડનો બંગલો એક ક્ષણમાં કરવો હોય તો કરી શકે? આ એક ક્ષણમાં કેવળજ્ઞાનનો બંગલો પ્રગટ કરે એવો આત્મા તૈયાર છે. ૧૩૫.

*

આ પરમાત્મતત્ત્વની વાત સાંભળતાં સાંભળતાં હું જ્ઞાયક છું.. જ્ઞાયક છું.. એવા દ્રઢ સંસ્કાર અંદરમાં પાડે તો મિથ્યાત્વભાવનો રસ મંદ પડતો જાય છે. હજુ ભૂમિકા મિથ્યાત્વની છે, પણ મિથ્યાત્વનો અભાવ થવાના સંસ્કાર પડતાં જાય છે. ૧૩૬.

*

શુભભાવથી મિથ્યાત્વનો રસ ભવિ અભવિને અનંતીવાર મંદ પડ્યો છે, પણ આ જ્ઞાયકના સંસ્કારથી મિથ્યાત્વભાવનો અભાવ થવાના સંસ્કાર પડે પછી એકદમ સ્વભાવનો આશ્રય લેતાં સ્વાનુભવ થતાં મિથ્યાત્વનો અભાવ થાય છે. ૧૩૭.

*

ચૈતન્યસૂર્ય જ્યાં ઉગ્યો એને રાગના અંધકારના આદર કેમ હોય! રાગ તો અંધકાર છે, અજીવ છે, જડ છે. બહુ ઊંચી સરસ વાત, મીઠી મધુરી વાત છે. આ વાત ન સમજાય એમ નથી. વસ્તુની સ્થિતિ આવી છે, એનું એ જ્ઞાન તો કરે. ૧૩૮.

*

વીતરાગ પરમાનંદ પ્રભુ, નિમિત્ત, રાગ ને અલ્પજ્ઞતાનો આદર છોડી સર્વજ્ઞ થયા. પ્રભુએ કહ્યું, તારે સર્વજ્ઞ થવું હોય તો અમારા જેવું તું કર, અમારા જેવો તું છો એમ પહેલું સ્થાપ. હું વસ્તુએ પૂર્ણ પરમાત્મા વીતરાગ છું, એમ નક્કી કર. ૧૩૯.

*

સંસારના અનંત પ્રકારની હોંશું, બાપા! એ એને છૂટવી જોઈએ. આહાહા..! અહીં અનંત અનંત ગુણોનો નાથ પ્રભુ! અને આમ બહારમાં હોંશુંના અનંત પ્રકાર. બહાર બધા તરફની હોંશું અને ઉત્સાહ છૂટી જવો જોઈએ. ૧૪૦.

*

નરકના એક ક્ષણના ઉષ્ણગુણનું દુઃખ અને એકક્ષણનું શીતગુણનું દુઃખ, પ્રભુ! એ તારા ટાણાં અનંતકાળ તેં એમાં ગાળ્યા. આચાર્યો કહે છે કે, જેના એક

ક્ષણના દુઃખો સંભારીયે ત્યાં કંપારી ઊઠે છે. આહાહા! એ દુઃખનાં ટાણાં જવાનો પંથ આ છે. ભાઈ! આવા ટાણાં ક્યારે મળે? ૧૪૧.

*

મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે ને, 'સબ અવસર આ ચુકા હૈ'. પ્રભુ! તારા દ્રવ્ય, ગુણ અને પર્યાયની વાતું તને લક્ષમાં આવે. પ્રભુ! હવે આનાથી સારા ટાણાં બીજા ક્યા હશે? હવે એકવાર એ કર, એ પર્યાયને દ્રવ્યમાં ભેળવી દે. ૧૪૨.

*

આહાહા..! માંડ જન્મ-જરા-મરણને ટાળવાનો આ ભવ મળ્યો છે. ભવને ભાંગવાનો આ ભવ છે, એમાં આત્માનું હિત કરે નહિ તો શું કામનું? ભગવાન અમૃતના આનંદકંદમાં અંદર આવે નહિ અને બહાર ભટક્યા ભટક કરે છે, એ ઝેર પીને જીવન ચાહે છે. ૧૪૩.

*

પ્રભુ! પરમાં સુખ માનીને ઉલ્લાસ ન કર. નાથ! તારામાં આનંદ ભર્યો છે ને! કઈ ચીજમાં સુખ દેખતા તને ઉલ્લાસ આવી જાય છે? એ પરમાં ઉલ્લાસ આવતા, પ્રભુ! તારા સ્વરૂપનો અનાદર થઈ જાય છે. ૧૪૪.

*

મુનિરાજ કહે છે, હું ગયા કાળના ચોર્યાશી લાખના અવતારને જ્યાં યાદ કરું છું તો હૃદયમાં આયુધના ઘા વાગે છે. આહાહા..! એવા અવતારથી હવે બસ થાવ. એવા ભવ હવે ન હો. ૧૪૫.

*

પરમાત્માને વિકલ્પ નથી, પરમાત્મા બોલતા નથી, પરમાત્મા બોલવામાં આવતા નથી, એવો જ હું આત્મા પરમાત્મા છું, એમ અનુભવ દૃષ્ટિમાં લે. આહાહા..! ૧૪૬.

*

આ શરીર તો ધૂડનો, મસાણનો માંડવો છે, તેને આ શણગારવા બેઠો છે! ૧૪૭.

*

એક ઓઝલમાં બાઈ હોયને, ભલે ઠેકાણા વિનાની હોય પણ તેને જોવાનું મન કરે છે. એલા એના ચામડાને જોવા નીકળ્યો, ભગવાન આત્માને જોવા તો નીકળ એકવાર! રાગની, વિકલ્પની એકતાની ઓઝલ મૂકી દે. ભગવાન બિરાજે છે અંદરમાં પૂર્ણાનંદ પ્રભુ! ૧૪૮.

*

છ ખંડનો ધણી ચક્રવર્તી વિચારે છે કે અહો! આનંદનું કારણ હું પોતે એક છું અને આ બધાં દુઃખના કારણો-નિમિત્તો છે. એમ વૈરાગ્ય થતાં જંટીયા ખેંચતી રાણીઓને કહે છે કે અરે! હવે અમને તમારા બધાં પ્રત્યેનો રાગ બળી ગયો છે. અમારા આનંદનું કારણ અમારી પાસે છે. એ આનંદને ખોલવા અમે ચાલી નીકળીએ છીએ. ૧૪૯.

*

ચોખા ઊંચી જમીનમાં થાય છે. તો આ તો આત્મા ઊંચી ચીજ, સિદ્ધની પર્યાય પાકે એવો આત્મા છે. જેમાં અનંત કેવળજ્ઞાન, અનંત આનંદ પાકે એવું ક્ષેત્ર છે. સંસાર પાકે એ આત્મા નહિ. આહાહા..! રાગ-દ્વેષ પાકે એ આત્મક્ષેત્ર નહિ. ૧૫૦.

*

ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપ છે ને, પ્રભુ! તારે ખજાને ખોટ ક્યાં છે કે તારે બીજાનું શરણું લેવું પડે! આહાહા..! ૧૫૧.

*

બીજા જેટલા વિકલ્પો કરે, બીજાને સમજાવવાના, શાસ્ત્ર રચવાના, એનાથી તું મોટપ માનીશ તો વસ્તુમાં એ નથી. હવે બધી શાસ્ત્રની ચર્ચા છોડીને

આ કર. ક્યાં સુધી તારે શાસ્ત્રની ચર્ચાઓ મથવી છે? એ તો બધી વિકલ્પની જાળ છે. ૧૫૨.

*

એને કાળ થોડો છે અને કરવાનું કામ ઘણું છે. ૧૫૩.

*

તને ચાર ગતિમાં રખડવાનો ભય લાગ્યો હોય તો ધર્મ-ઔષધિનું પાન કર. જન્મ-જરા-મરણના રોગને મટાડવા આત્મામાં ઔષધ છે. આત્માના આનંદ-સ્વરૂપને અનુસરીને અંતરમાં એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતારૂપ અનુભવ કરવો એ ઔષધિ-ઉપાય છે. ૧૫૪.

*

આહાહા..! એ રૂપાળા શરીર લાગે, એ એકવાર અગ્નિમાં સળગશે. હડ.. હડ.. અગ્નિમાં સળગશે. આ જ ભવમાં શરીરની આ સ્થિતિ! પ્રભુ! એ અપદમાં તારી ચીજ ક્યાં છે! ૧૫૫.

*

આત્મા પોતાની સત્તામાં વિકાર કરે અને કાં આત્માનો અનુભવ કરીને મુક્તિ કરે, બાકી પરનું ફોતરું ફેરવી શકે નહિ. ઓલો મોટો 'ગામા' પહેલવાન, આખા દેશમાં મોટો જોદ્ધો કહેવાતો, મરવા ટાણે હાથ ઉપરથી માખી ઉડાડી શકતો નહોતો. ૧૫૬.

*

હે આત્મા! તને અત્યારે મનુષ્યદેહમાં અવસર મળ્યો છે. આત્માનું ભાન કરી એ વિકારરૂપ શત્રુને નાશ કરવાનો તારો કાળ છે અને વિદ્વાનો અવસર મળતાં શત્રુને હણી નાખે છે. ૧૫૭.

*

અરે ! આવા અકસ્માત દેહ છૂટવા કાળે ક્યાં જઈને ઉપજવું થશે, ભાઈ? આહાહા..! કોઈ જાણીતો મનુષ્ય નહિ, જાણીતો ભવ નહિ, જાણીતો ભાવ નહિ, જાણીતું ક્ષેત્ર નહિ, જાણીતો કાળ નહિ, આહાહા..! ક્યાં જઈને અવતરે, બાપુ..? ૧૫૮.

*

આવા સંસારમાં ભમતા, પ્રભુ! તને પરંપરાએ દુર્લભ જિનનો તીખો ઉપદેશ મળ્યો. આહાહા..! હવે તો તીક્ષ્ણ પુરુષાર્થ કરીને દ્રઢપણે પ્રહાર કર, ભગવાન ઉપર જા અને ભ્રમણાનો નાશ કર. ૧૫૯.

*

જાગ રે જીવ જાગ, તું સૂતો તને કેમ પાલવે, ભાઈ? આવા ટાણાં આવ્યા ત્યાં સૂવું ન પાલવે નાથ, ભગવાન છોને પ્રભુ તું. તારી મહિમાની તને ખબર નથી અને બહારમાં રાગમાં, સંયોગમાં, ધૂળમાં મહિમા જાય છે. વેચાઈ ગયો તું બહારની મહિમામાં! આહાહા..! ૧૬૦.

*

આહાહા! આવો સમય મળ્યો છે એમાં તો આત્માને રાગથી છૂટો કરી દેવાનો કાળ છે. ૧૬૧.

*

આત્મા પરનો કર્તા નથી, રાગનો પણ કર્તા નથી. 'રાગથી ભિન્ન જ્ઞાયકમૂર્તિ છું' એવી અંતરથી પ્રતીત કરવી એ સમ્યક્દર્શન પ્રાપ્ત કરવાની વિધિ છે. ૧૬૨.

*

આ મનુષ્યદેહમાં આત્માને ઓળખવાનો કાળ-ટાણું છે, એ બીજે ટાણા નથી. જેમ એ છોકરો ને ઘોડો ખીણમાં ગયા એમ એ ટાણા જો ગયા તો ચોરાશીની ખીણમાં જઈશ. એમાંથી બચવાનો આ ઉપાય એક છે. ૧૬૩.

ભગવાનનું જ્ઞાન બધાના તળિયામાં પહોંચી ગયું છે. એવી એની એક સમયની પર્યાય, એવી અનંતી દશાનો ધરનાર એક ગુણ, એવા અનંતા ગુણનો ધરનાર ભગવાન આત્મા, આની પ્રતીતિ થાય અને પરમેશ્વર ન થાય એમ બને નહિ. પણ ઈ વાત એને ભરોંસે નિર્વિકલ્પ અનુભવમાં આવવી જોઈએ. ૧૬૪.

*

ભગવાન આત્મા પોતાના પૂર્ણ અનંત સ્વભાવનું એકરૂપનું જ્ઞાન કરતો, એકરૂપની શ્રદ્ધા કરતો, એમાં ઠરતો, સીધી સડકે સિદ્ધની પર્યાય સુધી પહોંચી જાય છે. એને બીજી ગતિ નહિ, બીજો ભાવ નહિ, બીજે રખડવાનું ત્રણકાળમાં હોય નહિ. ૧૬૫.

*

હું લાયક નથી.. લાયક નથી– એમ એના નકારે વાત અટકી છે. પણ એને અંદરથી એમ આવવું જોઈએ કે હું આ ક્ષણે જ પરમાત્મા થવાને લાયક છું. – એવો અંદરથી વિશ્વાસ આવવો જોઈએ. ૧૬૬.

*

જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીશે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યાં કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. ૧૬૭.

*

જેમ તપેલાના માપનો લાકડાનો દટ્ટો અંદર નાખતા પાણી બધું બહાર નીકળી જાય છે, તેમ તારી પર્યાયમાં સિદ્ધને અંદર સ્થાપ તો વિકાર ને અલ્પજ્ઞતા ટળી જશે. ૧૬૮.

*

લૌકિકના અભ્યાસમાં બિચારા મરી જાય છે. આ અભ્યાસ તો ઘરનો-આત્માનો અભ્યાસ છે, જેનો અભ્યાસ કરતાં કરતાં પુણ્ય બંધાઈ જાય છે. પછી અભ્યાસમાં અંતરનો અભ્યાસ થઈ જાય ત્યારે ધર્મ થઈ જાય. ૧૬૯.

બાપુ! તત્ત્વની વાતમાં મોટી ગંભીરતા છે. આહાહા..! ઘણી વિચારણા માગે છે. અંદર ઘણાં ઊહાપોહ માગે છે. આહાહા..! ૧૭૦.

*

વીતરાગપણું સ્થાપે તેને જ શાસ્ત્ર કહેવાય. રાગના રહિત સ્થાપનાવાળો જે જીવ છે, વીતરાગ દૃષ્ટિ અને જ્ઞાનાદિ સ્થિરતા પ્રગટી છે એ વીતરાગપણાનું સ્થાપન કરે છે. 'રાગ તે કરવા જેવો છે અને રાગથી વીતરાગપણું પ્રાપ્ત થશે' એ શબ્દ શાસ્ત્રમાં નહિ આવે. ૧૭૧.

*

ભગવાન આત્મા–હું પોતે, દ્રવ્યે પરમેશ્વરસ્વરૂપે જ છું–એમ જ્યાં પરમેશ્વરસ્વરૂપનો વિશ્વાસ આવ્યો તો તું વીતરાગ થયા વિના રહીશ જ નહિ. ૧૭૨.

*

આહાહા..! જેમ પાણીના ધોરીયા વહેતાં હોય તેમ આ ધર્મના ધોરીયા વહે છે, પીતા આવડે તો પી. ભાઈ! સારા કાળે તો કાલનો કઠિયારો હોય તે આજે કેવળજ્ઞાન પામે એવો તે કાળ હતો. ૧૭૩.

*

પરમેશ્વરના માર્ગમાં જવું હોય તો પહેલા એના બારણા ખખડાવવા પડશે, એમ આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે એને અંતર નિર્ણયમાં લેવો પડશે, પછી અનુભવ થશે. સમજાણું કાંઈ? ૧૭૪.

*

અરે..! પ્રભુ! એણે અનંતકાળ દુઃખના મોટા ડુંગરા વેઠ્યા છે. આહાહા..! માતાના પેટમાં એકવાર ૧૨ વર્ષ અને બીજીવાર ૧૨ વર્ષ એમ ૨૪ વર્ષ ઊંધે માથે લટકતો રહ્યો. પ્રભુ! તેં ક્યાં ગાળ્યો વખત આવો? પરમાં એકત્વબુદ્ધિ છે તેથી પરનું સંયોગપણું તને એવું મળ્યા જ કરશે. ૧૭૫.

*

જેણે પરને પોતાનું માન્યું અને પરનો આશ્રય એવો રાગ એનાથી જેણે લાભ માન્યો એ સજ્જન નહિ દુર્જન છે. આહાહા..! આવી વીતરાગના ઘરની વાતું છે. ૧૭૬.

*

સહજ સ્વભાવની સમજણ સહજ સરલતા વિના સંભવે નહિ કારણ કે સહજ સ્વભાવ સરલ જ છે. તેથી સહજ સ્વભાવ અને સહજ સરલતાની સંધિ માટે સત્સમાગમ કરવો જોઈએ. ૧૭૭.

જિજ્ઞાસુને પહેલાં એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય. મોળી-પાતળી વાત આત્માને માટે ન કરવી. ૧૭૮.

*

શરીરના એક એક તસુમાં ૯૬-૯૬ રોગ છે, એ શરીર ક્ષણમાં દગો દેશે, ક્ષણમાં છૂટી જશે. કાંઈક સગવડતા હોય ત્યાં ઘુસી જાય છે, પણ ભાઈ! તારે ક્યાંક જવું છે ત્યાં કોનો મહેમાન થઈશ? કોણ તારું ઓળખીતું હશે? એનો વિચાર કરીને તારું તો કાંઈક કરી લે! ૧૭૯.

*

પ્રભુ! તું તો જ્ઞાયકસ્વભાવ છો ને! એ શરીર, વાણી, મન જડ સ્વભાવનું કારણ તું કેમ હો? ભાઈ! એને એનામાં એને કારણે રહેવા દે. ૧૮૦.

*

સિદ્ધ છે તે જાણનાર દેખનાર છે, તેમ તું પણ જાણનાર દેખનાર જ છો. અધૂરા-પૂરાનો પ્રશ્ન જ નથી. જાણનાર દેખનારથી જરીક ખસ્યો એટલે કર્તૃત્વમાં જ ગયો એટલે સિદ્ધથી જુદો પડ્યો. એક ક્ષણ સિદ્ધથી જુદો પડે તે મિથ્યાદૃષ્ટિ છે તે યથાર્થ વાત છે. ૧૮૧.

*

આત્મા પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા..! અરે..! એની મોટપ એને કેમ બેસે? સાધારણ સાધારણ વાતમાં જેનો પ્રેમ પર પદાર્થમાં ઉલ્લસે છે, એને 'પોતે ભગવાન પરમાત્મા છે' એવી વાત બુદ્ધિમાં કેમ બેસે? ૧૮૨.

*

જો આ તત્ત્વદૃષ્ટિ નહિ સમજે તો ચોર્યાશીના અવતારમાં ક્યાં જઈને ડૂબકી મારશે? નરક નિગોદમાં ક્યાંય સાંભળવાનો જોગ પણ નથી. નિગોદમાં જશે તો પાંચ ઇન્દ્રિય પણ નહિ મળે. એવો મોટો સંસાર પડ્યો છે. બાપુ! એના અભાવ માટે તો આ બધું સમજવું પડશે. ૧૮૩.

*

આખા સિદ્ધાંતનો સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ જવું તે છે. અહો! ભાગ્યશાળી હશે તેને આ તત્ત્વનો રસ આવશે અને તત્ત્વના સંસ્કાર ઊંડા ઉતરશે. ૧૮૪.

*

'અરેરે! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો, હવે મારું શું થશે?' એમ ડર નહિ, મુંઝા નહિ, હતાશ થા નહિ. એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ. સ્વભાવની મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ. ૧૮૫.

*

જેને અંદર દેહ ને રાગ ને આત્મા એક છે, એને પ્રભુ! મરણ વખતે શું થશે? ભાઈ! એ દેહ ને રાગમાં ભીંસાઈ જશે. એ જુદો નહિ રહે. અહીં મરતા અંધારા થઈ જશે. ૧૮૬.

*

અરે ભાઈ! આ વાત અમને ન સમજાય તેવું શલ્ય મગજમાંથી કાઢી નાખવું. બધા આત્મા ભગવાન છે, પ્રભુ છે, આ વાત પણ ભગવાન આત્માની જ

ચાલે છે. પોતાના ઘરની જ વાત ચાલે છે, તેમાં જિજ્ઞાસાથી ધ્યાન રાખીને સાંભળે તો ન સમજાય તેમ કેમ બને? સમજાય એવી જ ચીજ છે. ૧૮૭.

*

એક વાત તો 'ધવલ' માં એવી આવી છે કે જ્યારે અધ્યાત્મની વાત – રાગથી ભિન્ન ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિની વાત – કહેવામાં આવી તે વાત સાંભળીને જે શ્રોતા તુરંત ભૂલી જાય છે તે સાંભળવાને લાયક જ નથી. કેમકે તેને ગરજ જ નથી તેથી સાંભળીને તરત ભૂલી જાય છે. ૧૮૮.

*

આ દેહ તો ક્ષણમાં છૂટશે ને જશે ક્યાં? ત્યાં પાંજરાપોળ છે નહિ કાંઈ, માસીબા બેઠા નથી કે કહેશે 'આવો ભાઈ!' આહાહા..! જેની સાથે સંબંધ ને ઓળખાણ છે એ બધા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છૂટી જશે. આત્માનો આશ્રય જ ભવદુઃખ નાશનો એક ઉપાય છે. ૧૮૯.

*

આહાહા..! ભાઈ! તારો બંગલો તો અંદર આનંદનો સાગર છે, ત્યાં વસ ને! આહાહા..! ત્યાં વાસ્તુ કર! કોઈ દિ' અનંતકાળમાં આનંદના સાગરમાં તેં વાસ્તુ કર્યું નથી. દુઃખદાયી ભાવમાં વાસ્તુ કરીને દુઃખી થયો છે. ૧૯૦.

*

સ્વભાવ સન્મુખમાં અનંત પુરુષાર્થ છે. એવા અનંત પુરુષાર્થના આનંદની આગળ એણે વિષયના સુખની કલ્પનાઓ, વિકલ્પો બધા છોડવાલાયક છે. શરીરની સુંદરતા, નમણાઈ, ઇન્દ્રિયોની પુષ્ટિ, એમાં થતો જે સુખનો વિકલ્પ એ ઝેર છે, દુઃખ છે. ૧૯૧.

*

એને એકવાર હળવો બનાવી દે. 'પર મારા છે' એ બોજો ઉઠાવી નાખ. આહાહા..! હળવો તો છે, પણ મિથ્યા માન્યતાને લઈને 'આ મારું..આ મારું.. આ

પૈસા પેદા કરી શકું, છોકરાને બરાબર ભણાવી શકું, ઘરની વ્યવસ્થા સરખી રાખું તો રહે, દીકરીને પણ ઠેકાણે પાડવી હોય તો સારે ઠેકાણે ધ્યાન રાખીને પાડી શકું' એવું માને છે. ૧૯૨.

*

અરે..! ભાઈ! આ સંસારમાં ધંધામાં આખો દિ' પાપના પોટલા બાંધે છે પણ જેણે આત્માનું હિત કરવું હોય તો તેણે નિવૃત્તિ લેવી પડશે. એને સમજવા માટે બાહ્યથી નિવૃત્તિ હોય તો એને સાંભળવાનું મળે, વિચારવાનું મળે, સત્ય શું છે તેનો નિર્ણય કરવાનું મળે. ૧૯૩.

*

શરીરની જુવાન અવસ્થા, નિરોગી શરીર, પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા હોય, કુટુંબ, સ્ત્રી અનુકૂળ હોય એ તો બધી મસાણની ચીજ છે. પ્રભુ! એ તારામાં ક્યાં છે? તારામાં છે એ બહાર નથી અને બહાર છે એ તારામાં નથી. ૧૯૪.

*

ચક્રવર્તીના પુત્રો, તીર્થંકરના પુત્રો કેટલાક તો આઠ-આઠ વર્ષની ઉંમરમાં અંદરમાં જઈને ઠર્યા અને કેવળજ્ઞાન લીધાં! આહાહા..! આઠ વરસે આઠ કર્મનો નાશ કર્યો. આહાહા..! એક ક્ષણમાં અંદરમાં જતાં પૂર્ણાનંદના પ્રાણની સંભાળ લેતાં જેને અનંતજ્ઞાન-દર્શનના પ્રાણ પ્રગટ થયા. ૧૯૫.

*

ભગવાન આત્મા સચ્ચિદાનંદનો નાથ છે. જેના સ્મરણમાત્રથી એને શાંતિ વળે, જેના અનુભવમાત્રથી એને શાંતિ વળે એવા પદાર્થને તો યાદ કરતો નથી, અને જેને યાદ કરતાં રાગ થાય અને દુઃખ થાય તેને વારંવાર યાદ કરે છે. આહાહા..! ૧૯૬.

*

મૂળ વાત એમ છે કે જેમ બહારની ચીજનું આકર્ષણ છે એવું અંતર સ્વરૂપનું આકર્ષણ નથી. જુવાન રૂપાળા સુંદર શરીર દેખે અને લક્ષ્મી હોય, સારું ભોજન કરતો હોય, હાથી ઉપર બેઠો હોય, આહાહા..! એનું આકર્ષણ થાય છે. તારો આનંદનો નાથ હાથી એના ઉપર બેસ, એનું આકર્ષણ કર! **૧૯૭.**

*

આનંદનો નાથ પ્રભુ! એનો અનાદર કરીને રાગના પ્રેમમાં ફસાણો એ વ્યભિચારી જીવ છે. પર-સ્ત્રીનો વ્યભિચારી એ તો સ્થૂળ વ્યભિચાર છે. અહીંયા તો રાગના એકત્વમાં મજા માને એ વ્યભિચારી છે. મિથ્યાદૃષ્ટિ વ્યભિચારી છે. **૧૯૮.**

*

અરેરે..! આવી વાત એને કાને ન પડે એ ક્યાં જાય? શું કરે? જીવન ચાલ્યા જાય છે. દેહ છૂટીને બીજા ભવમાં ચાલ્યો જશે. બાપા! આ દેહ તારો નથી કે તારી પાસે રહે. રાગ પણ તારો નથી કે એ તારી પાસે રહે. તારી પાસે રહેલી ચીજ તો અનંત આનંદ, અનંત જ્ઞાન અને શાંતિ એ છે. **૧૯૯.**

થોડીક વાર આમાં ધ્યાન રાખે તો ગરમી નહિ લાગે. અહીં ધ્યાન નથી એટલે ગરમી લાગે છે. એવું તો અનંતવાર સહન કર્યું છે. ધર્મ સાંભળતી વખતે પવન ન ખાવો જોઈએ. એ મોટો અવિનય છે. **૨૦૦.**

*

૬ મહિનાનું બાળક ગરમીમાં વિષ્ટા ચાટે ને મઝા માને છે. આહાહા..! એમ ભગવાન આત્માને અશુભરાગનો ભોગ એ વિષ્ટાનું ચાટવું છે. અશુભરાગમાં મઝા એવી છે. એ વિષ્ટા ચાટે ને મઝા માને એવી મઝા છે. સમજાણું કાંઈ? **૨૦૧.**

*

આ તો ધીરાના કામ છે. સમજીને અંતરમાં સમાય એના કામ છે. અંતરમાં બહુ ખળભળાટ ખળભળાટ થાય એનું આ કામ નથી. પરની ચિંતાના ભાવથી ભિન્ન પડ્યો છે એવા જીવનું કામ છે. ૨૦૨.

*

આ અચેતન દ્રવ્ય, એને જાણનારી મારી પર્યાય તે હું, પણ એ વસ્તુ જે છે તે હું નહિ. આવું એણે પગલે પગલે એટલે કે પર્યાયે પર્યાયે ખ્યાલમાં લેવું જોશે. ભેદજ્ઞાન થયું ત્યાં પર્યાયે પર્યાયે એવું જ જ્ઞાન થાય છે. ૨૦૩.

*

ભાઈ! તારે શાંતિમાં રહેવું હોય તો 'શરીર, વાણી, મનનું કારણ હું નથી, તેનું કારણ તે જ છે' તેમ માન, આહાહા..! તો તને શાંતિ થશે. નહિ તો 'તેનું કારણ હું છું' તેમ માનીશ તો મિથ્યાત્વ થશે, અશાંતિ થશે. ૨૦૪.

*

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે, પ્રભુ! આ શરીર છે એ તો જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે છે ને! અને તે જ્ઞેયનું રહેવું તે તારા જ્ઞાનને આધારે નથી. આહાહા..! એક વાત પણ યથાર્થ બેસે તો બીજા બધા ભાવ બેસે. ૨૦૫.

*

તત્ત્વની વાત સાંભળતી વખતે તું તારા આત્મા ઉપર જા અને અકર્તા જે રીતે છે એ પરિણમનથી સિદ્ધ કર. આહાહા..! આજે જ કર. જે કરવાલાયક છે એને 'પછી કરશું' એવો વાયદો શો? આ વાતની રુચિ છે? તો આ 'પછી કરશું' એવો કાળનો વાયદો ન નાખીશ. ૨૦૬.

*

ધર્માત્મા પણ વૈરાગ્યની પુષ્ટિ માટે બાર ભાવના વારંવાર ભાવે છે. આ બાર ભાવના ભાવતા સંસાર આદિથી વૈરાગ્ય થાય અને આત્માના અંતરના સ્વભાવના આશ્રયને અનુકૂળ પડે. સમજાણું કાંઈ? ૨૦૭.

ભાઈ! ધંધામાં નવરાશ ક્યાં છે? આ વાત સમજવા માટે બહારથી નિવૃત્તિ લેવી પડશે. નહીંતર ભવ બગડી જશે. ૨૦૮.

*

બહારથી પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ દેખાય, શરીર સુંદર દેખાય, તોપણ એ બિચારા દુઃખી પ્રાણી છે. કેમકે આત્મા આનંદ અને શાંતિની સંપદાનું ઘર છે. એવી સંપદાના નાથને કોઈ દિ' જોયો નહિ. એવો ચૈતન્યરત્નાકર પ્રભુ એનો એણે કોઈ દિ' આદર કર્યો નહિ. ૨૦૯.

*

જગત આ બધું બહારનું લાલ, પીળું દેખીને મોહીને મરી ગયા છે. આનંદનો નાથ અંદર સચ્ચિદાનંદપ્રભુ વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન બિરાજે છે, એના ભાન વિના દુનિયા રખડી મરે છે. આહાહા..! એની દશા તો જ્ઞાતાદૃષ્ટા અને આનંદની થવી જોઈએ. ૨૧૦.

*

અનંતકાળથી ચાર ગતિમાં રખડતા ચોર્યાશીના અવતાર કરતાં કરતાં એવા દુઃખ એણે સહન કર્યાં છે, પણ એની એને ખબર નથી. બાહ્યમાં કાંઈક થોડી સગવડતા જ્યાં મળે ત્યાં એમ માને કે અમે સુખી છીએ, પણ ભાઈ! તું દુઃખી છો, તને ખબર નથી. ૨૧૧.

*

ભગવાન તો એમ કહે છે, આત્મા આનંદ-શરીર છે, રાગ ક્લેશ-શરીર છે, અને આ શરીર જડ-શરીર છે. ભગવાન! તારું શરીર તો જ્ઞાન અને આનંદનું શરીર છે. ૨૧૨.

*

જેમ શરીરમાં ઘા વાગ્યો હોય એમાં તેજાબ રેડે અને જે દુઃખ થાય, એમ ધર્મીને ભોગના કાળમાં રાગમાં દુઃખ લાગે છે. આહાહા..! આવો માર્ગ ભગવાનનો છે. સમજાણું કાંઈ? ૨૧૩.

*

જ્ઞાનીને રાગ આવે છે પણ એને ભિન્નપણે જાણે છે. એ રાગ ને મારી ચીજ બે ભિન્ન છે. કાંકરા અને ઘઉં બે જેમ જુદાં છે, એમ રાગનો કાંકરા જેવો ભાવ અને મારો સ્વભાવ ઘઉંની જેમ આનંદનો, જ્ઞાનનો છે, એમ જાણે છે. ૨૧૪.

*

ભાઈ! આત્માની આવી વાત તેણે સમજીને નક્કી કરવી પડશે, નહીંતર એ રખડી મરશે. અનંતકાળથી ચોર્યાસીના અવતાર કરી કરીને પ્રભુ! તારો ઠડ નીકળી ગયો છે. અનંત નરકના, અનંત કીડા, કાગડા, કૂતરાના એવા અનંત અનંત, આદિ વિનાના કાળમાં એ રખડ્યો છે. ૨૧૫.

*

વ્યાખ્યાન સાંભળવામાં પણ વિનય જોઈએ. ભાઈ! એમાં કકળાટ ન હોવો જોઈએ. બીજી બાજુના વિચાર ન હોવા જોઈએ. પગ ઉપર પગ રાખે એ અવિનય છે. ઇન્દ્રો અને ગણધરો પણ આમ પગ નીચે રાખીને હાથ જોડીને સાંભળે છે. પરમાત્મા સર્વજ્ઞદેવની આ વાણી છે. ૨૧૬.

*

ભગવાન! તારી જાતને તેં જાણી નથી, તેથી તું કજાત એવા વિકારને ભોગવવામાં પડ્યો છો. આહાહા..! શરીરને ભોગવે છે કે લક્ષ્મીને ભોગવે છે કે દાળ-ભાત ભોગવે છે એ તો છે જ નહિ, કારણ કે એ તો જડ છે. જડનો અનુભવ તો અજ્ઞાનીને પણ નથી. ૨૧૭.

*

આ તો સમજવાની રુચિ કરવા જેવું છે. સમજીને રુચિના સંસ્કાર નાખવાના છે. આહાહા..! એ.. પહેલાં આ કરવાનું છે. ૨૧૮.

*

ભાઈ! ભર્યું ભાણું અંતર અનંત આનંદ પડ્યો છે, એના સેવન અને ભાવશ્રુતથી એને જાણતો નથી અને રાગની ક્રિયાના વ્યભિચારમાં ચડી ગયો, ભાઈ! હવે આ ઘર નહિ ખમે. રાગને રસ્તે ચડી ગયો એ વ્યભિચારમાં ગયો. એના વીતરાગ સ્વભાવના ભર્યા ભાણાં મૂકી દઈને રાગના વ્યભિચારના રસ્તે ચડી ગયો. ૨૧૯.

*

ભાઈ! વિકલ્પની જાળના દોરા અનાદિથી કાંત્યા જ કરે છો. જેમ સુતરની પુણી કાંત્યા કરે, તૂટવા ન દે, તેમ વિકલ્પને તૂટવા જ ન દે, એક પછી એક વિકલ્પ કર્યા જ કરે. ભગવાન! તેં વિકલ્પની જાળની માળાને કોઈ દિ' તોડી નથી. ૨૨૦.

*

ભગવાન આત્માનો જ્ઞાનસ્વભાવ એ રાગને કરે અને રાગને વેદે એ એનો સ્વભાવ નથી. આહાહા..! આવી વાતું! પૂર્વના કોઈ જબ્બર પુણ્ય હોય તો આવી સત્ય વાત કાને પડે. એની 'હા' પડવી એ તો કોઈ અપૂર્વ વાત છે, પૂર્વે કદી કરી નથી. ૨૨૧.

*

'તત્ત્વાર્થસાર'માં તો એમ કહ્યું છે, પ્રભુ! તારો જન્મ થયો તો તારી માતાની નજર તો પછી પડશે, પણ પહેલાં અનિત્યતાએ તને ખોળામાં લઈ લીધો છે. માતા ખોળામાં પછી લેશે. આહાહા..! ૨૨૨.

*

બાપુ! તને તારી વસ્તુની ખબર નથી. તું તો ચૈતન્યસ્વરૂપ છો, જાણક-સ્વરૂપનો પિંડ છો. જેમ સાકર મીઠાશનો પિંડ છે, અફીણ કડવાશનો પિંડ છે, મીઠું ખારાશનો પિંડ છે, એમ પ્રભુ આત્મા તો જ્ઞાનનો પિંડ છે. ૨૨૩.

*

આહાહા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા તે પુણ્ય-પાપના ભાવને કરતો પણ નથી ને વેદતો પણ નથી. એ જ્ઞાનસ્વરૂપી સ્વભાવ તો એને પર તરીકે જાણે છે. કરવા-વેદવાનું એનામાં છે નહિ. એનું નામ આત્મા કહીએ અને એનું નામ ધર્મ કહીએ. ૨૨૪.

*

ભગવાન! અનંતકાળમાં એણે ચોર્યાસીના અવતાર કરી કરીને અનંત અવતાર કર્યા, પણ થાક્યો નથી. બહારના વેગમાં ને વેગમાં એમ ને એમ ચાલીને જિંદગી મજૂરની જેમ પૂરી કરે છે. ૨૨૫.

*

દયા પાળવી, સામાયિક કરવી, પોષા કરવા, પડિકમણા કરવા, કંદમૂળ ન ખાવા એવી વાત ધર્મની માને છે, પણ તે તો રાગનો કાયક્લેશ છે. એ ક્રિયામાં તો રાગ થાય અને રાગ તે ક્લેશ છે, દુઃખ છે. ૨૨૬.

*

તળાવમાં પગ લપટે તો પાણીમાં ડૂબી જાય, એમ જે સંસારમાં લપટે એ જાશે નિગોદમાં. જેને સંસારમાંથી તરતા ન આવડે તે નિગોદાદિમાં ડૂબી જશે. નિગોદ ઈ આત્માનું પિયર છે. અનંતકાળ ત્યાં જ રહ્યો હતો. ત્યાંથી નીકળીને માંડ માણસ થયો, પણ એને મનુષ્યપણાની દુર્લભતાની ખબર નથી. ૨૨૭.

*

ભાઈ..! દુનિયાથી તો મરી જાય ત્યારે જીવતો થાય તેવું છે. એટલે પર ચીજને અને મારે કાંઈ સંબંધ નથી એવું માને ત્યારે તે સાજો થાય તેમ છે. ૨૨૮.

આહાહા..! પરનું કરવા માટે જીવ પાંગળો છે. પણ આવી વાત સાંભળવા ક્યાં મળે છે? જુવાનિયા તો આખો દિ' બિચારા દુકાનમાં કે નોકરીમાં ફસાઈ ગયા હોય, વખત પણ ન મળતો હોય, કાને સારું સાંભળવા પણ મળે નહિ. ૨૨૯.

*

શેઠિયાઓ આખો દિ' ધંધો કરીને મજૂરી કરે છે. રાગ અને દ્વેષ વિકારના કર્તા મોટા મજૂર છે. ભગવાન તો કહે છે, ભિખારી છે. કેમકે પોતાની ઋદ્ધિ અહીં અંદર છે એની તો ભાળ-સંભાળ કરતો નથી અને જે એની નથી, જેમાં એ પોતે નથી એની સંભાળ કરવા રોકાય છે તે ભિખારી છે. ૨૩૦.

*

દુનિયાનું ગમે તેમ થાય પણ આ માટે તો મરીને પણ અભ્યાસ કરવા જેવો છે. પર્યાયને દ્રવ્ય સન્મુખ કરવી એ કાંઈ સાધારણ વાત છે !! ૨૩૧.

*

જો દ્રઢતાથી ઉપડે કે 'મારે મારા આત્મવૈભવને સાધવો જ છે, નિજ-વૈભવને દેખવો જ છે' તો પરભાવની રુચિને તોડીને સ્વભાવને અનુભવતાં વાર લાગે નહિ. ૨૩૨.

*

વંટોળિયામાં ચડેલું તણખલું ઊડીને ક્યાં પડશે? એમ મિથ્યાત્વના વાયરે ચડેલો એ ક્યાં જઈને પડશે? બાપુ! તને ખબર નથી. આવા ટાણા મળવા મુશ્કેલ છે. આ દુર્લભ મનુષ્યભવ અનંતે કાળે મળ્યો છે. આવા ટાણે કામ કરી લે ને, ભાઈ! ૨૩૩.

*

બીજાના કામમાં બધી હોંશિયારી મેં કરી અને એની હૂંફ ચડી એમાં આત્મા મરી ગયો એટલે કે આત્મા જ્ઞાતા-દૃષ્ટા ન રહ્યો. આહાહા..! જીવનું સ્વરૂપ તો જ્ઞાતા-દૃષ્ટા છે, એ જાણે ને દેખે એ એનું સ્વરૂપ છે. ૨૩૪.

નિજ શુદ્ધાત્મતત્ત્વની અંદરમાં એકાગ્રતા, લગની જોઈએ. આહાહા..! ઘણો પ્રયત્ન તેને માટે જોઈએ. ભાઈ! આ કાંઈ વાતે વડા થાય તેવું નથી. ૨૩૫.

*

શેઠિયાઓને ત્યાં મકાનમાં બધું ફર્નિચર પાલીશ.. પાલીશ. ટેબલ, ખુરશી, દાદરા, બારણાંના લાકડા પાલીશ, મખમલ પાથર્યા હોય. અરેરે..! પ્રભુ! આમાંથી બહાર નીકળવું મુશ્કેલ પડશે. કેમકે તારી દૃષ્ટિ ત્યાં ચોંટી ગઈ છે. ૨૩૬.

*

અરેરે! ચોર્યાસીના અવતારમાં ક્યાંય સ્વ અને પરની વિવેકતા જીવને નથી. અને સંયોગનો જેને પ્રેમ રહ્યો એ સંયોગ એને નહિ છોડે હવે. આહાહા..! એટલે કે સંયોગની સ્થિતિમાં એને રખડતા રહેવું પડશે! સમજાણું કાંઈ? ૨૩૭.

*

એલા! પશુ ત્રેવીસ કલાકના બંધાયેલા હોય, તેને એક કલાક બહાર છૂટવાનું મળે એમાં એ રાજી થાય, અને તું અનાદિથી પુણ્ય અને પાપના બંધનમાં પડ્યો છો, તને છૂટવાની વાતું કરીએ છીએ અને તું રાજી થતો નથી, ભાઈ! તું તો પશુમાંથી પણ જાઈશ. ૨૩૮.

*

દેહ અને આત્મા ચીજ ભિન્ન છે. આહાહા..! સવારના જાગ્યા તે પાછા રાત્રે સૂશે કે નહિ? એ પહેલાં મરી જાય. રાત્રે સૂતા પછી સવારના જાગશે કે નહિ? ક્ષણિક કાળનો ભરોસો નથી, ક્યારે કાળ પૂરો થશે. આહાહા..! એમાં આ નિર્ણય કરવો એ એનું કામ છે. ૨૩૯.

*

આહાહા..! આચાર્યદેવે આત્માના ધનના ઢગલા કર્યા છે. લોકો કહે છે ને, ધન રળે તો ઢગલા થાય, પંડ રળે તો પેટ ભરાય. આ તો આત્મા રળે તો પરમાત્મા થાય! આ..હા..હા..! ૨૪૦.

આહા..! રાજકુમાર અબજોપતિ આઠ વર્ષની ઉંમરનો હોય અને પોતાના આત્માનું ભાન થાય છે. પછી પૂર્ણ આનંદમાં રમવા માટે દીક્ષિત થવા માતા પાસે રજા લેવા જાય છે અને કહે છે કે માતા! મને રજા દે! તારે રોવું હોય તો એકવાર રોઈ લે, પણ હું કોલકરાર કરું છું કે બીજી જણેતા હવે નહિ કરું, બીજા ભવ નહિ કરું. ૨૪૧.

*

આ તો ભવના અભાવની વાતું છે. અહા..! કેટલા ભવ ક્યાં કર્યાં એની ખબરું નહિ. ભવનો ડર નથી જીવને. અરે..! અહીંથી ક્યાં જઈશ? એ ભવનો ડર, હોં! નરક કે તિર્યંચના દુઃખનો ડર એમ નહિ. ભવનો જ આખો ડર જોઈએ. ૨૪૨.

*

આહાહા..! એક નિગોદના અસંખ્ય શરીર, એક શરીરમાં અનંત જીવ, એના અનંતમા ભાગે મોક્ષ ગયા અને મોક્ષ જશે, બાકી રખડતા રહેશે. આહાહા..! દુર્લભ ચીજ શું છે એ એને ખબર નથી. ૨૪૩.

*

નિશ્ચય સમ્યગ્દર્શન એ જ કલ્પવૃક્ષ છે. હવે અંદરમાં જેટલી એકાગ્રતા થશે એટલો આનંદ ઝરશે. જેમ કામધેનુ ગાય જ્યારે જોઈએ ત્યારે દૂધ આપે, એમ આત્મા જ્યારે જોઈએ ત્યારે અંદર જાય તો એને આનંદ મળે. એ કામધેનુ છે આત્મા - સમ્યક્ દર્શન. ૨૪૪.

*

જેમ શરીર સુંદર લાગે, એની મીઠાશમાં એને ભગવાન આત્માની સુંદરતા ચાલી જાય છે. આહાહા..! એમ રાગ પૃથક ચીજ છે એનો પ્રેમ કરે તો ચૈતન્યનો પ્રેમ ત્યાં એને ઉડી જાય છે. ૨૪૫.

*

ભગવાન આત્માની ચૈતન્ય સાહેબી જેના એક ક્ષણની શાંતિની સાથે જગતના કોઈ પદાર્થની તુલના થઈ શકે નહિ. એના છ ખંડના રાજ, ઇન્દ્રના ઇન્દ્રાસન હોય એ બધા આકૂળતાથી-અંગારાથી શેકાય છે. શુભભાવના, પુણ્યના ફળરૂપે સ્વર્ગમાં જાય એ વિષયની અગ્નિથી-અંગારાથી શેકાય છે. ૨૪૬.

*

સમયસારજી પ્રથમ હાથમાં આવતાં, 'કુંદકુંદ આચાર્યે મહાવિદેહમાં બિરાજતાં સીમંધર ભગવાનના સાક્ષાત્ દર્શન કરીને, અહીં આવીને આ શાસ્ત્ર રચેલ છે, તેથી તેમના આગમ પરમ માન્ય છે'—એ ફૂટનોટ વાંચતાં જ એમ થઈ ગયું કે 'આ મારા ઘરની જ વાત છે.' ૨૪૭.

*

અહો! સમયસાર! એ તો અશરીરી વસ્તુ છે, અશરીરીપણું બતાવે છે. એની ધૂન ચડતાં દેહ ને આત્મા બેય ચોસલાં જુદાં પડી જાય છે, જુદા અનુભવાય છે. ૨૪૮.

*

તત્ત્વનું શ્રવણ-મનન કરવા છતાં ખરેખર અંતરથી રાગના દુઃખના થાક લાગ્યા નથી, એટલે તેને વિસામાનું સ્થાન-શાંતિનું સ્થાન હાથ આવતું નથી, સમ્યગ્દર્શન થતું નથી. ખરેખર અંદરથી દુઃખના થાક લાગે છે તેને અંદરમાં જતાં વિસામાનું સ્થાન હાથ આવે છે. ૨૪૯.

*

મૂઢ મફતનો બોજો માથે લઈને ફરે છે. સંસાર તો એના કારણે આમ ચાલ્યો જ જાય છે. બાયડીનો આત્મા, છોકરાનો આત્મા, એના શરીર, એનું પરીણમન એના કારણે થયા કરે છે. એ તો જગતના પદાર્થ છે. 'આ મારા' એ મફતનો બોજો એ લઈને ફરે છે. એ છોડ હવે ! ૨૫૦.

*

આ શાસ્ત્ર આવા મીઠા-મધુરા પડ્યા છે. આહાહા..! એને વાંચવાનો વખત પણ ન મળે! એને વાંચે, વિચારે ને સંસ્કાર નાખે. ભલે સમ્યક્ દર્શન ન થાય પણ એના સંસ્કાર નાખીને પુણ્યબંધ કરે તો પણ એ સ્વર્ગમાં કે સારા મનુષ્યપણામાં જાય. ૨૫૧.

*

અરે! જિંદગી ચાલી જાય છે. ૫૦-૫૦, ૬૦-૬૦, ૭૦ વર્ષ કેટલાયને થયા. હવે રહેવું કેટલું? એમાં આવો પરમાત્મા અંદર બિરાજે છે એવું ત્રિલોકનાથ ચૈતન્યતત્ત્વને કહે છે તેનું જો સમજણ અને ભાન ન કર્યું તો એનો અવતાર એળે ગયો. ભલે પાંચ-પચાસ કરોડ કદાચિત ભેગા કર્યા હોય, એ બધા ક્યાંય એને શરણ નહિ થાય, ભાઈ ! આહાહા..! ૨૫૨.

*

સર્પણીને ૨૫-૫૦ બચ્ચા થાય તેને પોતે ભૂખ હોય એટલે કુંડાળું કરીને ખાઈ જાય, તેમાંથી કો'ક બહાર રહી ગયું હોય તે બચી જાય; તેમ આ અવસર્પીણી અને ઉત્સર્પીણી કાળમાં જે રાગ અને કાળને પોતાનો માનીને પડ્યા છે તે મરી જવાના. રાગ અને કાળથી મારી ચીજ ભિન્ન શુદ્ધ ચૈતન્ય છે એવું માનનારા સંસારમાંથી નીકળી જવાના. ૨૫૩.

*

આહાહા..! આવો માર્ગ છે, બાપુ! આ તો અંદરમાં ઠરી જવાની વાત છે. બહારમાં દેખાવ કરવા કે અમે આવા છીએ, અમે જ્ઞાની છીએ એવો આડમ્બર કરે એની આ વાત નથી. આ તો દેખાવા કરવા વિનાની વાત છે. ૨૫૪.

*

જેમ નવા માટલામાં પાણી પડતાં ચુસાઈ જાય પણ પડતાં પડતાં ઉપર આવે. એમ આત્મામાં એ સંસ્કાર પાડે કે 'રાગથી હું ભિન્ન છું, ત્રણે કાળે ત્રણે લોકમાં પુણ્યના પરિણામને અને મારે કાંઈ સંબંધ નથી.' એમ જ્ઞાનમાં ધારણાથી

સંસ્કાર કરે, તોપણ એ આગળ વધીને સ્વર્ગમાં જાય અને કાં મનુષ્યમાં મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે ત્યાં જન્મશે. એવા જીવો નરક અને પશુમાં ન જાય. ૨૫૫.

*

સંસારના અભ્યાસ માટે ૧૦-૧૫ વર્ષ કાઢે, એલ.એલ.બી. અને એમ.એ. ના પૂંછડા વળગાડવા. અહીં તત્ત્વનો અભ્યાસ પાંચ વર્ષ કરવો હોય તો કહે અમારી પાસે વખત નથી. વળી પાછા એમ કહે મરવાનો પણ ટાઈમ નથી. અરે! ભાઈ! એ મરવાનો ટાઈમ આવશે ત્યારે ટાંગા પડ્યા રહેશે આમ અને તું હાલ્યો જાઈશ. ૨૫૬.

*

આહાહા..! રાગરહિત મારો સ્વભાવ એનાથી હું જણાઉં છું. મારા સ્વભાવથી જાણવામાં આવતો હું પ્રત્યક્ષ જ્ઞાતા છું. મને જાણવામાં કોઈ રાગ અને મનની અપેક્ષા છે નહિ. આવો આત્મા એણે સાંભળ્યો નહિ, જોયો નહિ, કિંમત કરી નહિ, અને આમ ને આમ જિંદગી ચાલી જાય છે. ૨૫૭.

*

પહેલાંના કાળમાં તો કાલનો કઠિયારો આજ કેવળી થાય. કઠિયારો હોય એ અંદરમાં ઉતરી જાય, આનંદકંદમાં વિચરે અને અંતરમાં રમતા કેવળજ્ઞાન થઈ જાય. આહાહા..! ઇન્દ્રો, દેવો આવીને એનો મહોત્સવ કરે. એવું ભાળીને કો'ક ધર્મ પામે. ૨૫૮.

*

અત્યારે ભગવાનના વિરહ પડ્યા, અવધિજ્ઞાન-મનઃપર્યયજ્ઞાન રહ્યા નહિ, એવા પુણ્ય પણ રહ્યા નહિ કે ઉપરથી કોઈ દેવ ઉતરે ને કહે માર્ગ તો આ છે. અરેરે..! એવા કાળમાં જેને આત્માનું ભાન થાય અને રાગથી ભિન્ન પડીને સમ્યક્ દર્શન કરે એ ધન્ય છે, એમ કહે છે. ૨૫૯.

ઘણા જીવોને સત્ સમજવાની અંતરથી તાલાવેલી થાય, ત્યારે સંસારમાંથી ઉન્નતિક્રમમાં આગળ વધેલા કોઈ જ્ઞાની તીર્થંકરપણે જન્મે. તેમના નિમિત્તે જે લાયક જીવો હોય તે સત્યને સમજી લે —એવો મેળ સહજ જ થઈ જાય છે. તીર્થંકર કોઈ અન્ય માટે અવતાર લેતા નથી. ૨૬૦.

*

આહાહા..! આત્મા દ્રવ્યે પૂર્ણ શુદ્ધ, ગુણે દર્શન-જ્ઞાન આદિથી પૂર્ણ શુદ્ધ અને એની પર્યાયમાં દેખવા-જાણવાની પર્યાયની એ પ્રવૃત્તિ એની છે. એ દયા, દાનના વિકલ્પની પ્રવૃત્તિ આત્માની નહિ. આહાહા..! હવે આવી વાત કેમ બેસે? ૨૬૧.

*

અરેરે! અનંતે કાળે ત્રસ થવું મુશ્કેલ, એમાંથી મનુષ્ય થવું મુશ્કેલ, એમાંથી જૈનકુળમાં જન્મ મુશ્કેલ, જૈનકુળમાં જન્મ થવા છતાં સાચી વાત કાને પડવી મુશ્કેલ. અરે! ભાઈ! કોને રાજી રાખવા અને કોનાથી રાજી થવું? ૨૬૨.

*

સર્પના ઝેર જેને ચડ્યા હોય તેને કડવા લીંબડા મીઠા લાગે, એમ જેને મિથ્યાશ્રદ્ધાના ઝેર ચડી ગયા છે એને આ પુણ્યના ફળ રાગ અને શેઠાઈ મીઠા લાગે. પ્રભુ..! આવી વાતું છે. ૨૬૩.

*

સર્પ સાથે નોળિયો લડે ત્યારે સર્પનું ઝેર ચઢે નહિ એટલે નોળિયો નોળવેલ નામની વનસ્પતિ છે તે સૂંઘવા જાય. અહીં ઊંધું છે, એ અહીંથી પોતાને ગામ જાય અને દુકાન ને ધંધા ને રાગનું ઝેર સૂંઘી આવે ત્યારે એને સખ આવે. ૨૬૪.

*

દિવાળીએ દળના લાડવા થતાં, એમ આ આત્મા આનંદના દળનો લાડવો છે. અરે..! એની નજરુંમાં એ આવે નહિ. પુણ્ય અને પાપના વિકલ્પો, એનું બંધન

અને ફળ આ બધું પુદ્ગલની છાયા, દુશ્મનનો પરિવાર. આહાહા..! એમાં પોતા-પણું માનીને અનાદિથી મિથ્યાદૃષ્ટિ રોકાયેલો છે. ૨૬૫.

*

અરહંત એટલે વીતરાગી પર્યાય, સિદ્ધ એટલે વીતરાગી પર્યાય, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એટલે વીતરાગી પર્યાય –એ બધી વીતરાગી પર્યાયો મારા આત્મામાં જ પડેલી છે. તેથી મારે બીજે ક્યાંય નજર કરવાની નથી. મારો આત્મા જ મને શરણરૂપ છે. ૨૬૬.

*

નાની ઉંમરમાં રમતા ત્યારે કહેતા કે મામાનું ઘર કેટલું? કે દીવો બળે એટલું, એમ આત્માનું ઘર કેટલું? કે, ચૈતન્યપ્રકાશ ઝળહળે તેટલું. આહાહા..! ૨૬૭.

*

કોઈ અબજોપતિ મોટો માણસ મળવા આવ્યો હોય ને તે વખતે બે-ચાર વર્ષનો છોકરો આવ્યો ને એની સાથે વાતે વળગી ગયો પા કલાક. ઓલો મોટો માણસ ઊઠીને ચાલ્યો ગયો. એમ અહીં પરમાત્મા કહે છે, અંદર આનંદનો નાથ ભગવાન નજીકમાં બિરાજે છે તેની સામું જોયું નહિ અને રાગ ને વિકલ્પની રમતમાં રોકાઈ ગયો. આહાહા..! ૨૬૮.

*

નાળિયેરમાં જેમ છાલા છે એમ આ શરીર છે એ છાલા છે, અંદર જેમ કાચલી છે તેમ આઠ કર્મ એ કાચલી જડ છે, ઓલી લાલ છાલ છે એમ પુણ્ય-પાપના, શુભ-અશુભના ભાવ એ લાલ છાલ છે. એ લાલ છાલની પાછળ ધોળો ગોળો એ નાળિયેર છે, એમ અહીં પુણ્ય-પાપની છાલની પાછળ ભગવાન છે તે આનંદનો કંદ ગોળો છે. ૨૬૯.

*

અરે..! આ મરતી વખતે મોઢા ફાટ્યા રહેશે. અહા..! જેણે ચૈતન્ય ભગવાન આત્મા એનો અનુભવ કર્યો નથી, દૃષ્ટિ કરી નથી, હું એક રાગ વિના પૂર્ણાનંદનો નાથ છું એવા સંસ્કાર રેડ્યા નથી, એ મરતા ભીંસમાં ભીંસાઈ જશે. એ રાગ અને પુણ્યના પરિણામમાં મહાવીર.. મહાવીર કરે ભલે, પણ એ તો રાગ છે. એ રાગની ભીંસમાં ભીંસાઈ જશે. ૨૭૦.

*

મૂળ દરકાર કરી નથી. ન સમજાય એવી ચીજ નથી. અંતર્મુહૂર્તમાં અનુભવ થઈ શકે છે. અનાદિ નિગોદનો જીવ મનુષ્ય થઈને આઠ વર્ષનો થઈને કેવળ પામે. અનાદિસાંત નિગોદ અને સાદિઅનંત સિદ્ધ. વચ્ચે આઠ વર્ષ મનુષ્યના. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લઈ શકે એવી તાકાત તારામાં ભરી છે. આહાહા..! ૨૭૧.

*

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પર્યાય જે મન અને ઇન્દ્રિય દ્વારા પ્રવર્તે છે તેને મર્યાદામાં લાવીને - ગૌણ કરીને અંદરમાં વાળ. ભાઈ! આમાં મૂંઝાવાનું નથી કે આ કેમ પ્રગટે? શાંતિનું કામ છે. નિભ્રત પુરુષોનું કામ છે. ભાઈ! શાંતિથી સમજ. ૨૭૨.

*

ત્રણલોકનો નાથ આનંદનો નાથ પ્રભુ, એ મિથ્યાત્વના ઘાથી લોહી-લુહાણ થઈ ગયો છે, પર્યાયમાં હોં, દ્રવ્યમાં નહિ. આહાહા..! ક્ષયરોગનો મોટો દર્દી છે. અરેરે..! નિગોદમાં જઈને પોઢે છે. જ્યાં એક શરીરમાં અનંતા જીવો ભેગા રહે છે. ૨૭૩.

*

અરે..! ચોર્યાશીના અવતાર રખડવાનો મોટો દરિયો - ભવસિંધુ છે. અનંતવાર અબજોપતિ થયો, અનંતવાર ભિખારી થયો, અનંતવાર દેવ થયો,

અનંતવાર નરકમાં ગયો. આહાહા..! પણ એણે મિથ્યાત્વનો પરિગ્રહ છોડ્યો નહિ. રાગ અને વિપરીત અભિપ્રાય એ મારી ચીજ નથી. મારી ચીજ તો સચ્ચિદાનંદ પ્રભુ એ મારી ચીજ છે. ૨૭૪.

*

અરે! એવા પણ અનાર્ય માણસો છે કે જે બકરીના તાજા બચ્ચાંને સીધા ખાય, એવા પણ અવતાર મનુષ્યના છે. આહાહા..! અરે! એમાંથી નીકળીને આર્યપણું, જૈનનો અવતાર, એમાં પણ વીતરાગની સાચી વાણીનું સાંભળવા મળવું ઘણું દુર્લભ છે અને એની વાત રુચવી એ તો દુર્લભમાં દુર્લભ છે. ૨૭૫.

*

જુવારની ધાણી કરે ને, એમાંથી કો'ક બહાર નીકળી જાય. એમ નિત્ય નિગોદમાં અનંતકાળ રહ્યો, નિગોદમાંથી માંડ મનુષ્યપણું મળ્યું, આહાહા..! એને કરવાના કાળ આવ્યા ત્યાં રોકાઈ ગયો ક્યાંક. આત્માનું હિત કરવાના ટાણા આવ્યા ત્યાં બહાર ક્યાંક ને ક્યાંક અટકી ગયો. ૨૭૬.

*

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગની સભામાં બત્રીસ લાખ વિમાનનો લાડો, અસંખ્ય દેવોનો સ્વામી, એકાવતારી ઇન્દ્ર ગલુડિયાની જેમ બેસીને સાંભળે એ વાત કેવી હશે! આહાહા..! એ કાંઈ સાધારણ પુણ્યથી, ભાગ્ય વિના મળે એવી વાત નથી. આહા..! એ વીતરાગની વાણી આ છે. ૨૭૭.

*

જેવો રસ અને પ્રેમ એને પરમાં છે એવો પ્રેમ એને આત્માના આનંદમાં આવવો જોઈએ, પણ ઈ કરે તો થાય ને, એની મેળાએ થતો હશે? આહાહા..! અને જેને રાગનો પ્રેમ છે એને આત્માના આનંદ પ્રત્યે દ્વેષ છે. આહાહા..! જિનેન્દ્રના પંથના માર્ગની રીત આકરી છે. ૨૭૮.

*

આનંદસ્વરૂપ ભગવાન આત્માનો દૃષ્ટિમાં આશ્રય લીધો નહિ અને પુણ્યના વ્રતના, તપના, ભક્તિના એવા પરિણામમાં સાવધાનપણે તેનું પાલન કરવું, સાવધાનપણે તેનું આચરણ કરવું અને સાવધાનપણે તે વ્રતાદિ, તપના વિકલ્પને યાદ કરવા એ બધો અન્ય પરિગ્રહ છે. ૨૭૯.

*

પ્રભુ! ક્ષણમાં દેહ છૂટી જશે. એની મુદત પૂરી થઈ એટલે ફડાક ઉડી જશે. એમ નહિ જોવે કે આ જુવાન છે અને ૪૦ વર્ષનો કે ૨૫ વર્ષનો છે. દેહ તો સંયોગી ચીજ છે, એની ચીજ ક્યાં છે? એટલે એ ચીજને છૂટ્યા પહેલાં અંદર છૂટો ભગવાન છે તેની શ્રદ્ધા દ્વારા, એ આનંદની પર્યાયના વેદન દ્વારા આ આનંદસ્વરૂપ છે તેમ માન અને જાણ. ૨૮૦.

*

આ આત્મા એવી અચિંત્ય સર્વોત્કૃષ્ટ વસ્તુ છે કે એના જેવી જગતમાં મોટી બીજી કોઈ વસ્તુ નથી. ભાઈ! આવા મનુષ્યદેહમાં જો તારી ચીજની સંભાળ કરી નહિ, બાપા! વખત નહિ મળે પછી. ૨૮૧.

*

ભગવાન કહે છે કે એ બધા અબજોપતિ, પૈસાવાળા ભિખારી છે, રાંકા છે. પોતાની ચીજની ખબર નથી અને પર ચીજનો માગણ થયો એ ભિખારી થયો. તારી ચીજમાં જ્ઞાન પડ્યું છે, આનંદ પડ્યો છે, શાંતિનું ધન પડ્યું છે એ તારી લક્ષ્મીની તને કિંમત નથી અને આ ધૂળની કિંમત કરવા જાય છે, એ ભિખારી છે. ૨૮૨.

*

અરેરે..! એને રખડતા અનંતકાળ થયા, પણ ચોર્યાસીના અવતાર કરી કરીને થાક્યો નહિ. જિનસ્વરૂપી પોતાના વીતરાગ સ્વભાવથી વિપરીત દયા-દાનના વિકલ્પ અને એના ફળમાં આ સંયોગમાં અધિકતા, વિસ્મયતા, વિશેષતા જેને ભાસે છે એને ભગવાન આનંદસ્વરૂપનો અનાદર છે. ૨૮૩.

અરે ભાઈ! આવો અવસર મળવો મુશ્કેલ છે. ભાઈ! દુનિયાનું સહન કરી લેજે પણ આ વસ્તુને પકડજે. દુનિયામાં પ્રતિકૂળતા હો, ગમે તે પરિષહ ઉપસર્ગ હો એને ગણીશ નહિ. કુટુંબ-કબીલા કદાચ વિરોધ કરે એને ગણીશ નહિ. આ કરી લે.. આ કરી લે. ૨૮૪.

*

હીરાને જેમ પાસા હોય છે, પણ એ ભિન્ન-ભિન્ન પાસાની દિશાઓ છે, ચૈતન્ય હીરલાની દિશાઓમાં એક જ દશાના અનંત અનંત પાસા અંદર છે. આહાહા..! એવો સાક્ષાત્ પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. સાક્ષાત્ છે તો પર્યાયમાં સાક્ષાત્ થઈ શકે એમ છે. ૨૮૫.

*

રાજાનો દીકરો હોય, કરોડો અબજો રૂપિયા લગ્નમાં એક દિ'માં ખર્ચ્યા હોય, તેને લગ્નના દિવસે કોઈ જમશેદપુરની ભઠ્ઠીમાં જીવતો નાખે અને એને જે દુઃખ થાય તેના કરતાં અનંતગુણી પીડા પહેલી નરકના દશ હજાર વર્ષની સ્થિતિએ છે. ભાઈ! તું ભૂલી ગયો. ૨૮૬.

*

ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજે છે ત્યાં તું અનંતવાર ગયો છો. ભાઈ! મહાવિદેહમાં તારા જન્મ કાંકરીએ કાંકરીએ અનંતા ભવ થયા છે. મહાવિદેહમાં તીર્થંકર અને કેવળીનો કોઈ દિ' વિરહ નથી ત્યાં પણ તું ગયો છો, પણ તારી ચીજને તેં અડવા દીધી નથી. ૨૮૭.

*

શરીરના ભરોસા નથી. ઘડીકમાં શરીરની સ્થિતિ ફરી જાય છે. ઘડીકમાં પક્ષઘાત થઈ જાય, ગળામાં કેન્સર થાય, છાતીના કેન્સર થાય. આહાહા..! અને રાગને પોતાપણું માને એને અંતરનું કેન્સર છે. ૨૮૮.

*

જેમ બકરાના ટોળામાં સિંહનું બચ્ચું આવી ગયું હોય તો એને ખબર નથી કે હું સિંહ છું. એમ અનાદિથી અજ્ઞાની 'પુણ્ય-પાપના ભાવ અને શરીરાદિ મારા' એવા મમકારમાં બકરાના ટોળામાં ભળી ગયો. એમાં પરમાત્માની દિવ્ય-ધ્વનિની ગર્જના આવી, 'પ્રભુ! તું પરમાત્મા છો ને, મારી જાતની જાત જ તારામાં છે. વિશ્વાસ લાવ.' ૨૮૯.

*

આ તો નિવૃત્તિ લેવી જોઈએ, બાપુ! અને નિવૃત્તિથી એનું વાંચન જોઈએ અને સ્વાધ્યાય જોઈએ. આહાહા..! અને એના સ્વાધ્યાયમાં પણ પોતે ભગવાન પૂર્ણ છે એ તરફ ઝૂકવું જોઈએ. ૨૯૦.

*

ભગવાન આત્મા! સુખદેવ સંન્યાસી છે. સુખનો દેવ અને રાગાદિનો ત્યાગી છે. આહાહા..! આનંદસાગર સુખદેવ સંન્યાસી પ્રભુ છે. ૨૯૧.

*

ચોર્યાસીના અવતારમાં રખડતાં એણે એકલા દુઃખ વેઠ્યા છે. એ દુઃખના દેખનારને આંખમાંથી આંસુની ધારા ચાલી છે. આહાહા..! દુઃખ જોઈ શકે નહિ એવા દુઃખ તેં વેઠ્યા છે. પ્રભુ! અનંતકાળ આમ દુઃખમાં જ ગયો છે. ૨૯૨.

*

ભગવાન આત્મા પોતે અતીન્દ્રિય સુખથી ભરેલો એના અભિલાષી જીવને દુનિયાની કોઈપણ અનુકૂળતાની સગવડતામાં ઉલ્લસિત વીર્ય થતું નથી. ક્યાંય જેને બાહ્ય પદાર્થો પ્રત્યેની સૂક્ષ્મ દોડમાં પણ ઠીક છે એમ લાગતું નથી, એ ભગવાનઆત્મા એના અતીન્દ્રિય સુખનો અભિલાષી થાય છે. ૨૯૩.

*

બાળકને એની મા વખાણના ગાણા ગાઈને ઘોડિયામાં સુવરાવે છે. કેમકે એ વખાણ અવ્યક્તપણે પણ એને પ્રિય લાગે છે. અહીં સંતો, મુનિઓ એને

જગાડવા માટે ભગવાન કહીને બોલાવે છે, 'જાગ રે જાગ નાથ! હવે સૂવું પાલવે નહિ તને.' આહાહા..! ૨૯૪.

*

અરે! ક્યાં પડી છે એને! દુકાને બેઠો હોય તો એટલું ધ્યાન રાખીને બેસે કે ખાધું ન હોય, રાત્રે ઊંઘ ન આવી હોય તોપણ ત્યાં ઝોલા આવે નહિ. અને અહીં તત્ત્વની વાત સાંભળવા આવે અને ચા સરખી પીધી ન હોય તો ઝોલા આવે. કાં બપોરે ઊંઘ સરખી ન આવી હોય તો ઝોલા આવે. આહાહા..! ૨૯૫.

*

અરે! એક અડદની દાળ સદડી ન થાય એટલે કે દાળ અને પાણીનો મેળ બરોબર ન થયો હોય ત્યાં ભાઈસાહેબના પીત્તા ફાટી જાય. આહાહા..! હવે એને કહે કે, ભગવાન ત્રણલોકનો નાથ તું ચિદાનંદ, શાંતિનો સાગર છો, પણ એને કેમ બેસે? ૨૯૬.

*

અરે..! આવા વખત મળ્યા. માંડ-માંડ માણસ થયો છે હોં! ભાઈ! એને કિંમત નથી, એને કિંમત નથી. ક્યારે કેટલે કાળે આ સ્થિતિ પામ્યો! એમાં કરવાનું જે કાંઈ છે એનું એણે લક્ષ પણ ન કર્યું. મોટા રાજા કે કરોડપતિ બધા ગલુડીયા મરે અને અળસિયા મરે એમ મરે છે. આહાહા...! ૨૯૭.

*

અરે! બહારના સંગમાં કોની સાથે સંબંધ અને કોના ખોટાં લગાડવા અને કેટલું રહેવું! અરે! વિકારનો સંગ પણ વસ્તુને ક્યાં છે! અસંગ ચૈતન્યને પરનો સંગ નથી અને વિકલ્પનો પણ સંગ નથી. ૨૯૮.

*

'કર્મનો બંધ મને છે' એવો જે સંદેહ એ મિથ્યાત્વને લઈને છે. 'રાગનો સંબંધ અને કર્મનો સંબંધ મને છે' એ મિથ્યાત્વનો ભાવ છે. ૨૯૯.

પાંચ ઇન્દ્રિય તરફના વલણમાં મનરૂપી માકડાને (વાંદરાને) ત્યાં જતાં ઠીક લાગે છે, ઉલ્લસિત વીર્ય ત્યાં દેખાય છે, તેને અતીન્દ્રિય આનંદના નાથ આત્મામાં જવું દુર્લભ થાય છે. પાંચ ઇન્દ્રિયના તરફ જતાં મનને પાછું વાળ. ૩૦૦.

*

મુમુક્ષુ ધીરો થઈ ધીરે.. ધીરે.. અંતરમાં જવાનો પ્રયત્ન કરે. બહાર જવામાંથી ખસી જાય એટલે કે દુનિયાને રાજી કરું, કે દુનિયાથી રાજી થાઉં એ છોડી દ્યે. ધીરજથી અંતરનો પ્રયત્ન કરે અને મૂંઝવણમાંથી પણ માર્ગ તો શોધી લે. મૂંઝવણમાં મૂંઝાય નહિ. ૩૦૧.

*

જે પર્યાયમાં પુરુષાર્થ પર તરફ ગતિ કરે છે એ પુરુષાર્થને સર્વ પુરુષાર્થથી અંદરમાં વાળ. આહાહા..! તારા વીર્યની ગતિ જે પરમાં રોકાઈ ગઈ છે એ વીર્યને અંતરમાં પૂર્ણ પુરુષાર્થથી વાળ. ૩૦૨.

*

અરે..રે..! આવું મનુષ્યપણું ચાલ્યું જાય છે એમાં આવી વાત! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ, અનંત કેવળી પરમાત્માની આ દિવ્યધ્વનિ છે. એને સમજવા માટે પાત્રતા જોઈએ, યોગ્યતા જોઈએ, ગરજ જોઈએ, રસ જોઈએ. આહાહા..! પોતા સિવાય પરચીજનો રસ ઘટી જવો જોઈએ. ૩૦૩.

*

આ તો મહા સિદ્ધાંતો છે. ધ્યાન રાખે તો પકડાય તેવું છે, સમજાય એવું છે. જગતના ધુમાડાના બાચકા ભરી ભરીને મરી ગયો અનાદિથી. અનાદિથી રાગને પોતાનો કરવા મથે છે પણ એ રાગ પોતાનો થતો નથી, તો રજકણ તો શેનો એનો થાય! સમજાણું કાંઈ? ૩૦૪.

*

મકાન વેચે ત્યારે લખી આપે છે ને કે યાવત્ ચંદ્ર દિવાકરો એટલે કે જ્યાં સુધી ચંદ્ર ને સૂર્ય છે ત્યાં સુધી આ બધું તમારું. એ તો ધૂળમાં પણ તારું નથી. સાંભળને ભગવાન! એ આત્મા પોતાના દ્રવ્યમાં યાવત્ ચંદ્ર દિવાકરો પોતે રહેલો છે. પોતાની અસંખ્ય પ્રદેશી વસ્તુ છે એમાં રહેલો છે. ૩૦૫.

*

અનેકાન્ત તો એ છે કે પોતાના આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી જ મોક્ષની સિદ્ધિ થાય છે, વ્યવહારથી મોક્ષની સિદ્ધિ થતી નથી. પોતાનું સ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ એના વીતરાગી સ્વસંવેદનજ્ઞાનથી જ મુક્તિ થાય છે, નિમિત્તથી કે વ્યવહારથી નથી થતી, એ અનેકાન્ત છે. ૩૦૬.

*

જે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એની સન્મુખતાથી જે જ્ઞાન થયું, જ્ઞાનમાંથી જ્ઞાન આવ્યું એ જ્ઞાન મોક્ષનું સાધન છે. આહાહા..! બાકી તો અગિયાર અંગ ને નવ પૂર્વ અનંતવાર ભણ્યો પણ એ જ્ઞાન જ નહિ. ૩૦૭.

*

આહાહા..! ભગવાન! તું ચૈતન્યસ્વરૂપ વીતરાગમૂર્તિ અમૂર્તસ્વરૂપ છો અને આ શરીર, સ્ત્રી, કુટુંબ આદિ કર્મથી ઉત્પન્ન થયેલી સામગ્રી છે. એ તારી નથી, તારામાં નથી, તું એનામાં નથી. ‘આ મારું ઘર, મારું શરીર, મારી સ્ત્રી’ એ તને મિથ્યાત્વના ભૂતનો વળગાડ વળગ્યો છે. ૩૦૮.

*

પરમાત્મપ્રકાશમાં આવે છે ને, ભવે ભવે જિન પૂજીયો. અનંતવાર ભગવાનના સમવસરણમાં જઈને હીરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલ અને મણિ-રતનના દીવા લઈને પૂજા કરી, પણ નિજ આત્મા શું છે એની દૃષ્ટિ ન કરી. ૩૦૯.

*

આહાહા..! આવા મહા મોંઘેરા મનુષ્યભવમાં, આત્મા આનંદનો નાથ પ્રભુ છે એની રુચિ ને શ્રદ્ધા કરવાનો તેં વખત લીધો નહિ અને બહારના પુણ્ય-પાપના પરિણામમાં રોકાઈ વખત ગાળ્યો, ભાઈ! તારો મનુષ્યનો ભવ એળે ગયો. ૩૧૦.

*

બાપુ! એ દેહના ક્ષણના ભરોસા નથી. તને એમ લાગતું હોય કે અત્યારે મને નખમાં પણ રોગ નથી. પણ બાપુ! આવશે ત્યારે વાર નહીં લાગે. તને ત્યારે ભીડ પડી જશે. પ્રભુ! પર તરફના વિકલ્પના જોડાણથી એ દેહ છૂટવાથી તને ભીંસ પડી જશે. અને એના વિકલ્પને છોડીને ભગવાન તરફ જા તો તારી ભીડ ભાંગી જશે. ૩૧૧.

*

સનેપાતિયા સનેપાતના જોરમાં દાંત કાઢે પણ એ દુઃખી છે, એમ અજ્ઞાની શરીર, સ્ત્રી, કુટુંબ, પૈસા, આબરુ, પરમાં અનુકૂળતા દેખી સંયોગોમાં રાજીપો માને છે, પણ એ દુઃખી છે. કરોડપતિઓ પણ મહા દુઃખી છે. ૩૧૨.

*

આ શરીર જે માટી, ધૂળ છે એની મમતા છોડ. 'દેહ મારો' એ ભાવ જ મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ એ જ મહાદુઃખનો સમુદ્ર છે. તારે સુખી થવું હોય તો પ્રભુ! એકવાર દેહનો પ્રેમ છોડ. ૩૧૩.

*

રાત્રે ઊંઘ ન આવે એટલે પડખું ફેરવે, એમ શરીર મારું, બાયડી મારી, પૈસા મારા, રાગ મારો એ પડખે સૂતો છો ત્યાં દુઃખ છે, કષાયની હોળી ત્યાં સળગે છે. આહાહા..! પ્રભુ! હવે એકવાર જ્યાં આનંદનો નાથ અંદર બિરાજે છે એ પડખે અંદર આવી જા. સમજાણું કાંઈ? ૩૧૪.

*

આહાહા..! એક ક્ષણમાં ચાલ્યા જવું પરભવમાં! એક ક્ષણમાં એને બધો ભુંહાડ્યો વળી જવાનો. ચાલ્યા. ક્યાં ગયા? ગયા ઈ તો પોતાનો ભાવ લઈને. હવે અહીં કાંઈ સંબંધ નહીં લેવા કે દેવા. ૩૧૫.

*

સમેટ.. સમેટ.. સમેટ. બહારની દૃષ્ટિ સમેટ. તારી દોલત તારા નિધાન તારી અંદરમાં ભર્યા છે, અંદરમાં જો! અંદરમાં જો! અંદરમાં સુધારસ ઝરે છે-ચૂવે છે ત્યાં દૃષ્ટિને જોડ. ૩૧૬.

*

જગતમાં પ્રસિદ્ધિનો મોહ જગતમાં પરિભ્રમણ કરાવશે. ૩૧૭.

*

અરે ભાઈ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી! તારી અંદરમાં પરમાત્મપણું બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે? આવું પરમાત્મપણું સાંભળતા એને અંદરથી ઉલ્લાસ ઉછળવો જોઈએ, એની લગની લાગવી જોઈએ, એને માટે ગાંડા થવું જોઈએ. ૩૧૮.

*

ભાઈ! આ દુનિયાની હોળી તો સળગ્યા જ કરશે. તું તેમાંથી બહાર નીકળી જા ને હવે! આહાહા..! ૩૧૯.

*

પશુ અર્થાત એકાંતવાદી અજ્ઞાની શુભ-અશુભ રાગ, પર તરફના હરખનો ઉલ્લાસનો ભાવ, શોકનો ભાવ તેને જ પોતાપણાના અસ્તિત્વે માનતો અને તે રૂપે પરીણમન થાય એ 'મારું પરીણમન છે, અવસ્થા છે' એવું માને છે, તે અધર્મને સેવે છે. ૩૨૦.

*

ભાઈ! તારા સિવાય બાહ્ય પદાર્થોમાં ક્યાંય તને મહિમા થયો તો તારી મહિમા ગઈ. શરીર સુંદર લાગે, રૂપાળું લાગે, અવયવોમાં નમણાઈ લાગે, એવા ભાવની મહિમા લાગે એને ભગવાનમાં ભરેલો આનંદનો ભાવ એની મહિમા લાગતી નથી. ૩૨૧.

*

શાસ્ત્રોના શબ્દો વિના હૈયા ઉકેલ થઈ જવો જોઈએ. ઉપાડ મૂળમાંથી આવવો જોઈએ. અન્ય સર્વ વિકલ્પો છૂટી જાય અને અધ્ધરથી આત્મા સંબંધી જ વિચારો ચાલ્યા કરે અને વળગ્યા જ રહે. આખી સત્તાનું જ્ઞાનમાં ઘોલન ચાલે છે. બીજી બીજી ચિંતાઓ હોય તો આ ક્યાંથી ચાલે? આનો અભ્યાસ વારંવાર જોઈએ. ૩૨૨.

*

અરે! તું ભગવાન સ્વરૂપ! ભગવાન તું ક્યાં ગયો? તારો વિરોધ નથી, પ્રભુ! તારાથી વિરુદ્ધ ભાવનો વિરોધ છે. જેની મા ખાનદાનની દીકરી, જેની આંખ ઊંચી ન થાય એનો દીકરો વેશ્યામાં જાય, એમ આ પરિણતિ પ્રભુની જે પોતાના સ્વભાવને છોડી વિકારમાં જાય, પ્રભુ! શરમ આવે છે. ૩૨૩.

*

આહાહા..! બહારના પ્રપંચની વસ્તુમાં જેને અધિકતા ભાસે છે, અને કાંઈક વિશિષ્ટતા લાગે છે, એ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માનો અનાદર કરે છે. ૩૨૪.

*

અરે પ્રભુ! તું સ્વભાવે પરમેશ્વર છો. તારી વિરુદ્ધની વાતો કરતાં શરમ આવે છે! અનાદર નથી આવતો. ક્યાં તારી શુદ્ધતા અને ક્યાં આ વિકારી ભાવ—મિથ્યાત્વ-સંસાર! ૩૨૫.

*

ગમે તે પ્રસંગ હો, આત્માનું જ્ઞાતાદૃષ્ટાપણે રહેવું તેમાં જ શાંતિ છે. સંયોગો પ્રતિકૂળ હો કે અનુકૂળ, એ દરેક પ્રસંગમાં 'હું એક શુદ્ધ ચૈતન્ય આનંદઘન છું' એ દૃષ્ટિ ખસવી ન જોઈએ. ૩૨૬.

*

મારું અસ્તિત્વ સહજ એક જ્ઞાયકભાવ છે, તેમાં શરીરાદિ પરનો કે રાગાદિ વિભાવનો પ્રવેશ નથી અને મારો જે સ્વભાવ છે તે પરમાં જતો નથી – આવી દૃષ્ટિ રહેવાથી પરના ગમે તે પ્રસંગમાં જીવને શાંતિ રહે, ખેદનો ખદબદાટ ન થાય. અહા! આવી વાત છે. ૩૨૭.

*

અરે ચૈતન્ય પ્રભુ! તારી શક્તિના એક ટંકારે તું કેવળજ્ઞાન લે —એવી તારી તાકાત! અને તું કહે કે મને મારું સ્વરૂપ ન સમજાય —એ કહેતાં તને શરમ નથી આવતી? ૩૨૮.

*

સત્ સ્વરૂપનું સત્ય નિરૂપણ પણ જેને સાંભળવા મળે છે તે મહા ભાગ્યશાળી છે. સત્ શ્રવણ-મનન વિનાનું જીવન ઢોર જેવું છે. ૩૨૯.

*

વિકલ્પો જે રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, રળવું, ભોગ, વિષય, પાપના ભાવ એમાં તેં તારા તંબુ નાખ્યા છે. અરરર..! એ બધા રખડવાના, નરક અને નિગોદમાં જવાના રસ્તા છે. એ... ત્યાંથી ખસી જા. જ્યાં અનંત જ્ઞાનનો નિવાસ છે ત્યાં જા ને પ્રભુ! ૩૩૦.

*

આ મકાન બનાવે ધૂળના બે, પાંચ લાખના અને વાસ્તુ કરે આમ જાણે ઓહોહો...! બે, પાંચ હજાર ખર્ચે. મંત્રીને ને મોટાને બોલાવે. શું કર્યું એમાં, ધૂળ

કરી સાંભળને હવે. આહાહા..! આ વાસ્તુ તો જ્ઞાન, આનંદ આદિ બેહદ શક્તિ જેમાં ભરેલી છે તેમાં વસ ને! ૩૩૧.

*

આહાહા! આખી દુનિયા ભૂલાઈ જાય એવું તારું પરમાત્મતત્ત્વ છે. અરેરે! ત્રણ લોકનો નાથ થઈને રાગમાં રોળાઈ ગયો! રાગમાં તો દુઃખની જ્વાળા સળગે છે, ત્યાંથી દૃષ્ટિ છોડી દે! અને જ્યાં સુખનો સાગર ભર્યો છે ત્યાં તારી દૃષ્ટિ જોડી દે. ૩૩૨.

*

તારા પરમાત્મતત્ત્વને પર્યાય સ્વીકારે છે પણ એ પર્યાયરૂપ હું છું એ પણ ભૂલી જા! અવિનાશી ભગવાન પાસે ક્ષણિક પર્યાયના મૂલ્ય શા? પર્યાયને ભૂલવાની વાત છે ત્યાં રાગ ને દેહની વાત ક્યાં રહી? આહાહા..! એકવાર તો મડદાં ઊભા થઈ જાય એવી વાત છે એટલે કે સાંભળતા જ ઊછળીને અંતરમાં જાય એવી વાત છે. ૩૩૩.

*

મિથ્યાત્વમાં અનન્તા ભવ કરવાની તાકાત છે. જેને મિથ્યાત્વનો રસ છે એ ભવ કર્યા જ કરશે. અને જેણે એ રસ તોડ્યો છે, આહાહા! જેમાં ભવ અને ભવનો ભાવ નથી એવો જે ભગવાન આત્મા એનો આશ્રય લેશે, એને ભવ નહિ થાય. ૩૩૪.

*

જેને આત્મા પ્રાપ્ત કરવો છે, તેનું લક્ષ વારંવાર આત્માની સન્મુખ ગયા કરે, આત્માની ધૂન ચાલ્યા કરે. બીજી ધૂન તો અનંતકાળથી ચડી ગઈ છે, એકવાર આત્માની ધૂન તો જગાડ અને છ માસ તો પ્રયત્ન કર! વારંવાર અંતર્મુખનો પ્રયત્ન કર તો જરૂર તને આત્માની પ્રાપ્તિ થશે. ૩૩૫.

*

અરેરે..! એનો બાપ મરી જાય એ વારસો લેવા તૈયાર થઈ જાય. કહે, કુંચી (ચાવી) ક્યાં છે? કુંચી આપો. આહાહા..! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ આ વારસો મૂકી ગયા છે, તેની સામું જોતો નથી, એ લેવા દરકાર કરતો નથી. ૩૩૬.

*

વારંવાર આ નિર્વિકલ્પ આત્મા, નિર્વિકલ્પ આત્મા –એમ સાંભળે છે એનો અર્થ જ એ કે ઈ એને રુચે છે. અંદરમાં વિપરીત માન્યતા ઉપર ઘણ પડે છે સંસ્કારના, ઈ નિર્વિકલ્પ થશે જ. ૩૩૭.

*

આ તો વીજળીને ઝબકારે આયુષ્ય ચાલ્યું જાય છે, ભાઈ! સમય સમયની સ્થિતિ ચાલી જાય છે. એ ઝબકારો પૂરો ક્યારે થઈ જશે? એ પહેલાં જો આત્માનું કામ ન કર્યું તો રખડી મરશે ચાર ગતિમાં. ૩૩૮.

*

ચક્રવર્તીની સંપદા કરતાં પણ જેનો એક સમય અતિ કિંમતી છે, એવો આ અતિ દુર્લભ મનુષ્યભવ અનંતા ભવ-ભ્રમણના અભાવ માટેનો ભવ છે. ૩૩૯.

*

એકવાર પરને માટે તો મરી જવું જોઈએ. પરમાં મારો કાંઈ અધિકાર જ નથી. અરે ભાઈ! તું રાગને ને રજકણને કરી શકતો નથી એવો જ્ઞાતાદૃષ્ટા પદાર્થ છો. એવા જ્ઞાતાદૃષ્ટા પદાર્થની દૃષ્ટિ કર, ચારે બાજુથી ઉપયોગને સંકેલીને એક આત્મામાં જ જા. ૩૪૦.

*

બહારની વિપદા એ ખરેખર વિપદા નથી. બહારની સંપદા એ ખરેખર સંપદા નથી. ચૈતન્યનું વિસ્મરણ મોટી વિપદા છે, ચૈતન્યનું સ્મરણ તે જ સાચી સંપદા છે. ૩૪૧.

*

આહાહા! આવી સાચી વાત આવા કાળમાં નહિ સમજે તો બાપા! આ મનુષ્યદેહ તો ચાલ્યો જશે. આ તો હાડકા, માટી છે, એની મુદત સુધી રહેશે, મુદત પૂરી થયે ચાલ્યો જશે. તારે જે કરવાનું છે એ ન કર્યું તો ઈયળના અવતાર અને માણસના અવતારમાં ફેર શું? ૩૪૨.

*

સમજાય એટલું સમજો, બાપુ! આ તો ભગવાનની વાત છે. 'સહેજે સમુદ્ર ઉલ્લસ્યો જેમાં રતન તણાણાં જાય, ભાગ્યવાન કર વાવરે એની મોતીએ મુઠી ભરાય, ભાગ્યહીન કર વાવરે એની શંખલે મુઠી ભરાય.' આસ્થાથી, શ્રદ્ધાથી, ઉત્સાહથી, ઉલ્લસિત વીર્યથી સ્વીકાર કર. ૩૪૩.

*

આહાહા..! હવે આવું સમજવામાં ક્યાં નવરાશ છે! એક તો બાયડી, છોકરામાં મશગુલ પડ્યો હોય. ઊંઘમાં ને ખાવામાં ને પીવામાં, કુટુંબ-કબીલાને રાજી રાખવામાં ૨૨-૨૩ કલાક જાય. અરેરે! એનો કાળ ક્યાં જાય છે! આવું સાંભળવા વખત મળે નહિ એને નિર્ણય કરવાનો વખત ક્યારે મળે? ૩૪૪.

*

આહાહા! જેને આત્માના પ્રેમ સિવાય પરમાં પ્રેમની રુચિ પડી છે, પોષાણ જેને પર વસ્તુનું છે, એને સ્વવસ્તુનું પોષાણ નથી, રુચિ નથી. ભગવાન આત્મા એને પોષાતો નથી. ૩૪૫.

*

અહો! દેહ, સંસાર અને ભોગથી ચેતતા રહેવા જેવું છે. ૩૪૬.

*

આહાહા! એ ચોરાશીના અવતારમાં લુંટાણો છે. ભાઈ! તારી નિધિ તારું નિધાન સચ્ચિદાનંદ પ્રભુ અંદર પડ્યું રહ્યું છે. એની સામું જોયા વિના, વેરીની

સામું તેં જોઈને વેરીને વ્હાલા કર્યાં છે. આહાહા! એ શુભ અને અશુભનો રાગ એને તેં વ્હાલા કર્યાં, ભગવાન! હવે છોડ ને! ૩૪૭.

∗

ભાઈ! તારા માહાત્મ્યની શી વાત! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત! અહો! મારી તાકાત તે કેટલી! જેમાં નજરું નાખતાં નિધાન ખુલી જાય એ તે વસ્તુ કેવી! રાગને રાખવાનો તો મારો સ્વભાવ નહિ પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ. ૩૪૮.

∗

ભાઈ! તું પંચમકાળે ભરતક્ષેત્રે અને ગરીબ ઘરે જન્મ્યો છો એથી અમારે આજીવિકા આદિનું શું કરવું એમ ન જો! તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો. જે ક્ષેત્રે અને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો. ૩૪૯.

∗

અરે! આ જીવે પોતાની દરકાર કરી નથી. પચાસ-સાંઈઠ-સીત્તેર વર્ષ મનુષ્યપણું ખોઈને ચાલ્યા જાય. જીવની ત્રસમાં રહેવાની સ્થિતિ ૨૦૦૦ સાગરની છે, તે જેની પૂરી થશે અને આત્માનું કાર્ય નહિ કરે તો નિગોદમાં જશે. આહાહા..! તો એ ભવમાં રખડવાનો છે. ૩૫૦.

∗

બાપુ! આ માર્ગ તો પુરુષાર્થીનો છે. આહાહા! અને એ પણ આ વાત સમજવામાં જેનું ઉલ્લસિત વીર્ય છે, એને માટે આ વાત છે. ઉલ્લસિત વીર્યનો અર્થ - પોતાના સ્વરૂપની રચનામાં વીર્ય ઉલ્લસિત છે. ૩૫૧.

∗

જોડે પ્રભુ બિરાજતાં હોય અને એના દુશ્મનની સાથે વાતુ કરે ઈ પ્રભુ ક્યાંથી પ્રસન્ન થશે? શુભાશુભભાવ તો દુશ્મન છે. ઈ ગોઠે છે તો પ્રભુ પ્રસન્ન ક્યાંથી થશે ! ૩૫૨.

સ્ત્રી, કુટુંબ, પરિવાર વિગેરે તો આત્માના દુશ્મન જે કર્મ એણે ઊભાં કરેલા કાવત્રા છે, એને પોતાના માનવા એ જ સંસારનું બીજ છે. ૩૫૩.

*

અરેરે..! જગતના બાહ્ય પદાર્થોની વિસ્મયતા, અધિકતા અને તેના માહાત્મ્ય અને મોટપ આગળ ભગવાનની મોટપ એને સૂઝતી નથી. જગતના શરીર, વાણી, રંગ, રાગ એની વિસ્મયતા ને અપૂર્વતા ને અચિંત્યતા દેખાય છે, તેથી તેમાં રોકાઈને પોતાના ભગવાનના અપૂર્વ સ્વભાવને ભૂલી ગયો છે. ૩૫૪.

કોઈને ફાંસીનો ઓર્ડર થયો હોય અને ફાંસી આપવાની રૂમમાં લઈ જાય અને પછી કેવો ધ્રુજવા માંડે! તેમ સંસારના દુઃખથી જેને ત્રાસ ત્રાસ થઈ ગયો હોય એને માટે આ વાત છે. ૩૫૫.

*

ભાઈ! જિંદગી ચાલી જાય છે, બાપા! એમાં જે કરવાયોગ્ય કાર્ય ન કરે અને નહિ કરવાયોગ્ય કાર્ય કરવામાં રોકાઈ જાય. આહાહા! આખી દુનિયા એ રસ્તે છે તો એને દેખીને પોતે પણ એ રસ્તે ચાલ્યો જાય છે. પણ દુનિયા દુઃખી થાય છે ત્યારે એના દુઃખમાં ઈ અને તારા દુઃખમાં તું! ૩૫૬.

*

જેમાં જેને પ્રીતિ હોય તેને તે બદલાવ્યા જ કરે. સ્ત્રીઓ દિવસમાં કેટલીય વાર સાડલા ફેરવ્યા કરે, મોટા રાજા હોય તે જોડા કેટલી બધી જોડ રાખે, એમ નિગોદના જીવને ભવનો પ્રેમ છે, તો એક શ્વાસમાં અઢાર વખત ફેરવ્યા જ કરે છે. આહાહા..! ૩૫૭.

*

જ્ઞાનના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ ક્લેશને ભૂલાવી દે છે. અહો! આ વાત સમજીને પોતે પોતાના અંતરમાં ઊતરવા જેવું છે. પોતે પોતાનું હિત કરવા માટે આ વાત છે. ૩૫૮.

*

પાત્ર થવું કઠણ છે, વાતું કરતાં શીખી ગયો એટલે હું સમજી ગયો એમ માને તો એમ નથી. આ તો બાપુ! સમજવું બહુ દુષ્કર છે. કેટલી પાત્રતા, કેટલી સજ્જનતા, કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય. ૩૫૯.

*

પહેલાં તો પોતાને વિકલ્પવાળો માનવો અને પછી વિકલ્પને ટાળવાનો પ્રયત્ન કરવો ઈ જ મોટામાં મોટી વિપરીતતા છે, મિથ્યાત્વ છે. 'પહેલાં વિકલ્પ વિનાનો છું' એવી દૃષ્ટિ કરે પછી વિકલ્પ છૂટે. ૩૬૦.

*

નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડ્યો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઊતરી જાય છે, એને પ્રતિકૂળતા નડતી જ નથી ને! અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે! મારે આમ છે ને તેમ છે —તેમ કરી કરીને અનંતકાળ ગુમાવ્યો! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઊતરી જા ને ભાઈ! ૩૬૧.

*

ઇન્દ્રિયના વિષયમાં, ભોગમાં, આબરૂમાં, કીર્તિમાં, પૈસામાં, શરીરની સુંદરતામાં, મકાન આદિની વિશેષની વિસ્મયતામાં જે સુખ કલ્પે છે, એ મૂઢ જીવ, મિથ્યાદૃષ્ટિ અનંત જન્મ-મરણ કરવાના કારણરૂપે ભાવ સેવે છે. સુખ તો અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એમાં છે. ૩૬૨.

*

'ચાંપા'ની માની કૂખે 'ચાંપો' હોય, બોરડીએ આંબા ન પાકે. એમ આત્માનો એવો સ્વભાવ છે જેના કૂખમાં, પેટમાં અનંત આનંદ, જ્ઞાન ભર્યું છે. તેમાંથી સમ્યગ્દર્શનની પ્રજા પાકે. દયા, દાન ને વ્રતમાંથી સમ્યગ્દર્શન નહિ પાકે, નહિ થાય. સમજાણું કાંઈ! ૩૬૩.

*

આ તો ભવભ્રમણથી ગભરાયેલાની વાતું છે, બાપા! આ દેહ છૂટીને ક્યાં જશે? આત્મા તો નિત્ય છે, એ કાયમ રહેશે. એની બધી ભેગી કરેલી મોકાણ, ઘરવખરી, બાયડી, છોકરા.. આહાહા! અગ્નિનો ઘેરો ઘાલ્યો હતો, એ છૂટી ગયો. અને ગયો એ રખડવા. આહાહા! ૩૬૪.

*

'રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત.' વંટોળીયામાં જેમ તણખલા ઊડે તેમ આ શરીરના પરમાણુ ઊડી જશે. એ ક્યાં તારી ચીજ છે અને ક્યાં તારામાં છે? આ શરીર તો ધૂળનું મોઢવું છે. મોઢવું એટલે ગોબરના છાણાંનો ઢગલો. જ્યાં અવસ્થા પૂરી થઈ ફટ ફટ રજકણે રજકણ વિખાઈ જશે. તારામાં અનન્તા ગુણો છે એ કોઈ દિ' વિખાય એવા નથી. ૩૬૫.

*

ભગવાનઆત્મા અંદર જ્ઞાનાનંદનો સાગર પ્રભુ! એમાં પ્રવેશ કરવા માટે અનંતો પુરુષાર્થ જોઈએ. અનંતકાળમાં એક સેકન્ડ માત્ર પણ એ વાતને એણે રુચિ અને પુરુષાર્થથી કામ લીધું નથી. સમજાણું કાંઈ? ૩૬૬.

*

આચાર્યદેવ ભવ્યને કહે છે કે હે આત્મા! તું પ્રસન્ન થા! ખુશી થા! તારો આત્મા ત્રણે કાળે એવો ને એવો શુદ્ધ જ છે. દેહાદિ કે રાગાદિ આત્માને અડ્યા જ નથી, સ્પર્શ્યા જ નથી. રાગાદિ તો ઉપર ઉપર લોટે છે. માટે, ભાઈ! તું ખુશી થા! પ્રસન્ન થઈને જો! તારો આત્મા શુદ્ધ ચૈતન્યઘન જ છે. ૩૬૭.

સનેપાતિયા સનેપાતના રોગમાં દાંત કાઢે, પણ એ સુખી નથી. વાત, પિત્ત અને કફ ત્રણ વકરી જાય એટલે સનેપાત થઈ જાય. એમ અનાદિના અજ્ઞાનીને મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાઆચરણનો સનેપાત વળગ્યો છે. સનેપાતવાળો દાંત કાઢે એમ આ અજ્ઞાની દાંત કાઢે કે અમે સુખી છીએ. બંને એક જાતના છે. ૩૬૮.

*

અરે! આવી વાતું કાને પડતાં વિકલ્પ થાય એ પુણ્ય પણ જુદી જાતનું બાંધે. સમજાય છે કાંઈ? અલૌકિક પરમ સત્ય આવું છે એ ધ્યાન રાખીને સાંભળે છે, એ છે તો વિકલ્પ, પણ એના પુણ્યબંધમાં ભવિષ્યમાં સાચા સંત અને સાચા ભગવાનનો યોગ થાય એવું એને પુણ્ય બંધાય છે. ૩૬૯.

*

ભગવાન આત્મા ચૈતન્ય મહારાજા! અતીન્દ્રિય સુખનો સાહેબો આત્મા! એને જોવા નવરો થા ને, ભાઈ! બહારનું જોવાની આંખ બંધ કર. એણે એને કોઈ દિ' રુચિથી સાંભળ્યો નહિ. બીજી વાતો સાંભળવામાં એને ઘણો રસ પડે. ૩૭૦.

*

આહાહા..! આવો સારો સમય મળ્યો તને, ભાઈ ! ભવના અભાવ કરવાનાં ટાણા મળ્યા. લક્ષ્મી ચાંદલો કરવા આવી છે. માથું સરખું રાખ. એટલે ધ્રુવને દૃષ્ટિમાં રાખ હવે. સમજાણું કાંઈ? ૩૭૧.

*

આખા સિદ્ધાંતનો સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ જવું તે છે. અહો! ભાગ્યશાળી હશે તેને આ તત્ત્વનો રસ આવશે અને તત્ત્વના સંસ્કાર ઊંડા ઉતરશે. ૩૭૨.

*

'અરેરે..! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો..હવે મારું શું થશે?' એમ ડર નહિ, મુંઝા નહિ, હતાશ થા નહિ...એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ, સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ. ૩૭૩.

*

અરેરે..! જુઓને ક્ષણ-ક્ષણમાં ચાલ્યા જાય છે માણસો. અરે! ક્યાં જઈને ઉતારા કરવા? નિજ ચીજની સંભાળ કરી ન હોય અને બહારમાં રખડે, હમણાં જુવાન છીએ પછી કરશું. અરે..! બાપુ! ક્યારે કરીશ, ભાઈ! પછી કરશુંમાં પછી જ રહેશે. ૩૭૪.

*

જિનસ્વરૂપની વાત સાંભળતા પણ વીરતા જાગે, તો તેની સંભાળ કરતાં કેટલી વીરતા જાગે! મોસાળમાં લગ્ન ને મા પીરસનાર, પછી બાકી શું રહે! તેમ અહીં સત્ય પીરસાય છે. ૩૭૫.

*

આ શરીર મારું, પુણ્ય મારા, દયા-દાન-વ્રત મારા, એવા વિકલ્પો રાગ છે એ મારા, એવો આગ્રહ ઉત્પન્ન કરવાથી થતાં ક્લેશને, એ વિગ્રહના શરીરને, બાપુ! હવે તો છોડ. નાથ! તને પકડવામાં અનંતકાળ ગયો. તારા માથે આવા ભવભ્રમણના ધોકા પડ્યા છે. હવે તો છોડ.. હવે તો છોડ! ૩૭૬.

*

ક્રમબદ્ધ માનનારો આનંદની દૃષ્ટિપૂર્વક રાગને દુઃખરૂપ જાણે છે, તેને રાગની મીઠાશ ઊડી ગઈ છે. જેને રાગની મીઠાશ પડી છે અને પહેલાં અજ્ઞાનમાં રાગને ટાળવાની ચિંતા હતી તે પણ ક્રમબદ્ધ ક્રમબદ્ધ કરીને મટી ગઈ છે તેને તો મિથ્યાત્વની પુષ્ટિ વધી છે, મિથ્યાત્વને તીવ્ર કર્યું છે. ૩૭૭.

*

૫૦-૬૦ વર્ષ ગયા એને હવે દેહ છૂટવાના કેટલા વર્ષ રહ્યાં? દેહ તો જે સમયે છૂટવાનો એ છૂટી જશે. જેટલાં દિવસો-મહિના જાય છે એ મૃત્યુની સમીપ જાય છે. તેમાં આ તત્ત્વની સમજણ કરી નહિ અને મોટી બાદશાહી કરી, કરોડો રૂપિયાની પેદાશો કરી, મોટી સગા-વહાલાની જમાત ભેગી કરી, એનો મનુષ્યભવનો વખત નકામો ગયો. ૩૭૮.

*

અહો! અનંતકાળમાં આ વાત અમે સાંભળી નથી –એમ પ્રસન્ન ચિત્તથી જ્ઞાનસ્વભાવની વાત અંદરથી સાંભળે, રુચિની ગુલાંટ મારીને સાંભળે તેને ભવિષ્યમાં મુક્તિ થવાની જ છે. અહો! એને પક્ષ પાકો થઈ ગયો એ ફરશે જ નહીં, તે જરૂર મોક્ષમાં જાય છે. આ તો અનંતકાળમાં નહીં સાંભળી એવી અપૂર્વતાથી તત્ત્વની વાત સાંભળે છે તેની વાત છે. ૩૭૯.

*

આપણે આપણું કરવું, શરીરનું થવું હોય તે થાય. ૩૮૦.

*

આવો મનુષ્યભવ મહા પુણ્યને લઈને તને મળ્યો છે. અરે! નિગોદના જીવને ત્રસ થવું મુશ્કેલ છે. ઈયળ થવું પણ નિગોદના નિત્યનિગોદના જીવને દુર્લભ છે. આહાહા! હવે ક્ષયોપશમમાં પંચેન્દ્રિય તું થયો, ત્રણલોકના નાથની વાણી કાને પડી. હવે આટલો સંબંધ થયો તો હવે એ પરના સંબંધને તોડ. ૩૮૧.

*

પશુની વિષ્ટાના પોદળા (છાણ) મળતાં ગરીબ સ્ત્રીઓ ખુશી થઈ જાય છે અને ધન વૈભવ મળતાં શેઠિયાઓ ખુશી થઈ જાય છે, પણ વિષ્ટાના પોદળા અને ધનાદિમાં કાંઈ જ ફેર નથી. એકવાર આત્માના નિધાનને દેખે તો બહારના નિધાનોની નિર્મૂલ્યતા ભાસે. ૩૮૨.

*

અરે..! એને આ મોસમ આવી છે! આત્માને પ્રાપ્ત કરવા આ મનુષ્યનો અવતાર મોસમ છે! આવી મોસમમાં તો જેટલું અંદર ઝુકાય એટલું ઝૂકવું જોઈએ. ૩૮૩.

*

અશુભોપયોગ તે સીધો અગ્નિ સમાન બાળનાર છે અને શુભોપયોગ તે ઊષ્ણ ઘી સમાન બાળનાર છે. બંને ઉપયોગ છે તો બાળનાર જ. ૩૮૪.

*

ક્યા પડખે જવું અને ક્યા પડખેથી ખસવું એની એને ખબર નથી. ચૈતન્યના પડખેથી ખસી જઈ અને પુણ્ય-પાપની ક્રિયાના પડખે અનાદિથી ચડી ગયો છે, એ દુઃખની પરંપરાના દુઃખ વેઠી રહ્યો છે. ૩૮૫.

આહાહા..! એ અપવાસના કરનારા પણ ક્ષણે ક્ષણે જીવનું મૃત્યુ કરે છે. એને એની વિકલ્પની ક્રિયામાં બહુમાન થતાં ભગવાન અંદર આનંદનો નાથ પડ્યો છે એનું એને બહુમાન નથી આવતું. આહાહા..! દેહના છૂટવા કાળે દેહ છૂટશે એ તો દેહનું છૂટવું છે, પણ રાગની ક્રિયાના રસમાં પડ્યો છો, પ્રભુ! તારું મૃત્યુ થાય છે. ૩૮૬.

*

કાગળ ઉપરના દીવા ખડને (ઘાસને) બાળે નહીં, તેમ એકલા શાસ્ત્રનાં જ્ઞાને સંસાર બળે નહીં. ૩૮૭.

*

જેમ કંદોઈને ત્યાં ચૂલામાં ઊંચેથી તેલના ઊકળતાં કડાયામાં પડેલો સર્પ અર્ધો તો બળી ગયો પણ તે બળતરાથી બચવા માટે ચૂલામાં ઘુસી જતાં આખો બળી ગયો, તેમ જગતજીવો પુણ્ય-પાપમાં તો બળી જ રહ્યાં છે અને તેમાં એ

વિશેષ સુખની લાલસામાં વિશેષ બળાય છે એવા વિષયોમાં ઝંપલાવી સુખ માને છે. ૩૮૮.

*

ચક્રવર્તીને પોતાની વિશાળ સંપત્તિ છોડવી પણ સહેલી છે અને ભીખારીને પોતાનું એક શકોરું પણ છોડવું મુશ્કેલ લાગે છે. આત્મસ્વરૂપ સમજાય ત્યારે ચક્રવર્તીની સંપત્તિ અને શકોરું બંને સમાન પુદ્ગલ ભાસે છે. ૩૮૯.

*

તીર્થંકર, ચક્રવર્તી અને બળદેવ જેવા પુણ્યના ધણી કે જેની દેવો સેવા કરતાં હતાં તથા કોઈ વાતની કમી નહોતી, તથા લોકો જેને ભગવાન સમાન માનતા હતા – એવા પુણ્ય અને વૈભવો હોવા છતાં 'મારે એ કાંઈ જોઈતું નથી' –એમ સર્વની ઉપેક્ષા કરીને એક આત્માને સાધવા વન-જંગલમાં ચાલી નીકળ્યા! આહાહા..! એમને એ આત્મા કેવો આશ્ચર્યકારી અને વિસ્મયકારી લાગ્યો હશે! ૩૯૦.

*

આત્મા વીતરાગસ્વભાવી છે એ વીતરાગભાવથી પોતે પોતાને જાણે, રાગથી કે વિકલ્પથી જણાય નહિ. આહાહા..! ઘણી ધીરજ જોઈએ, ઘણી પ્રયત્નની ગરજ જોઈએ. આહાહા..! આવો અવસર ક્યારે આવે? એને મોંઘપ લાગવી જોઈએ. અનંતકાળમાં ક્યાં ફરતાં? ક્યાં રખડતાં? ક્યાંથી આવીને ઉપજ્યા? એનો એને ભવનો ભય જોઈએ. ૩૯૧.

*

સિંહ ચારેકોર ફરતાં હોય ને જેમ ઊંઘ ન આવે, હથિયારબંધ પોલીસ પોતાને મારવા માટે ફરતી હોય ને જેમ ઊંઘ ન આવે તેમ તત્ત્વનિર્ણય ન કરે ત્યાં સુધી એને(આત્માર્થીને) સુખેથી ઊંઘ પણ ન આવે. ૩૯૨.

*

બહારથી મરી જાય એને માટે આ ધર્મ છે. બહારથી મારું જીવન નથી, રાગથી અને પરથી જીવન ઈ તો મારું મરણ છે. જે પરથી અને રાગથી મરી જાય તેને માટે આ ધર્મ છે. ૩૯૩.

*

તિર્યંચને સમ્યક્ થાય છે, ત્યાં કોઈએ પૂર્વે 'આત્મા શુદ્ધ છે' એમ સાંભળ્યું હોય તે સ્મરણમાં આવતાં પછી વિચારમાં ઊતરે છે અને જેમ વીજળી ઉપરથી નીચે ઊતરી જાય એમ વીર્ય અંદરમાં ઊતરી જાય છે. બસ કરવાનું તો આટલું જ છે. પછી એમાં ઠરવાનું છે. ૩૯૪.

*

આહાહા...! અરે! ટાણા મળ્યા ત્યારે અભ્યાસ કર્યા નહિ અને એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચૌઇન્દ્રિય.. અરે! મનુષ્યપણું પામ્યો પણ અનાર્ય દેશમાં, તો ત્યાં માંસ ખાય. હવે આવા મનુષ્યના અવતાર મળે તો પણ શું કામનું? જૈન-કુળમાં અવતાર થાય અને સત્ય વાત કાને પડવી ઘણી દુર્લભ. એવી દુર્લભતાના કાળમાં દુર્લભ વસ્તુને પ્રાપ્ત કરી લે. ૩૯૫.

*

એક કોર નિર્મળાનંદ પ્રભુ અને એક બાજુ આ બધા સંસારના વિલાસની વૃત્તિઓની વિસ્મયતા, ચમત્કાર, વિશેષતા, અધિકતા, સ્વભાવથી કાંઈક અધિક ભાસે છે એને આત્માનો પત્તો ખાય નહિ –એમ ભગવાને કહ્યું છે. આહાહા..! ઉદયથી મરી ગયા છે એને આત્મા હાથ આવે એમ છે. ૩૯૬.

*

અહો! એકવાર દેહ છૂટવાના ટાણાનો વિચાર તો કરે, તો એને ખબર પડે કે અરે! આ તે શું રમતું છે! ઓલો (આત્મા) પરમેશ્વર અને સલવાણો આમાં (શરીરમાં)!! ૩૯૭.

*

જેણે બહારમાં ક્યાંક રાગમાં, સંયોગમાં, ક્ષેત્રમાં એમ ક્યાંક ને ક્યાંક કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં, 'આ ઠીક છે' એમ માનીને ત્યાં વિસામામાં કાળ ગાળ્યો તેણે પોતાના આત્માને ઠગી લીધો છે. ૩૯૮.

*

પહેલાં સમજણ તો કરે, સ્વભાવનો પક્ષ તો કરે કે રાગ અને નિમિત્ત તરફ ઢળવા જેવું નથી, પણ સ્વભાવ તરફ જ ઢળવા જેવું છે, એમ પાકો નિર્ણય તો કરે. નિર્ણયનો વજ્રનો સ્થંભ તો નાખે, એ વિના એકેય પગલું જવાય તેમ નથી. ૩૯૯.

*

જે બહારની સગવડતા એને સગવડતા માને છે, બહારની અગવડતા એને અગવડતા માને છે, તે પ્રગટપણે ભગવાન આત્માને શરીર સ્વરૂપ જ માને છે. ૪૦૦.

*

આ તો અંતરમાંથી આવેલી વાતુ છે અને એમ જ છે. કુંદકુંદ આચાર્ય અને સીમંધર ભગવાનના ભેટા પ્રત્યક્ષ થઈને આવેલી વાતુ છે, અધ્ધરો-અધ્ધરની વાતુ નથી. એ.. આ વાતુ ક્રોડો ને અબજો રૂપિયા દેતાં મળે એવી નથી. ચક્રવર્તીના રાજ્ય ડૂલે તોપણ મળે એવી નથી. ૪૦૧.

*

હે ભાઈ! તારી એક સમયની પર્યાયનું સામર્થ્ય એટલું છે કે જ્ઞેય ખૂટ્યા, પણ તારું જ્ઞાન ખૂટ્યું નથી, તો આખા દરિયાની તો શું વાત! એક અંશની આટલી બેહદતા તો આખા અંશીની તાકાતનું શું કહેવું ! ૪૦૨.

*

દ્રવ્ય પોતે જ અકારણીય છે, પોતે જ અનંત પુરુષાર્થરૂપ છે. તેના વિશ્વાસની બલિહારી છે. ૪૦૩.

*

લસણ, ડુંગળી અને લીલ-ફૂગની એક કટકીમાં અસંખ્ય શરીર અને એક એક શરીરમાં અનંત જીવ કેવળી પરમાત્માએ જોયા છે. એવા અનંતા ભવ થયા, પણ એ તો પર્યાય-અવસ્થામાં થયા. દ્રવ્યને-વસ્તુને તો ભવનો પરિચય બિલકુલ નથી. એવી ચીજને પ્રભુ! તું જો ને. ભવનો અભાવ કરવાની આ એક જ રીત છે. ૪૦૪.

*

અનુભવ તત્કાળ કરનારની સંખ્યા ભલે થોડી હોય પણ એની શ્રદ્ધા દ્રઢ કરીને પક્ષ પાકો કરનાર અને એનું જ ઘૂંટણ કરીને અલ્પકાળમાં કામ કરનાર જીવો થોડા જ કેમ કહેવાય? એ તો ઘણાં હોય. ૪૦૫.

*

સ્વના લક્ષનો માર્ગ અલૌકિક છે. આ તો વીતરાગનો માર્ગ છે. વીતરાગ કહે છે તું મારી સામું ન જો. આ વીતરાગ સિવાય બીજો કોણ કહી શકે ! ૪૦૬.

*

જેને એક પ્રતિકૂળતામાં સમાધાન કરતાં આવડે છે. તેને અનંતી પ્રતિકૂળતામાં સમાધાન કરવાની તાકાત છે. મારામાં પ્રતિકૂળતા જ નથી, હું તો આનંદકંદ છું, એવી દૃષ્ટિ કરતાં સમાધાન થાય છે. ૪૦૭.

*

આત્માના અતીન્દ્રિય આનંદની લાલચ જેને જાગી છે તે જ આનંદની લાલચમાં આત્મામાં ખેંચાય છે. પહેલાં દૃષ્ટિમાં આત્મામાં આનંદની લાલચ જાગી છે. હઠથી કાંઈ કરવાનું નથી. પરંતુ અતીન્દ્રિય આનંદની લાલચને લઈને આત્મામાં સ્થિરતા કરે છે. ૪૦૮.

*

આ સત્ય વાત સમજ્યા વિના જન્મ-મરણના અંત આવે એવા નથી. આહાહા..! અહીં વાણિયો અબજોપતિ હોય ને મરીને ભૂંડની કુંખે જાય. અરર..! એ ભૂંડ આખી જિંદગી વિષ્ટા ખાય. અહીં વિષ્ટાને અડતો પણ નહોતો એ ભૂંડ વિષ્ટા

જ ખાય. આહાહા..! એવા અવતાર અનંતવાર કર્યા છે. હું કોણ અને શું કરું છું? એનું ફળ શું આવશે? એ વિચાર જ કરતો નથી. ૪૦૯.

*

અરે! ચોર્યાસીના અવતારમાં એ નિગોદમાં તો એક શ્વાસમાં ૧૮ ભવ કરે. બાપુ! એ દુઃખ શું હશે? અરે! એને કોની સામું જોવાનું? એ દુઃખથી મુક્ત થવાનો ઉપાય તો આ છે. કેમકે એ દુઃખ અને દુઃખથી મુક્ત થવું એ બેયનો જાણનાર ચૈતન્ય છે. વિકલ્પ થાય એનો એ જાણનાર છે અને છૂટે છે એનો એ જાણનાર છે. ૪૧૦.

*

આત્માની પ્રાપ્તિ માટે તો એની લગની લાગવી જોઈએ, એની પાછળ પડવું જોઈએ, ત્યારે એનો પત્તો ખાય. આહાહા..! એમ ઉપરટપકે આવીને સાંભળીને આ કર્યું ને આ કર્યું, તો એમાં એનો પત્તો મળે એમ નથી. એવા તો અગિયાર અંગ ને નવ પૂર્વ અનંતવાર ધાર્યા, પણ મિથ્યાદૃષ્ટિ કોરે કોરો રહ્યો. ૪૧૧.

*

આહાહા..! અનંતકાળમાં ક્યાં રહ્યો, ભાઈ? ભવ.. ભવ..ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ.. ભવ ક્યાંય ભવનો અંત નહિ એવા અનંતા અનંતા ભવમાં અનંતા દુઃખો સહન કરીને મરી ગયો છો. આચાર્ય તો એમ કહે છે કે, ગયા કાળના દુઃખને યાદ કરું છું તો આયુધના ઘા વાગે છે. અરેરે..! આવી સ્થિતિ વીતી ગઈ ! હવે એ વીતી ફરી ન આવે માટે એને સંભારે છે. ૪૧૨.

*

આહાહા..! આત્માના આનંદ સિવાય બાહ્ય ક્યાંય પણ કોઈ ચીજમાં ઠીક લાગે, મઝા લાગે, કાંઈક વિસ્મય લાગે, પ્રેમ લાગે, એમાં પોતાના પ્રભુને તેં હણી નાખ્યો. જે નીચ ચીજ છે શરીર, વાણી, મન, પૈસા, આબરૂ, કીર્તિ તે નીચને

તેં અધિક માન્યું, 'આ ઠીક છે' એમ સુખ માન્યું અને જેમાં સુખ છે તેને છોડી દીધું. ૪૧૩.

*

આનંદનો નાથ એવા શુધ્ધાત્માની વાત સાંભળતા 'દેહથી ભિન્ન છું, કર્મથી ભિન્ન છું, રાગથી ભિન્ન છું ને પોતાથી પરિપૂર્ણ છું' એ વાત એને બેસવી જોઈએ, હકાર આવવો જોઈએ. આમાં કાંઈ મૂંઝાવા જેવું નથી. સાંભળીને હા પાડતા હકાર આવતાં અંદર સંસ્કાર પડતાં જાય છે. ૪૧૪.

*

અરે.. ભાઈ! આ મરણના ટાણા આવશે ત્યારે ભીંસાઈ જઈશ તું. એ રાગથી ધર્મ માનનારાને, દેહ છૂટવાને કાળે ફાંસો મળશે એને. ફાંસીએ ચડાવે એમ ફાંસીએ ચડશે ત્યાં. કારણકે રાગની એકતાબુદ્ધિ છે એના દુઃખમાં દબાઈ જશે. રાગ છે એ દુઃખ છે, વિકલ્પ છે. મરણટાણે શરણ કોણ? શરણ તો વ્રત અને અવ્રતના વિકલ્પથી-રાગથી રહિત પ્રભુ પોતે છે. ૪૧૫.

*

આહાહા..! સનતકુમાર ચક્રવર્તી મુનિરાજ, જેમને મોક્ષ જવાની તૈયારી, એમને સાતસો વર્ષ ગળત કોઢ રહ્યો. આવી જડની સ્થિતિ છે. કોની કેમ થશે એની ખબર વિના એનો આગ્રહ રાખવો નહિ. શરીરની પર્યાય જેમ થવાની હશે તેમ થશે. હું તો તેનો જાણનાર-દેખનાર છું. ૪૧૬.

*

આહાહા..! ક્યારે શરીર કેમ થાય? ક્યારે વાણી બંધ થાય? ક્યારે પક્ષઘાત થાય? આહાહા..! એ જડની અવસ્થા ભવભયથી ડરીને એ બધી અવસ્થાઓ ઉપરથી ઉદાસ થઈ જા. આહાહા..! મારો પ્રભુ ક્યાંય અટકે એવો નથી. કોઈ જડની ગમે તે પર્યાય થાય પણ આત્માને એ અટકવાનું કારણ નથી. ૪૧૭.

*

આહાહા..! સંસારનો કોઈપણ પ્રકાર હોંશ કરવા જેવો નથી. સંસારમાં તો ભય કરવા જેવો છે. જેમ કાળા નાગથી લોકો ડરે તેમ સંસારના બધાં પ્રકારથી ડરવા જેવું છે. ૪૧૮.

*

ભાઈ! તને ભવનો ડર નથી લાગતો કે ક્યાં જઈશ ને શું થશે? આહાહા..! મરતા આ દેહની પીડા એટલી થાય કે અસાધ્ય થઈ જાય. દુઃખની પરાકાષ્ટા સહન કરી શકે નહિ ત્યારે અસાધ્ય થઈ જાય છે. ચાર ગતિમાં રખડવાનો ડર લાવ –એમ પ્રભુ કહે છે. ૪૧૯.

*

વસ્તુ છૂટી છે, બસ એને દૃષ્ટિમાં છૂટી પાડવી. પછી ગમે ત્યાં હોય તોપણ છૂટી ને છૂટી જ છે. એ જ મોક્ષનો માર્ગ છે, દુઃખથી છૂટવાનો બીજો કોઈ માર્ગ નથી. બીજી વાત રહેવા દે, ભાઈ! ૪૨૦.

*

પાંચ પાંડવમાંથી બે ભાઈને વિકલ્પ આવ્યો કે ધર્મરાજાને કેમ હશે? ત્યાં ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું. સર્વાર્થસિદ્ધિમાં ચાલ્યા ગયા. ત્યાં ક્યાં સુખ છે? ત્રણ કષાયનું દુઃખ છે, એક કષાય ટળ્યો એટલું સુખ છે. છેલ્લામાં છેલ્લો સર્વાર્થસિદ્ધિનો ભવ એ પણ ત્રણ કષાયથી દુઃખી છે. ૪૨૧.

*

આહાહા..! આત્મા આનંદસ્વરૂપ ભગવાન, એનું-આનંદનું ભજન કર, એમાં એકાગ્ર થા, એ ઉત્તમ ભક્તિ છે. ભગવાનની ભક્તિ પણ ઉત્તમ ભક્તિ નથી. ૪૨૨.

*

શિયાળાના ઘી જામી ગયેલા હોય તેમાં તાવેથો અંદર જાય નહિ, તેમ ભગવાન વિજ્ઞાનઘન જામેલું તત્ત્વ અંદર છે. જેમાં રાગ અને વિકલ્પ અને પોતાનો

વિકાર તે પ્રવેશ કરવાની શક્તિ નથી. આહાહા..! વિકલ્પની તાકાત નથી કે અંદર પ્રવેશ કરી શકે. ૪૨૩.

*

અરે..! આઠ-આઠ વર્ષના છોકરાઓ આ વાત સમજીને કેવળજ્ઞાન પામતા. હવે ભણવું, આ ધંધો, આ રળવું, એ બધું મટી ગયું એને. અહો આવો આત્મા..! આવી મારી નિધિની પૂંજી! એમ અંતરમાં દૃષ્ટિ આપી આઠ વર્ષના બાળકો પણ અનુભવને પામી ગયા છે અને અંદર સ્થિર થઈને અંતર્મુહૂર્તમાં કેવળ પામીને સિદ્ધમાં ચાલ્યા ગયા. આહાહા..! ૪૨૪.

*

પ્રભુ..! શરીરમાં કઈ જાતની વેદના આવશે? કઈ જાતનો રોગ આવશે? એ જડ છે, માટી છે. એ માટીમાં શું ક્યારે કેમ થશે? એને ભૂલી જા. આહાહા..! અને અહીં ત્રિકાળમાં રોગ નથી, રાગ નથી. એવી ચીજ અંતર આનંદકંદ પ્રભુ બિરાજે છે કે જેમાં ઉણપ નથી, અશુદ્ધતા નથી, વિપરીતતા નથી, એનો ઉપયોગ કર, પ્રભુ! એ વિના જન્મ-મરણ નહિ મટે. ૪૨૫.

*

આત્મામાં આનંદ ભર્યો છે, એને શક્તિમાંથી વ્યક્તતામાં ન કરે, પ્રભુ! તેં શું કર્યું ત્યાં સુધી? તને ક્યાંય ચેન પડવું ન જોઈએ. આત્માના આનંદ સિવાય ક્યાંય ચેન પડવું ન જોઈએ. ૪૨૬.

*

આહાહા..! અંદર શાશ્વત આનંદ પડ્યો છે, ભગવાન! એના ફેલાવથી, એનો વિસ્તાર કર. એને પર્યાયમાં લાવ. જે પર્યાયની દૃષ્ટિમાં રોકાય ને દૃષ્ટિ આઘી જાય તો રાગ અને દ્વેષ ઉપર જાય, પણ એ પર્યાય અંદરમાં જતાં પર્યાયમાં આનંદ આવે. એ આનંદનો ફેલાવ થાય, આનંદ વિસ્તરે. ૪૨૭.

*

આહાહા..! આવા ઊના પાણી પીવા, એક વખત ખાવું, બ્રહ્મચર્ય પાળવું, ફલાણું કર્યું એમ રાગમાં જેને રસ ચડી ગયો છે એને એ રાગ વિનાની ચીજ જે પોતાની છે એની સૂઝ પડતી નથી, એમાં એનો પ્રેમ જતો નથી, એમાં એનું વલણ કામ કરતું નથી. રાગ પ્રત્યે જેને પ્રેમ છે એને તો વીતરાગભાવ પ્રત્યે દ્વેષ થયો છે. ૪૨૮.

*

પોતે પરમાનંદમય ત્રિકાળી ભગવાન આત્મા છે, જેને આશ્રયે સમ્યગ્દર્શન થાય તે સહજ તત્ત્વ પરમાનંદસ્વરૂપ છે. આહાહા..! બધેથી ઉપાડીને પરમતત્ત્વમાં આનંદ છે ત્યાં નજર લઈ જવી એ કાંઈ સાધારણ પુરુષાર્થ છે! આહાહા..! અનંત પુરુષાર્થ છે, અપૂર્વ પુરુષાર્થ છે, અત્યંત પુરુષાર્થ છે. ૪૨૯.

*

આહાહા..! શાંત રસથી ભરેલો ભગવાન, એ જ્ઞાનને રહેવાનું સ્થાન છે. એ શાંતસાગરમાં જ્ઞાન રહે. એ વિકલ્પમાં અને રાગમાં જ્ઞાન ન રહે. નિગોદનું અક્ષરના અનંતમાં ભાગનું જ્ઞાન અને નવ પૂર્વનું જ્ઞાન એ બેય કાંઈ રહેનારનું રહેઠાણ નથી. ૪૩૦.

*

આહાહા..! એ ચિંતા, વિકલ્પ એ જ સંસાર છે. સ્ત્રી, કુટુંબ, પૈસા, મકાન એ સંસાર નથી. કેમકે સંસાર એ તો જીવની પર્યાય છે, તો સંસાર જીવથી જુદો ન રહે. સંસાર તો જીવની દોષ અવસ્થા છે. આહાહા..! સમજાય છે કાંઈ? ૪૩૧.

*

આ સમજવામાં વખત દેવો પડશે. ઘણો વખત ગયો. જિંદગીનો વખત થોડો રહ્યો અને કામ કરવાના ઘણાં છે. આહાહા..! ૪૩૨.

*

મનુષ્યપણું પામીને આ કરવા જેવું છે. વિચાર કરે એને ખબર પડે. નિગોદના એક શરીરના અનંત જીવોમાંથી અનંતમા ભાગે જ મોક્ષે જાય. આહાહા..! પ્રભુ! પ્રભુ! પ્રભુ! એ કે દિ' ત્રસ થાય ને મનુષ્ય થાય? લીલ-ફૂગ, પાંદડા, ઘાસ એમાંથી ત્રસ થવું મુશ્કેલ, એમાંથી મનુષ્ય થવું મુશ્કેલ, એમાં લાંબુ આયુષ્ય, આયુષ્યમાં નિરોગતા અને એમાં વીતરાગની વાણી કાને પડવી ઘણી જ દુર્લભ. આહાહા..! ૪૩૩.

*

બીજાને જોવા માટે તેં નજરું કરી છે તે બંધ કર. બીજાને જોવા માટે તું આંધળો થા અને પોતાને જોવા હજાર આંખ પ્રગટ કર. બીજી ચીજ તારામાં નથી તેને જોઈને શું કામ છે તારે? ભગવાન આત્મા સુંદર પવિત્ર કેવો છે એને જોવા માટે તારે હજાર નેત્ર ખોલવા પડશે. ૪૩૪.

*

અહો! રાજકુમારો સંયમ અંગીકાર કરવા જાય છે ત્યારે રાણીને કહે છે, હે શરીરને રમાડનારી સ્ત્રી! હવે તું મને આજ્ઞા દે. અમારી અનાદિ આનંદની અનુભૂતિરૂપી રમણી એમાં અમે રમવા જઈએ છીએ. આત્મા આનંદમૂર્તિ છે અને એના વિરુદ્ધના ચાર ગતિના દુઃખોથી હવે કંટાળ્યા છીએ. એ ચક્રવર્તીના છ ખંડના રાજ હોય, બળખા છોડે એમ છોડીને જંગલમાં ચાલ્યા જાય. ૪૩૫.

*

બહારની સગવડતાથી ધર્મ પામે છે એમ નથી, તેમ અગવડતાથી ધર્મ રોકાઈ જાય છે એમ નથી. એણે તો અગવડતા, સગવડતામાં એકતાબુદ્ધિથી આકુળતા જ વેદી છે. ચોર્યાસી લાખ યોનિના અવતારમાં સંયોગોની અનુકૂળતા હો કે સંયોગોની પ્રતિકૂળતા હો, નિજ સ્વભાવ અનાકુળ આનંદને ભૂલી તેણે તેની પર્યાયમાં આકુળતાનું-દુઃખનું જ વેદન કર્યું છે. ત્રિકાળ ચૈતન્ય ધ્રુવ સ્વભાવ શુદ્ધ છે તેના અવલંબનથી તને સુખનો પંથ હાથ આવશે. ૪૩૬.

*

અસંખ્ય ચોવીશીના સમયો જેટલા તો નિગોદના શરીર, એમાં એક નિગોદના શરીરમાં અનંતમે ભાગે મુક્તિ પામે. આહાહા..! ધન્ય ભાગ્ય કે એને મનુષ્યપણું મળ્યું અને આ ધર્મના સાધન એને મળ્યા. હવે કામ કરવું એ એના હાથમાં છે. ૪૩૭.

*

યોગ્યતા, કાળલબ્ધિ, ક્રમબદ્ધ આદિ બધાનું જ્ઞાન દ્રવ્યદૃષ્ટિ કરતાં સાચું થાય છે. રુચિ રાખે પરમાં અને ક્રમબદ્ધ ને કાળલબ્ધિ ઉપર નાખે ઈ ન ચાલે. પોપાબાઈનું રાજ્ય નથી. ૪૩૮.

*

શુભ-અશુભ પરિણામનું વેદન તે દુઃખ છે, દુઃખ તે આત્મા નહિ, એ અણાત્મા છે. કેમકે શુભ-અશુભ ભાવ અચેતન છે, જડ છે, એમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે. ભગવાન આત્મા અંતર્મુખ થઈને બહિર્મુખના લક્ષ અને પરિણામને છોડીને અંતર્મુખના અનુભૂતિના પરિણામને પ્રગટ કરે તે પરિણામને આત્મા કહેવામાં આવે છે. ૪૩૯.

*

અરે! એને કોઈ દિ' એની દયા આવી નથી. એની દયા એણે કોઈ દિ' કરી નથી. દયા ક્યારે કરી કહેવાય? —સ્વભાવભાવ તે મારો અને વિભાવભાવ તે મારો નહીં. જેવો સ્વભાવ છે, એવો એને રાખે ત્યારે એણે એની દયા કરી કહેવાય. ૪૪૦.

*

બાયડી, છોકરા, કુટુંબ તરફના પાપના પરિણામ તો ક્યાંય રહી ગયા, પણ નગ્ન દિગંબર મુનિ થયો, હજારો રાણીનો ત્યાગ કરે અને ચોવીસ કલાક શાસ્ત્રની સ્વાધ્યાય કરે, નિદ્રા છોડી દે, મહિના મહિનાના ઉપવાસ કરે, પણ એ બધું પરજ્ઞેયમાં આસક્ત છે. કેમકે એના લક્ષનો દોર નિમિત્ત ઉપર અને તેના લક્ષે

થતો ક્ષયોપશમ ભાવ અને તેના લક્ષમાં થતો શુભ વિકલ્પ એમાં એ આસક્ત છે, તે ઝેરને પીવે છે. ૪૪૧.

*

ભગવાન આત્મા નિત્ય આનંદમય, આનંદની મૂર્તિ પ્રભુ છે. તું ભગવાનને ભૂલીને ભ્રમણામાં ભરમાઈ ગયો છો. આહાહા..! કાંઈક પૈસાને દેખીને, શરીરને દેખીને, સ્ત્રી દેખીને, મકાન દેખીને, આબરુ દેખીને ભગવાન ભરમાઈ ગયો. આહાહા..! તારી ચીજ અંદર પડી છે, ભગવાન! એની રુચિ અને દૃષ્ટિ તો કર! ૪૪૨.

*

આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ, એની પર્યાયમાં પ્રાપ્તિ, એનું નામ મોક્ષ. એવા મોક્ષનો અર્થી મોક્ષાર્થી, એણે પહેલાંમાં પહેલાં તો આત્માને અંતર જ્ઞાનસ્વરૂપે જાણી અને અંતરના જ્ઞાન દ્વારા પકડીને અનુભવમાં એને વેદવો, જાણવો. ૪૪૩.

*

પુણ્ય-પાપના પરિણામ, કર્મ, શરીર છે ત્યાં તું નથી અને તું નિર્વિકારી ચૈતન્યધાતુ છો એમાં એ કાંઈ નથી. છતાં એ મારામાં છે એવું માનવાથી તારા ચૈતન્યસ્વરૂપનો અનાદર થઈ જાય છે, તિરસ્કાર થાય છે. એ તિરસ્કાર કરનારાઓનો આદર કરતાં આનો તિરસ્કાર થાય છે, અનાદર થઈ જાય છે. સમજાણું કાંઈ? ૪૪૪.

*

અરીસામાં અગ્નિની જ્વાળા અને ઉષ્ણતા તેની સ્વચ્છતાને કારણે જણાય છે, પણ ઉષ્ણતા અને જ્વાળા તેમાં પેઠી નથી, એ સંબંધીનું પરિણમન અરીસાનું છે; તેમ ધર્મીને આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ ભાન થયું છે, તેથી જ્ઞાનની સ્વચ્છતામાં દ્રવ્યકર્મ, ભાવકર્મ આદિ જણાય છે, એ જ્ઞાનની પર્યાય જણાય છે.

પુણ્ય-પાપના ભાવ આદિ આત્માની પર્યાયમાં પેઠાં નથી હોં! એ સંબંધીની જ્ઞાનપર્યાય સ્વચ્છતારૂપે પરિણમી છે. ૪૪૫.

*

જેમ થાકેલો માણસ ઘરમાં આવીને પછી નિરાંતે થાક ઉતારે છે. એમ પુણ્ય અને પાપનો સંસારનો થાક ઉતારીને અંતરના ઘરમાં તું જા. ત્યાં વિશ્રામ કર. તારો થાક ઉતરી જશે. સંસારના દુઃખનું થાક નીકળી જશે. આહાહા..! ૪૪૬.

*

ભાઈ! એક વાત બરાબર પાકી તો કર. પાકી થયેલી વાત કોઈ દિ' મોળી પડે નહિ. ભગવાન આત્મા એની પ્રાપ્તિ કરવી હોય એટલે કે આનંદની પ્રાપ્તિ કરવી હોય, એટલે કે સુખી થવું હોય તો એણે રાગાદિથી ભેદજ્ઞાન કરીને અનુભૂતિ કરવી તે તેનો ઉપાય છે. ૪૪૭.

*

ભાઈ! ચૈતન્યના નૂરનું પૂર છો ને તું. ચૈતન્યના નૂરના પૂરમાં એ વિકલ્પ શેનો ! પરમાત્મા તો ચૈતન્યના નૂરના પૂરનો ભરેલો છે, એને આત્મા કહીએ. એ સિવાય આ રાગ અને રાગના બંધન અને એના ફળ 'અમને ભવિષ્યમાં ઠીક પડશે' એવું માને છે તે મૂઢ છે. ૪૪૮.

*

આહાહા! એ કૃષ્ણ ને બળદેવની હજારો દેવ સેવા કરે, એ પોતાના મા-બાપને બળતા દેખી ધ્રુસકે ધ્રુસકે રોવે છે. આહાહા..! એ નાશવાન ચીજને નાશના કાળે કોણ રાખી શકે, પ્રભુ! સોનાના ગઢ ને રતનના કાંગરા સળગે. જે દ્વારિકાને દેવે બનાવેલી તે પણ રક્ષા કરવા આવ્યા નહિ. ૪૪૯.

*

પુણ્ય અને પાપના ભાવ થાય એ પરવસ્તુ છે, આત્માની ચીજ નથી, એ અજીવની દુકાન છે. એનાથી બંધાયેલું કર્મ એ અજીવની દુકાન છે. એના ફળ

બહારમાં મળ્યા સચેત-અચેત, મિશ્ર એ બધા અજીવની દુકાન છે. એ અજીવને મારું આ પરદ્રવ્ય છે, પુણ્ય-પાપ કર્મબંધન મારું છે, હું બાયડીનો છું, છોકરાનો છું, શરીરનો છું –એમ માનનાર મૂઢ અપ્રતિબુદ્ધ અજ્ઞાની છે. ૪૫૦.

*

આ મનુષ્યના દેહનો એક એક સમય ચક્રવર્તીની સંપદા કરતા કિંમતી છે. માટે, આત્માના કામ માટે એણે સંસારના કામમાં સમય ન ગુમાવવો જોઈએ. એના પોતાની જાતનો નિર્ણય કરવા, અનુભવ કરવા માટે આ કાળ એનો છે. સમજાણું કાંઈ? ૪૫૧.

*

ચોર્યાસીના અવતારમાં એ અનંતવાર ઘાણીમાં પીલાણો, અનંતવાર સડક પર કચરાઈ ગયો. આહાહા..! પણ એ સંયોગનું દુઃખ નથી. જે સંયોગ માથા કાપે એ દુઃખ નથી. દુઃખની વ્યાખ્યા જ જુદી છે. દુઃખ તો પોતાના સ્વભાવની દૃષ્ટિ છોડીને પરની દૃષ્ટિમાં રોકાવું એ દુઃખ છે. ૪૫૨.

*

આહાહા..! આઠ આઠ વર્ષના રાજકુમારે આત્માના કામ કર્યા છે. એ રાજ છોડી મુનિ થઈને કેવળને પ્રાપ્ત થયા! અને કરોડો પૂર્વના આયુષ્યવાળા રાજા અને અબજોપતિ આત્માનું કર્યા વિના એમ ને એમ નરકમાં ચાલ્યા ગયા. ૪૫૩.

*

ભગવાનની ભક્તિ કરો, પૂજા કરો એ તો ક્રિયા થાય. એમાં એનો વિકલ્પ છે એટલો શુભભાવ છે, બસ. એથી આગળ વાત કાંઈ નથી. એ શુભભાવ છે અને તે બંધનું કારણ છે. આહાહા..! ૪૫૪.

*

આહાહા..! જીવે અંતરમાં આ સમજવાની કોઈ દિ' મહેનત જ કરી નથી. ચોર્યાસી લાખ યોનિમાં રઝળતા રઝળતા એને અનંતકાળ ગયો, અબજોપતિ

અનંતવાર થયો, ભિખારી અનંતવાર થયો, નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. સમજાય છે કાંઈ? પણ પોતાની મૂડી શું છે, અંદર ચીજ શું છે એને કદી એક સમય પણ ઓળખી નથી. ૪૫૫.

*

પૈસા આદિ ધૂળ મળવી, કરોડ બે કરોડ મળે, એ પૂર્વના પુણ્ય હોય તો મળે છે, તારા પુરુષાર્થથી કદી મળતા નથી. ધર્મ તો પુરુષાર્થથી થાય છે. ભાગ્યથી પુરુષાર્થ થઈ જાય એમ નથી. ધર્મ ભાગ્યથી મળે એવી ચીજ નથી. સમજાય છે કાંઈ? ૪૫૬.

*

પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન, શ્રદ્ધાન કરીને આઠ વર્ષની બાલિકા હો કે દેડકો હો, સમ્યક્ દર્શન પામે છે. અઢી દ્વીપ બહાર સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય સમકિતી પશુ છે. તો એ સમ્યક્ દૃષ્ટિ ધર્મીનું લક્ષણ શું છે? તો કહે છે, એ એમ માને છે કે હું તો હું જ છું, હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છું અને પરદ્રવ્ય છે તે પરદ્રવ્ય જ છે. આહાહા..! ૪૫૭.

*

સમયસારની વાત એને સાંભળવા મળે નહિ, તે વિચારે કે દિ'? અરે! જિંદગી ચાલી જાય છે ભાઈ! મૃત્યુની સમીપ દેહની સ્થિતિ જાય છે. આહાહા..! આવા અવસર મળવા દોહ્યલા છે ભાઈ! ચક્રવર્તીની સંપદા મળવી સહેલી છે પણ આવા ચૈતન્યના આનંદરસના ઘોલનનો કાળ મળવો એ અનંતેકાળે દુર્લભ છે. ૪૫૮.

*

ભગવાન ચૈતન્ય જ્ઞાયકની મૂર્તિ અનાદિ અનંત પ્રભુ બિરાજે છે. એવા આત્માને છોડીને તું આ પુણ્ય-પાપના ઉપાધિભાવ વડે આત્મા રંગાઈ ગયેલો હોય,

એ સ્વરૂપે હોય એમ તેં માન્યું છે તો હે આત્માના હિંસક! આત્માનો તેં ઘાત કરી નાખ્યો, એમ કહે છે. ૪૫૯.

*

ચૈતન્યસૂર્ય ભગવાન સર્વજ્ઞદેવે તો જ્ઞાન-દર્શનના ત્રિકાળ ઉપયોગ-સ્વરૂપને આત્મા કહ્યો છે. પુણ્ય-પાપ તો આત્મા નહિ, પણ વર્તમાન અલ્પજ્ઞ ઉપયોગ જેનો ઉઘાડ અલ્પદર્શી અને અલ્પવીર્ય એ વ્યવહાર આત્મા છે, નિશ્ચય આત્મા નહિ. આહાહા..! ત્રિકાળ ભૂતાર્થ સ્વરૂપ તેને નિત્ય ઉપયોગવાળો આત્મા કહ્યો છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે. અલ્પજ્ઞ પર્યાય આદિ સમ્યગ્દર્શનનો વિષય નથી. ૪૬૦.

*

ભગવાન આત્મા ચૈતન્યજ્યોત છે, એમાં પુણ્યાદિના વિકલ્પનો અંધકાર સાથે રહેતો જ નથી. ભગવાન આત્મામાં તો પોતા સંબંધી પ્રકાશ અને રાગ સંબંધી પોતાનો પ્રકાશ, રાગ સંબંધી પોતાનું જ્ઞાન પોતામાં છે. રાગ, શરીર ને કર્મ ભગવાન આત્મામાં છે જ નહિ. ૪૬૧.

*

આહાહા..! જીવે અનંતકાળમાં સંસારના પરિભ્રમણમાં અનંતા પુદ્ગલ-પરાવર્તન કર્યાં. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે જ્યાં તીર્થંકરનો વિરહ કદી નથી, ત્યાં પણ અનંતવાર સમવસરણમાં ગયો, દિવ્યધ્વનિ પણ સાંભળી, પણ કાંઈક શલ્ય રહી ગયું. 'પોતે પૂર્ણાનંદનો નાથ અખંડાનંદ સ્વરૂપ છે, એની દૃષ્ટિથી જ સમ્યગ્દર્શન થાય છે' —એ વાત બેઠી નહિ. ૪૬૨.

*

લોકો શાંતિથી સ્વાધ્યાય કરે નહિ, મનન કરે નહિ, મીંઢવણી કરે નહિ અને પોતાની કલ્પનાથી સમજી લે અને માની લે કે અમે ધર્મ કર્યો, પણ વસ્તુ

એવી નથી. અનંતકાળ વીત્યો, પણ એણે એક સમય પણ રાગથી ભિન્ન ભેદજ્ઞાન કર્યું નથી. ૪૬૩.

*

આહાહા..! જે દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની છે તે ક્રમબદ્ધ થશે. એ બીજું કોઈ કરે અથવા એ પર્યાય પોતે આઘી-પાછી કરે એમ બને નહિ. આહાહા..! ભારે આકરી વાત. સ્વયં પોતે ફેરફાર કરે એમ પણ નહિ. ૪૬૪.

*

આત્મા જ્યાં પોતાના સ્વભાવના બળે ચઢ્યો, ત્યાં અજ્ઞાનનો રાગ-દ્વેષ, ઉધઈ જેમ તડકામાં ધાણીની જેમ સડસડીને સળગી જાય, તેમ સળગી જાય છે, બળી જાય છે (ટળી જાય છે). ૪૬૫.

*

આચાર્ય કહે છે કે હવે રાગની એકતાબુદ્ધિ છોડી દે, હવે બસ કર. તને સંસારમાં રખડતા અનંતકાળ થયો. તેં સ્વર્ગમાં, નરકમાં, ચારે કોર આકુળતા.. આકુળતા જ ભોગવી, ક્યાંય સુખ તો મળ્યું નહિ. જ્યાં શાંતિ છે ત્યાં કોઈ દિ' નજર કરી નહિ. બસ કર હવે. જેમ દીકરો સટ્ટો કરતો હોય, લંપટી થઈ ગયો હોય તેને બાપ કહે, હવે બસ કર. તેમ આચાર્ય કરુણાથી કહે છે, હવે બસ કર! ૪૬૬.

*

ભગવાન આત્મા આનંદની મૂર્તિ પ્રભુ! એનો આશ્રય કરીને એકવાર પુણ્ય-પાપના ભાવનો પણ પાડોશી થઈ જા. રાગ અને હું ભિન્ન છું, શરીર અને હું ભિન્ન છું એવું અનંતકાળમાં તેં કદી કર્યું નથી. પ્રભુ! એક ક્ષણ તારી પ્રભુતાની તો તું સંભાળ કર. બહારની સંભાળ કરવામાં તો તારી જિંદગી ગઈ, અનંતકાળ ગયો. ૪૬૭.

*

મોટો દરિયો હોય પણ આંખ આડી ચાદર હોય તો દરિયો દેખાતો નથી, તેમ ચૈતન્ય દરિયો અંદર આનંદકંદથી ભરેલો છે, પણ પુણ્ય-પાપનો રાગ અને શરીર મારું એવી આડમાં-મિથ્યા ભ્રમમાં ભગવાન ભાસતો નથી. મિથ્યાત્વનો નાશ કરવો એ મુખ્ય વાત છે. આ ન કર્યું તો એણે કાંઈ કર્યું નહિ. ૪૬૮.

*

ત્રણલોકનો નાથ મહાવિદેહમાં બિરાજે છે જ્યાં એમની દિવ્યધ્વનિ ખરે છે. આહાહા..! એકાવતારી ઇન્દ્રો, બત્રીસ લાખ વિમાનનો લાડો, કૂતરીના બચ્ચાની જેમ બેસીને આ વાત સાંભળે છે. સિંહ, વાઘ અને રીંછ ભગવાન પાસે અત્યારે મહાવિદેહમાં બેઠા છે અને વાણી સાંભળે છે. એ સીમંધર પરમાત્માની આ વાણી છે. 'કુંદકુંદ આચાર્ય' ત્યાં ગયા હતા, સાક્ષાત્ ભગવાનની વાણી સાંભળી ત્યારે અમે પણ સાથે ત્યાં હતા. ૪૬૯.

*

તપેલામાં લાપસી રંધાતી હોય, પણ ધૂમાડો હોય તો લાપસી દેખાય નહિ; એમ શરીર તપેલું છે, પુણ્ય-પાપ ધૂમાડો છે, અજ્ઞાની શરીર અને પુણ્ય-પાપને દેખે છે, પણ ભગવાન આત્મા અંદર દેખનારો છે તેને દેખતો નથી. એથી ભવભ્રમણ કરી રહ્યો છે. આહાહા..! ૪૭૦.

*

આ જડ ઇન્દ્રિય, ખંડ ખંડ ભાવેન્દ્રિય અને એના વિષયો એ બધા જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે. એ બંનેનો એકપણાનો સંબંધ માન્યો છે એ અનાદિનો મિથ્યાત્વ અજ્ઞાન દોષ છે. એ બેનું જ્ઞેય અને જ્ઞાયકનું ભિન્નપણું કરવું એનું નામ આત્માની સ્તુતિ અથવા સાચા તીર્થંકરની સ્તુતિ કહેવામાં આવે છે. ૪૭૧.

*

અરેરે..! જે કરવાનું છે તે કરે નહિ. ભાઈ! આવો દુર્લભ મનુષ્યભવ તને અનંતે કાળે મળ્યો છે. બાપુ..! આયુષ્ય કયારે પૂરું થઈ જશે તને ખબર નથી.

વંટોળીયામાં ચડેલું તણખલું ક્યાં જઈને પડે તે ખબર પડતી નથી, તેમ મિથ્યાત્વના વાયરે ચડેલો એ ક્યાં જઈને પડશે તેની ખબર નથી. આહાહા...! ભાઈ! આવા ટાણા મળવા મુશ્કેલ છે. ૪૭૨.

*

આહાહા..! આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર છે. એને અનુભવમાં પીતાં.. પીતાં.. પાર ન આવે એવો અતીન્દ્રિય આનંદ છે. પણ કેમ બેસે? એ વલખા નાંખે છે બહારમાં પૈસામાં આનંદ, બાયડીમાં આનંદ, આબરૂમાં આનંદ પણ ત્યાં ધૂળમાંય સુખ-આનંદ નથી. ભગવાન! તું ભૂલો પડ્યો છો. જ્યાં આનંદ છે તેની તને ખબર નથી. સમજાણું કાંઈ? ૪૭૩.

*

આ મનુષ્યભવનો સંયોગ કેટલો? અનંતકાળને હિસાબે ૨૫-૫૦ વર્ષની ગણતરી એક સેકન્ડ જેટલી પણ નથી. અનંતકાળમાં અનાદિઅનંત આત્માની સ્થિતિ, એમાં અહીં તો એક સમય જેટલી સ્થિતિ, બીજે સમયે શું થશે એની કાંઈ એને ખબરું ને ખાત્રી ન મળે. આહાહા..! શેનો તને સંતોષ થાય છે? ૪૭૪.

*

આ આત્મા અસંગ, અખંડ, એકરૂપ આત્મસ્વભાવ ચૈતન્ય એકલો પરિપૂર્ણ સ્વભાવ, પરથી અધિક ભિન્ન પૂર્ણ સ્વભાવ, એવા સ્વભાવનો આશ્રય અને લક્ષ કરીને જે જ્ઞાયક સ્વભાવમાં એકાગ્ર થવું તે જ ખરેખર પરમેશ્વરની સ્તુતિ, પરમેશ્વર પોતે અને એની સ્તુતિ કહેવામાં આવે છે. ૪૭૫.

*

બાવળના ઝાડ નીચે બેઠેલાં મુનિ જેને શરીર ઉપર કપડું નથી, ઊની-ઊની હવા લાગે છે, પણ અંદરમાં આનંદની ઝણઝણાટી વાગી રહી છે એ સુખી છે. બીજાને એમ લાગે કે આ બાવો છે, પણ ઈ બાવો નથી, બાદશાહ છે. ચક્રવર્તી હોય તોપણ ઈ દુઃખીયો છે, બાદશાહ નથી. ૪૭૬.

ત્રણલોકના નાથ તીર્થંકર ફરમાવે છે કે 'મારું શરણ તને કામનું નથી. તું વીતરાગમૂર્તિ આત્મા છો ભાઈ! તારા શરણને માટે તું બસ છો!' પામર થઈને બેઠો ને ઝાંવા નાખે છે બહારમાં. કો'ક આપી દેશે, મોક્ષ કો'કની કૃપા થયે મળી જશે. લ્યો, ધૂળેય મળે નહિ, સાંભળને! તારા પુરુષાર્થના કાર્ય બીજા કરી દે, એ કેમ બને? ૪૭૭.

*

ભાઈ! તારી અનાદિની આદિ ક્યાં છે? એટલો બધો કાળ ક્યાં ગાળ્યો? પ્રભુ! તેં પરની એકત્વબુદ્ધિમાં કાળ ગાળ્યો, એમાં ક્યાંય શરણ હતું નહિ. અરે! શરણના કાળ અત્યારે આવ્યા એ ટાણે આ શરણ ન કરે તો શરણ કરશે કે દિ'? આ મનુષ્યનો ભવ માંડ દુઃખથી બહાર આવીને મળ્યો. આહાહા..! એમાં જો આ વાત એના લક્ષમાં, દૃષ્ટિમાં અને અનુભવમાં ન લે તો ક્યાંય શરણ નથી. ભાઈ! ચોર્યાસીના અવતારની પાટું પડી છે. ૪૭૮.

*

ભગવાન આત્મા! પોતાનું આનંદધામ નિજ જ્ઞાનધામ ધ્રુવસ્વભાવ, એને ભૂલીને એકલા પુણ્ય-પાપના વિકલ્પનો વિકારનો વિભાવનો ભાવ, એમાં અનાદિનો સૂતો છો. એ પદ તારું નથી, એ સ્થાન તારું નથી, એ ધામ તારું નથી, એ ગામ તારું નથી, એ ભાવ તારો નથી. સમજાણું કાંઈ? હવે ત્યાંથી પડખું ફેરવ. આહાહા..! ૪૭૯.

*

જેમ હંસલાને અનાજના દાણાના ચારા હોય નહિ, એ તો મોતી ચરે, તેમ ભગવાન અમૃતસ્વરૂપ આત્મા એનાથી વિરુદ્ધ ભાવ રાગ એ તો ઝેર છે. ઝેરનો સ્વાદ લેવો એ તારે હોય નહિ. બાપુ! તું કોણ છો? ભાઈ! તારે તો જ્ઞાન ને આનંદનો સ્વાદ હોય. આહાહા..! ૪૮૦.

*

વડોદરામાં મહેંદીની ભૂલભૂલામણી છે, એમ આ મિથ્યાત્વની ભૂલ-ભૂલામણી છે, એમાંથી બહાર કેમ નીકળવું એની સૂઝ કાંઈ એને પડતી નથી. કો'ક પુણ્યમાં ધર્મ મનાવે, દયા-દાનના પરિણામમાં ધર્મ મનાવે, વ્રત- અપવાસ કરવામાં ધર્મ મનાવે. આહાહા..! મિથ્યાત્વમાં આખો ઘૂસી ગયો. અહીં કહે છે કે એમાંથી છૂટવું હોય તો એ રૂપ તારું નહિ, વિકલ્પ કે રાગ તારું સ્વરૂપ નથી, એમ જુદો પડતાં બહાર નીકળી શકીશ. ૪૮૧.

*

કૃષ્ણ કે જેણે આમ ટચલી આંગળીએ ગોવર્ધન તોળ્યા, એ ભાઈને કહે છે કે હું હવે ડગલું ભરી શકું એમ નથી. જેની દેવો સેવા કરતાં હતા, ખમ્મા ખમ્મા કરતાં હતા, તે પાણી માટે પોકાર કરે છે, પણ પાણીનું બિંદુ ન મળે. ભાઈ! સંયોગી ચીજને ક્યાં મેળવી શકાય છે? પ્રતિકૂળ સંયોગને ક્યાં હઠાવી શકાય છે? તું હઠી જા ને ત્યાંથી, રાગથી. આમ ઠરી જા ને અંદર. એ તારા અધિકારની વાત છે. આહાહા..! ૪૮૨.

*

લૌકિક પ્રમાણિકતા તો પહેલી જોઈએ. આમ જે તે ગપ્પા મારે આડા-અવળા અને લૌકિક પ્રમાણિકતાના ઠેકાણા નહિ, એને ધર્મ સમજાય અને બેસે, એમ ત્રણકાળમાં બેસે નહિ. અન્યાય અને અનીતિથી જે એક પૈસો પણ કો'કનો પચાવે તેને અનુકૂળતા મળે તો આખી દુનિયાનું રાજ મળે તો લેવું છે એટલી મમતા છે. ૪૮૩.

*

હજી તને દુનિયાની અનુકૂળતામાંથી ખસવું ગોઠતું નથી, એટલે તને અંદર આત્માની અધિકતા ભાસી જ નથી. તને આ બહારની અધિકતા જ ભાસે છે. બધો બહારનો મોભો રાખીને અંદરમાં જઈ શકે એવી વસ્તુ નથી. આહાહા..! એ બહારનું પણ રહે અને આત્માનું ભાન થાય એમ બે નહિ બને. આહાહા..! ૪૮૪.

મુમુક્ષુ જેટલો સ્વભાવ સન્મુખ થવાનો પુરુષાર્થ ઉપાડે એટલો પુરુષાર્થ કાર્ય કરે. પુરુષાર્થ થોડો ઉપાડે ને કાર્ય વધારે માંગે તો એમ ન મળે. અંદર રાગનો જે પુરુષાર્થ રુચે છે, વેદાય છે અને આ આનંદનું વેદન છે નહિ એટલે એ મૂંઝાય નહિ. એમાં મારા પુરુષાર્થની જ ખામી છે એમ સમજે છે. એને સમજવા માટેનો જેટલો પુરુષાર્થ જોઈએ એટલું કારણ જો આપ્યું હોય તો કાર્ય થયા વિના રહે નહિ. ૪૮૫.

*

અનંત અનંત ચોર્યાસીના અવતારની પાટ પડી છે એમાંથી નીકળવાનો આ એક રસ્તો છે. જેમ શીશમના લાકડામાં વચલો સાર બહુ કઠણ હોય છે, એમ આ ભગવાન આત્મા રાગાદિના વચમાં રાગાદિથી ભિન્ન સર્વસ્વસાર ચૈતન્ય પિંડ છે. આહાહા..! અરે! આઠ વર્ષના બાળક પણ આ અનુભવે અને કેવળ પામે. એ કાંઈ ચીજ બીજાની નથી કે ન પામે. છે મોજુદ વસ્તુ તેને મેળવવી છે. આહાહા..! ૪૮૬.

*

બધા ફૂ થઈને ચાલ્યા જાય છે. સૌને રસ્તે આવ્યા હતા અને સૌને રસ્તે ચાલ્યા જાય. કોઈ સામું પણ જોતા નથી. અમે ૮૦ વર્ષના થયા અને તું ૩૦ વર્ષનો ચાલ્યો જાય છે કોઈ એમ કહે છે ? મુદત પૂરી થાય એટલે ચાલ્યા ચોર્યાસીની પાટમાં ક્યાંય.. ક્યાંય.. અસંખ્ય ક્ષેત્રમાં. એમાંથી છૂટવાનો એક જ રસ્તો પોતાના ભગવાન આત્માના સ્વરૂપનો સ્વીકાર. ૪૮૭.

*

અરે..! કાંઈ વાંચન નહિ, શ્રવણ નહિ, મનન નહિ અને એમ ને એમ ધંધામાં ને બાયડી, છોકરા, કુટુંબમાં મશગુલ, મશગુલ, મસ્ત, પાગલ જેવા દેખાય. અરેરે..! પ્રભુ તું ક્યાં છો ? ક્યાં જા છો તું ? તને ખબર નથી. એ વેશ્યાને ઘરે જા તો વ્યભિચારી થાય છે, એમ રાગ ને પરને પોતાના માને છો તો તું વ્યભિચારી થાય છે, પ્રભુ ! ૪૮૮.

આહાહા..! એક તો સંસારના કામ આડે નવરો થતો નથી. પછી ધર્મના નામે પ્રવૃત્તિ પૂજા, ભક્તિ ને વાંચન ને શ્રવણ, કહેવું ને કરવું એમાંથી નવરો થતો નથી.. આહાહા..! ત્યાં મરણ આવી પહોંચે છે. આ ભગવાન આત્મા શરીર વિનાનો, રાગ વિનાનો ને એક સમયની પર્યાય વિનાનો છે, એની પ્રતીતિ, જ્ઞાન કરીને રુચિ કરવી જોઈએ તે કરતો નથી. ૪૮૯.

*

જીવ ચાહે તો અશુભ હો કે શુભ, એ પ્રવૃત્તિના રસમાં લીન રહી, પ્રવૃત્તિ એટલે પુણ્ય ને પાપના ભાવ એમાં મીઠાશ વેદતો જે કાંઈ કરવા જેવું મુખ્ય છે એ કરતો નથી અને બહારના અનેક પ્રસંગો ઊભા કરીને ત્યાં રોકાય જાય છે. જ્ઞાની ગુરુનો ઉપદેશ ત્રિકાળ જ્ઞાયક ભાવ એની રુચિ ને દૃષ્ટિ કરવી એ છે, તે રુચિ કરતો નથી. ૪૯૦.

*

જેણે રાગ પ્રત્યે મૈત્રી બાંધી, એણે સ્વભાવ પ્રત્યેની મૈત્રી છોડી દીધી. નાની ઉંમરના છોકરા ભાઈબંધ સાથે અણબનાવ થાય એટલે કટ્ટી કરે, એમ જેણે રાગ ને પર્યાય પ્રત્યે પ્રેમ કર્યો તેણે સ્વભાવ પ્રત્યે કટ્ટી કરી નાખી અને જેણે સ્વભાવ પ્રત્યે પ્રેમ કર્યો તેણે પર્યાય ને રાગ પ્રત્યે કટ્ટી કરી દીધી. ૪૯૧.

*

અહીં શિક્ષણશિબિર લગાવો એમ મેં તો ક્યારેય કહ્યું નથી. તીર્થસુરક્ષા ફંડ બનાવો એમ પણ કીધું નથી. એ કોઈ બહારની લપમાં અમે પડતા નથી. સ્વાધ્યાયમંદિર બનાવો એમ પણ અમે કયારેય કહ્યું નથી. રામજીભાઈને એમ કહ્યું હતું કે તમે બનાવો છો પણ અહીં અમારે રહેવું જ એવા પ્રતિબંધમાં અમે નથી. ૪૯૨.

(ધાર્મિક કાર્યોથી પણ અલિપ્ત અને અસંગી રહીને પોતાની આત્મસાધના કરતાં કરતાં આત્માર્થીને ઉદ્ધારનો માર્ગ બતાવનાર પૂજ્ય ગુરુદેવને કોટિ કોટિ વંદન.)

વસ્તુ સહજ છે, માટે ખોટી ઉતાવળ કરવા જાય તો સહજપણું રહે નહિ. મુમુક્ષુને તો એમ થાય કે મારા પ્રયત્નમાં ક્યાંક કચાશ છે. કોઈક ઠેકાણે ક્યાંક વીર્ય અટકી ગયું છે, માટે મારે અંતરમાં વળીને પુરુષાર્થ વિશેષ જાગૃત કરવો, પણ હઠ કરે નહિ કે મારે હમણાં જ જોઈએ. ૪૯૩.

*

અમૃતચંદ્ર આચાર્ય સ્વભાવ અને વિભાવની વહેંચણી કરીને કહે છે, અમે તને કહ્યું કે, તારામાં શરીર નથી, વિકાર નથી, કર્મ નથી અને તારામાં જે છે એ પરમાં નથી. આત્મા એને કહીએ કે જેમાં આનંદ ને શાંતિ અને જ્ઞાનનો પ્રકાશ ભરેલો હોય. રાગથી અને વિકલ્પથી ભિન્ન એકલો ભિન્ન બતાવ્યો તો ત્રણ- લોકમાં એવો કોણ જીવ છે કે આજ જ એ અનુભવશીલતાને ન પામે? આહાહા..! ૪૯૪.

*

પ્રભુ પોતે પૂર્ણાનંદ પ્રભુ સહજ સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ છે તેના તરફ ઉપયોગ પલટાવવા માગે છે, પણ તેની રુચિ વિના ઉપયોગ કેમ પલટે ? વસ્તુના સ્વભાવની રુચિ સિવાય ક્યાંય પણ જ્ઞાનના ઉઘાડમાં, માનમાં, બીજા અધિક માને એની મહાનતામાં તું રોકાઈ ગયો છો, તો તારી રુચિ પલટી નથી અને રુચિના પલટ્યા વિના જ્ઞાનનો ઉપયોગ પલટી શકશે નહિ. ૪૯૫.

જેમ માટલામાં પાણી નાખતા પહેલાં તો માટલું પાણી ચૂસી જાય છે, પણ વધારે પાણી નાખતા પાણી બહાર દેખાય છે, તેમ પહેલા અંદર દ્રઢ સંસ્કાર એવા નાખવા કે 'રાગ અને વિકલ્પથી હું ભિન્ન છું, ભિન્ન છું, હું તો પૂર્ણ જ્ઞાયક સ્વભાવ છું' એવા સંસ્કાર નાખતા વિશેષ દ્રઢતાં જ્યારે થાય ત્યારે અનુભવ થઈ જાય છે. ૪૯૬.

*

આ વાત સમજાય એવી છે, પ્રભુ ! તારા ઘરની વાત નાથ તને ન સમજાય તે કેમ બને? પ્રભુ ! તારી પ્રભુતાનો પાર નથી, પણ તને ખબર નથી.. તારી પ્રભુતા એવી છે કે સંસ્કાર અંદરમાં નાખવાથી અનુભવમાં આવશે ને આવશે જ. આહાહા..! પામરતા તૂટી જશે. એકરૂપ સ્વભાવ.. એકરૂપ

સ્વભાવ.. એકરૂપ સ્વભાવ એવો અનુભવ કરવાથી સમ્યક્ સ્વભાવ જાણવામાં આવે છે. ૪૯૭.

*

આત્મા પામવા માટે આખો દિવસ શાસ્ત્રનો અભ્યાસ કરવો, વિચાર-મનન કરીને તત્ત્વનો નિર્ણય કરવો અને શરીરાદિથી ને રાગથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો. રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં કરતાં આત્માનો અનુભવ થાય છે. ૪૯૮.

*

અહો! શિવભૂતિ મુનિરાજને ગુરુએ કહેલું , 'મા રુષ, મા તુષ' એટલે કે પ્રતિકૂળતામાં દ્વેષ ન કર, અનુકૂળતામાં રાગ ન કર. એટલા શબ્દો પણ યાદ રહેતા નહોતા, છતાં સમ્યક્ જ્ઞાન હતું. એક બાઈ અડદ ને ફોતરાં એટલે કે માષ-તુષ ભિન્ન કરતી હતી એટલું સાંભળીને એકદમ રાગથી ખસીને અંદર ઉતરી ગયા અને નિર્વાણને પામ્યા. ૪૯૯

*

ઋષભદેવ ભગવાનને પૂર્વના જુગલિયાના ભવમાં ચારણઋદ્ધિધારી મુનિ ઉપદેશ આપે છે કે, ‘તારે સમ્યગ્દર્શન ગ્રહણ કરવાનો આ કાળ છે.’ એમ અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે ભાઈ! આવી વાત તને કાને પડે છે ને, કાને પડવાના કાળે તને આ સમ્યગ્દર્શન પામવાનો કાળ છે હોં! ૫૦૦.

*

ભગવાન આત્મા ચિદાનંદમૂર્તિ જેનું સ્વસ્વામીપણું થવું જોઈએ, એને છોડીને પુણ્ય-પાપ, રાગ અને પરવસ્તુનું સ્વામીપણું માને છે, તે મહા મિથ્યાત્વનો મોહ અને પાગલપણું છે. એને છોડવાનો કાળ ક્યો? તો કહે છે અત્યારે છોડ, તત્કાળ છોડ. આ મુહૂર્ત છે તારું. આજે જ અનુભવ કર. આહાહા..! ૫૦૧.


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.